ગુજરાતી-અંગ્રેજી વર્ષ-૩ (કુલ વર્ષ ૬૩)
અંક-૯, ડિસેમ્બર, ૨૦૧૫ • પાના ૪૪ • કીમત રૂા. ૨૦
RNI NO. MAHBIL/2013/50453

# પ્રબુદ્ધ જીવન

YEAR : 3, ISSUE : 9, DECEMBER, 2015, PAGES 44. PRICE 20



# જિન-વચન

## રાગ દૂર કરવો

समाए पेहाए परिव्वयंतो
सिया मणो निस्सरई बहिद्धा ।
न सा महं नो वि अहं पि तीसे
इच्चेव ताओ विणएज्ज रागं ।। (द.२-४)

સમદૃષ્ટિપૂર્વક વિચરતાં વિચરતાં મન કદાચ જો સંયમમાંથી બહાર નીકળી જાય તો, 'આ ભોગપદાર્થ મારા નથી અને હું તેમનો નથી' – એવો વિચાર કરીને એના પ્રત્યેનો રાગ દૂર કરવો.

While practising equanimity, if the mind loses confidence in self-control, imagine that – `the objects of material pleasures are not mine and I do not belong to them', and thus you will get detached from them.

ડૉ. રમણલાલ ચી. શાહ ગ્રંથિત 'जिन वचन' માંથી

## 'પ્રબુદ્ધ જીવન'ની ગંગોત્રી

૧. શ્રી મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા
૧૯૨૯ થી ૧૯૩૨
૨. પ્રબુદ્ધ જૈન
૧૯૩૨ થી ૧૯૩૩
બ્રિટિશ સરકાર સામે ન ઝૂક્યું
એટલે નવા નામે
૩. તરુણ જૈન
૧૯૩૪ થી ૧૯૩૭
૪. પુનઃ પ્રબુદ્ધ જૈનના નામથી પ્રકાશન
૧૯૩૯–૧૯૫૩
૫. પ્રબુદ્ધ જૈન નવા શીર્ષકે બન્યું 'પ્રબુદ્ધ જીવન'
૧૯૫૩ થી

- શ્રી મુંબઈ જૈન યુવક સંઘના મુખપત્રની ૧૯૨૯ થી, એટલે ૮૫ વર્ષથી અવિરત સફર, પહેલા સાપ્તાહિક, પછી અર્ધમાસિક અને ત્યારબાદ માસિક
- ૨૦૧૫ માં 'પ્રબુદ્ધ જીવન'નો ૬૩મા વર્ષમાં પ્રવેશ
- ૨૦૧૩ એપ્રિલથી સરકારી મંજૂરી સાથે 'પ્રબુદ્ધ જીવન' અંક સંયુક્ત ગુજરાતી-અંગ્રેજીમાં, એટલે ૨૦૧૩ એપ્રિલથી ગુજરાતી-અંગ્રેજી 'પ્રબુદ્ધ જીવન' વર્ષ-૩.
- કુલ ૬૩મું વર્ષ.
- ૨૦૦૮ ઑગસ્ટથી 'પ્રબુદ્ધ જીવન' અને પર્યુષણ વ્યાખ્યાનમાળા સંસ્થાની વેબ સાઈટ ઉપરથી જોઈ-સાંભળી શકશો.

પ્રબુદ્ધ વાચકોને પ્રણામ

## પૂર્વ તંત્રી મહાશયો

જમનાદાસ અમરચંદ ગાંધી
ચંદ્રકાંત સુતરિયા
રતિલાલ સી. કોઠારી
મણિલાલ મોકમચંદ શાહ
જટુભાઈ મહેતા
પરમાણંદ કુંવરજી કાપડિયા
ચીમનલાલ ચકુભાઈ શાહ
ડૉ. રમણલાલ ચી. શાહ

# આચમન

## પ્રેરક પ્રસંગ

ઈટાલીના મિલાનો શહેરમાં વિશ્વવિખ્યાત દેવાલય બાંધતી વખતે કેટલીક મૂર્તિઓ એવી ઊંચી ને ભીડાતી જગ્યાએ મૂકવાની હતી. કોઈની નજર ત્યાં સુધી ન પહોંચી શકે. તો પણ શિલ્પકાર પોતાના કામમાં લીન થઈને એક-એક રેખાઓમાં ને મરોડમાં પોતાની કલા ઠાલવીને પોતાની મૂર્તિઓ કોતરતો હતો.

મિત્રોએ જોઈને ટીકા કરી 'આ મૂર્તિ પર કોઈની નજર સરખીયે પડવાની નથી તો પછી એની પાછળ આટલી બધી મહેનત કેમ ઉઠાવો છો ? ઝટ પતાવી દો તો ય ચાલશે.'

શિલ્પીએ મૂર્તિમાંથી આંખ ઊંચી કર્યા વગર જવાબ આપ્યો, 'મારી કૃતિ છે એટલે શ્રેષ્ઠ જોઈએ. પછી ભલે કોઈ એ જુએ કે ન જુએ. હું તો જોઉં છું અને બીજું કોઈ નહીં તો ભગવાન તો એ જોશે જ ને !

□ ફાધર વાલેસ

## સર્જન-સૂચિ


| ક્રમ | કૃતિ | કર્તા | પૃષ્ઠ |
|---|---|---|---|
| ૧. | બે સૂર્ય – શ્રીમદ્ રાજચંદ્ર – મહાત્મા ગાંધી | ડૉ. ધનવંત શાહ | ૩ |
| ૨. | મારે 'જૈન' બનવું છે, બોલો, મારે શું કરવું ? | ડૉ. ગુણવંત શાહ | ૬ |
| ૩. | ભારતીય અને પાશ્ચાત દર્શનોમાં આત્મા–પરમાત્માનો ખ્યાલ | ડૉ. નરેશ વેદ | ૮ |
| ૪. | તથાગતનું દર્શન | ભાણદેવજી | ૧૩ |
| ૫. | 'બિલવેડ બાપુ' | સોનલ પરીખ | ૧૮ |
| ૬. | કાલ–આજ–કાલ | ડૉ. સેજલ શાહ | ૨૧ |
| ૭. | જૈન દર્શન અને વિજ્ઞાન પર એક બૃહદ્ આંતરરાષ્ટ્રીય પરિસંવાદ | મુનિ અભિજિતકુમાર | ૨૪ |
| ૮. | ૮૧મી પર્યુષણ વ્યાખ્યાનમાળાનું આયોજન | — | ૨૬ |
| ૯. | અવસર : 'અક્ષરદીપને અજવાળે ચાલ્યો એકલવીર' શ્રી જયભિખ્ખુના જીવનસંઘર્ષને આલેખતી નાટ્યપ્રસ્તુતિ | કીર્તિદા દલાલ | ૨૮ |
| ૧૦. | વિદેશોમાં જૈનો અને જૈનધર્મ | હિંમતલાલ ગાંધી | ૨૯ |
| ૧૧. | ભાવ-પ્રતિભાવ | — | ૩૧ |
| ૧૨ | શ્રી મું. જૈ. યુ. સંઘની કાર્યવાહક સમિતી, કો-ઓપ્ટ સભ્યો, નિમંત્રિત સભ્યો, અન્ય પ્રવૃત્તિઓ અને સબ કમિટીઓ | — | ૩૪-૩૫ |
| ૧૩. | સર્જન-સ્વાગત | ડૉ. કલા શાહ | ૩૬ |
| ૧૪. | શ્રી મું. જૈ. યુ. સંઘને પ્રાપ્ત થયેલ અનુદાન | — | ૩૮ |
| 15. | The Seeker's Diary : Double Trouble | Rashma Jain | 39 |
| 16. | Enlighten yourself by Self Study of Jainology Leson 9 Theory of Knowlledge | Dr. Kamini Gogri | 40 |
| 17. | The Seventh Chakravarty Aranath | Dr. Renuka Porwal | 42 |
| 18. | The Seventh Chakravarty Aranath Pictorial Story (Colour Feature) | Dr. Renuka Porwal | 43 |
| ૧૯. | પંથે પંથે પાથેય : ધર્મનો પ્રયોગ | રશ્મિન ચંદુલાલ સંઘવી | ૪૪ |


આ અંકનું મુખપૃષ્ઠ



સમ્રાટ સંપ્રતિ સંગ્રહાલયમાં સંગ્રહિત ધાતુ પ્રતિમા પંચમુખી સરસ્વતી દેવી

**સૌજન્ય :** આચાર્ય કૈલાસસાગર સૂરિ જ્ઞાનમંદિર, કોબા પ્રકાશિત 'શ્રુતસાગર'

Regd. With Registrar of Newspaper for India No. MAHBIL/2013/50453

● 'પ્રબુદ્ધ જીવન' ગુજરાતી-અંગ્રેજી વર્ષ : ૩ (કુલ વર્ષ ૬૩) ● અંક : ૯ ● ડિસેમ્બર ૨૦૧૫ ● વિક્રમ સંવત ૨૦૭૨ ● વીર સંવત ૨૫૪૨ ● માગશિર્ષ સુદ તિથિ ૫ ●

● ● ● શ્રી મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા ● ● ●

(પ્રારંભ સન ૧૯૨૯થી)

# પ્રબુદ્ધ જીવન

● ● વાર્ષિક લવાજમ રૂા.૨૦૦/- ● ●   ● ● છૂટક નકલ રૂા. ૨૦/- ● ●

માનદ તંત્રી : ડૉ. ધનવંત શાહ

## બે સૂર્ય

## શ્રીમદ્ રાજચંદ્ર
## મહાત્મા ગાંધી

આ કાર્તિકી પૂર્ણિમા, વિક્રમ સંવત ૨૦૭૨ના પરમ કૃપાળુ દેવ શ્રીમદ્ રાજચંદ્રની ૧૪૮મી જન્મતિથિ.(જન્મ વિ. સં. ૧૯૨૪)

આ નિમિત્તે પૂજ્યશ્રી વિશે વિશેષ સ્વાધ્યાય કરવાની ભાવના થઈ. વાંચ્યું, સાંભળ્યું. યુ ટ્યુબ ઉપર શ્રીમદ્ રાજચંદ્ર શ્રેણીમાં એક નાટક 'અત્ર અને તત્ર તું સર્વત્ર' જોયું. નાટક પૂર્વે કે પછી એના દિગ્દર્શકે ઉચ્ચારણ કર્યું કે ''આ નાટક તૈયાર કરવાનો આશય શ્રીમદ્ના જીવન પ્રસંગોને ઉજાગર કરવાનો છે. શ્રીમદ્ ગાંધીજીના આધ્યાત્મિક ગુરુ તરીકે પણ ઓળખાય છે.'' વિશેષમાં આ નાટકની ઉદ્ઘોષિકા જીજ્ઞેષ પટેલે (TV9) પણ એવું કહ્યું કે, 'શ્રીમદ્ રાજચંદ્રને ગાંધીજી પણ ગુરુ માનતા હતા.'

આ પ્રકારનું કથન મેં કેટલાંક પુસ્તકોમાં વાંચ્યું છે અને કેટલાંક શ્રીમદ્ના ભક્તોની મુખેથી પણ સાંભળ્યું છે, એટલે આ કથનનો પ્રચાર બહોળો છે.

શ્રીમદ્ની મહત્તા અને મહાનતા દર્શાવવા આ કથનનો ઉપયોગ થાય છે. જે સત્ય નથી એનો આસરો લેવાય છે.

**આ અંકના સૌજન્યદાતા**

**સરલા ચંદ્રકુમાર ઝવેરી**

કેવળજ્ઞાન કક્ષાના મહા આત્મા શ્રીમદ્ની મહત્તા દર્શાવવા શું આવા અવલંબનની જરૂર ખરી?

પૂ. શ્રીમદ્ એક સૂર્ય છે.

પૂ. ગાંધીજી એક સૂર્ય છે.

બન્નેને નિજનિજનું અલૌકિક તેજ છે.

શ્રીમદ્નો જન્મ સન ૧૮૬૭માં (વિ. સં. ૧૯૨૪) અને ગાંધીજીનો જન્મ સન ૧૮૬૯માં એટલે શ્રીમદ્ ગાંધીજીથી પોણા બે વર્ષ મોટા. બન્ને સૌરાષ્ટ્રના ફરજંદ.

● શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, ૩૩ મહમદી મિનાર, ૧૪મી ખેતવાડી, એ.બી.સી. ટ્રાન્સપૉર્ટની બાજુમાં, મુંબઈ-૪૦૦ ૦૦૪. ટેલિફોન : ૨૩૮૨૦૨૯૬

● ઑફિસ સ્થળ સૌજન્ય : શ્રી મનીષભાઈ દોષી. ● શ્રી મુંબઈ જૈન યુવક સંઘનો બૅન્ક A/c. No. બૅન્ક ઑફ ઈન્ડિયા CD A/c. No. 0039201 000 20260

● Website : www.mumbai-jainyuvaksangh.com ● email : shrimjys@gmail.com Web Editor: Hitesh Mayani-9820347990

ISSN 2454–7697

**'મેં ઘણાના જીવનમાંથી ઘણું લીધું છે. પણ સૌથી વધારે કોઇના જીવનમાંથી મેં ગ્રહણ કર્યું હોય તો તે કવિ શ્રીના જીવનમાંથી છે.'**

બન્નેમાં જાણે ૧૮મી સદીનું સમગ્ર તેજ પ્રવેશ્યું. બન્ને મહાનતાના ઊંચા શિખરે બિરાજમાન. બન્નેના જીવનમાં સાગરનું અમાપ ઊંડાણ અને આકાશનો અનંત વ્યાપ. બન્ને કરુણાસાગર. બન્ને ગૃહસ્થાશ્રમી પણ જીવન વૈરાગી ઋષિતુલ્ય.

ગાંધીજી જેવું દીર્ઘ આયુષ્ય જો શ્રીમદ્‌ને પ્રાપ્ત થયું હોત તો ભારતનો આધ્યાત્મિક ઇતિહાસ કંઈ જુદી રીતે લખાયો હોત.

ગાંધીજી ઈંગ્લેન્ડથી બેરિસ્ટર થઈને ભારતમાં આવ્યા ૧૮૯૧માં (વિ.સં. ૧૯૪૭), ત્યારે વિ. સં. ૧૯૪૭ના જેઠ માસમાં ૨૨ વર્ષના આ ગાંધીજીનો મેળાપ ૨૪ વર્ષના ઝવેરાતનો વેપાર કરતા શ્રીમદ્ સાથે શ્રીમદ્‌ના કાકાજી સસરા પ્રાણજીવનભાઈએ કરાવ્યો. આ મુલાકાતે એક ઇતિહાસ સર્જ્યો.

**ગાંધીજીએ પોતાની આત્મકથામાં ક્યાંય શ્રીમદ્‌નો પોતાના ગુરુ તરીકે ઉલ્લેખ કર્યો નથી.**

આ સાલ વિક્રમ સંવત ૧૯૪૭. આ સાલમાં સમ્યક્ દર્શનની પ્રાપ્તિના આનંદમાં પૂજ્ય શ્રીમદ્જી 'ધન્ય રે દિવસ...'પદમાં લખે છે:

*''ઓગણીસસેં ને સુડતાલીસે,*
*સમકિત શુદ્ધ પ્રકાશ્યું રે;*
*શ્રુત અનુભવ વધતી દશા,*
*નિજ સ્વરૂપ અવભાસ્યું રે.*
*ધન્ય રે દિવસ આ અહો.''*

આ જ સાલ વિક્રમ સંવત ૧૯૪૭ના કારતક સુદ ૧૪ના શ્રી સોભાગચંદભાઈને શ્રીમદ્ લખે છે:

'આત્મજ્ઞાન પામ્યો હતો એ તો નિ:શંસય છે. ગ્રંથિ ભેદ થયો એ ત્રણે કાળમાં સત્ય વાત છે.'

ગાંધીજી અને શ્રીમદ્‌ની મુલાકાતો વધતી ગઈ. ગાંધીજી આફ્રિકા ગયા, ત્યાંથી શ્રીમદ્ સાથે પત્રવ્યવહાર કરી માર્ગદર્શન મેળવતા રહ્યા.

પૂ. ગાંધીજીની આત્મકથામાંથી કેટલાંક અંશો અહીં જોઈએ. જે શ્રીમદ્ અને ગાંધીજીના સંબંધે અને ગાંધીજી ઉપર શ્રીમદ્‌નો કેવો પ્રભાવ હતો તે ઉજાગર કરે છે.

'શ્રીમદ્ ભોજનમાં જે મળે તેથી સંતુષ્ટ રહેતા. પહેરવેશ સાદો પહેરતા. આખું અંગરખું, ખેસ, ગરમ સૂતરો, ફેંટો અને ધોતી. તેમની ચાલ ધીમી હતી અને જોનાર પણ સમજી શકે કે ચાલતાં પણ આત્મવિચારમાં મગ્ન છે. આંખમાં ચમત્કાર હતો. અત્યંત તેજસ્વિતા-વિહ્વળતા જરાયે ન હતી...મારા જીવન પર શ્રી રાજચંદ્રભાઈનો એવો સ્થાયી પ્રભાવ પડ્યો કે, હું એનું વર્ણન કરી શકતો નથી. હું કેટલાય વર્ષોથી ભારતમાં ધાર્મિક પુરુષની શોધમાં છું, પરંતુ એમના જેવા ધાર્મિક પુરુષ હિંદમાં હજુ સુધી મેં જોયા નથી. યુરોપના તત્ત્વજ્ઞાનીઓમાં હું ટૉલ્સટોયને પ્રથમ શ્રેણીના અને રસ્કિનને બીજી શ્રેણીના વિદ્વાન સમજું છું, પરંતુ રાજચંદ્રભાઈનો અનુભવ એ બંનેથી ચઢેલો હતો.'

ગાંધીજી બેરિસ્ટર હતા એટલે બુદ્ધિશાળી હતા, અને વિવિધ ધર્મના એમના અભ્યાસથી એઓ તીવ્ર મથામણ અનુભવતા હતા, તે ત્યાં સુધી કે ધર્મ પરિવર્તનની ઈચ્છા એમનામાં જાગૃત થઈ હતી. આવા મંથનકાળમાં શ્રીમદે એમની સાથે આત્મા, ઈશ્વર, મોક્ષ, ધર્મ, પુનર્જન્મ વિશે પત્રચર્ચા કરી ગાંધીજીને ધર્મપરિવર્તન કરતા અટકાવ્યા હતા.

ગાંધીજીએ પોતાની આત્મકથા 'સત્યના પ્રયોગો'માં શ્રીમદ્‌ના પોતાના જીવન ઉપરના પ્રભાવને સ્વીકાર્યો છે તે ત્યાં સુધી કે, ગાંધીજીએ લખ્યું છે:-

'મેં ઘણાના જીવનમાંથી ઘણું લીધું છે. પણ સૌથી વધારે કોઈના જીવનમાંથી મેં ગ્રહણ કર્યું હોય તો તે કવિશ્રીના જીવનમાંથી છે.'

આ પ્રભાવ વિશે વિશેષમાં ગાંધીજી લખે છે:

'...જે મનુષ્ય લાખોના સોદાની વાત કરી લઈને તુરત આત્મ-જ્ઞાનની ગુરુ વાતો લખવા બેસી જાય, તેની જાત વેપારીની નહિ પણ શુદ્ધ જ્ઞાનીની છે. તેમનો આવી જાતનો અનુભવ મને એક વેળા નહિ, પણ અનેક વેળા થયેલો.'

શ્રીમદ્જી વિશે પોતે કેટલા શ્રદ્ધાવાન હતા તે જણાવતા આ ગાંધીજી લખે છે:


## ઉત્તરાધ્યયન ગ્રંથ ઉપલબ્ધ

ઉપરોક્ત ગ્રંથ વિશે મે માસમાં આ સંસ્થાએ યોજેલ ગ્રંથ સ્વાધ્યાયની ત્રિદિવસીય શિબિરમાં આ ગ્રંથ મેળવવા માટે જે જિજ્ઞાસુ શ્રોતાઓએ પોતાના નામો લખાવેલ એ સર્વેને આ ગ્રંથ વિના મૂલ્યે મેળવવા સંસ્થાનો સંપર્ક કરવા વિનંતિ.

કોઈ પણ જિજ્ઞાસુ આત્મા આ ગ્રંથના ૨૮ સવાલોના ઉત્તર આપવાની પ્રતિજ્ઞાથી અમારી પાસેથી વિના મૂલ્યે આ ત્રણ ભાગમાં વિસ્તરિત દળદાર ગ્રંથો પ્રાપ્ત કરી શકે છે.

**સંપર્ક : 022-23820296 - હેમંત કાપડિયા**

**મોબાઈલ : 9029275322.**

'ઘણાં ધર્માચાર્યોને મળવાનો મેં પ્રયત્ન કર્યો છે, પણ જે છાપ મારા ઉપર રાયચંદભાઈએ પાડી તે બીજા કોઈ નથી પાડી શક્યા. તેમના ઘણાં વચનો મને સોંસરા ઊતરી જતા...તેમની બુદ્ધિને વિશે મને માન હતું. તેમની પ્રમાણિકતા વિશે પણ તેટલું જ હતું ને તેથી હું જાણતો હતો કે, તેઓ મને ઇરાદાપૂર્વક આડે રસ્તે નહિ દોરે ને પોતાના મનમાં હશે એવું જ કહેશે. આથી મારી આધ્યાત્મિક ભીડમાં હું તેમનો આશ્રય લેતો.'

**એ અસત્યની ગતિ હવે અટકવી જોઈએ.**

સ્પષ્ટ છે કે સત્યના આગ્રહી, સત્ય જ જેનો જીવન મંત્ર છે એવા ગાંધીજીએ પોતાની આત્મકથામાં ક્યાંય શ્રીમદ્‌નો પોતાના ગુરુ તરીકે ઉલ્લેખ કર્યો નથી. ગાંધીજીના અન્ય સ્થળે છપાયેલા લેખોમાં કે વાર્તાલાપમાં પણ આ ઉલ્લેખ નથી. શ્રીમદ્‌જી માત્ર એમના આધ્યાત્મિક માર્ગદર્શક હતા. આધ્યાત્મિક ગુરુ નહીં, માત્ર આધ્યાત્મિક પથદર્શક જ.

આ બેઉ વિભૂતિઓનું આ ધરતી પર અવતરણ એ જ માનવ જાત માટે અપૂર્વ અવસર અને સ્વના આત્માને પામવાની સિદ્ધિની વિરલ યાત્રા.

આ દ્વય ઋતંભરા પ્રજ્ઞાના સ્વામી હતા.

ગાંધીજીએ શ્રીમદ્‌ના ભાઈ મનસુખભાઈ પાસેથી આગમ અને ઉપનિષદ જેવું **આત્મસિદ્ધિ** મહાકાવ્ય મેળવ્યું હતું અને પ્રાર્થનામાં આ કાવ્ય તેમજ **અપૂર્વ અવસર**ના પદોનું ગાંધીજી ગાન કરતા હતા.

કહેવાય છે કે ગાંધીજી–શ્રીમદ્ વચ્ચે બહોળો પત્રવ્યવહાર થયો હતો. એની સંખ્યા લગભગ ૨૦૦ની છે પણ એ સચવાયા નથી. એમાંથી ત્રણ જ પત્રો સચવાયા છે. સચવાયેલા પત્રના ૨૭ સવાલ અને એના શ્રીમદે આપેલા જવાબની એક નાની પુસ્તિકા શ્રીમદ્‌ના અગાસ આશ્રમે પ્રગટ કરી છે.

ત્રણ પત્રો :

(૧) શનિવાર આસો વદ-૬ વિ. સં. ૧૯૫૦ (ઑક્ટોબર ૨૦, ૧૮૯૪)

(૨) વિ. સં. ૧૯૫૧ ફાગણ વદ-૫ (૧૮૯૫)

(૩) વિ. સં. ૧૯૫૨, આસો સુદ-૩

પુસ્તિકાના ૨૭ પ્રશ્નો અને ઉત્તરો અમૂલ્ય છે, તત્ત્વસભર છે. આ પ્રશ્નો અને એમાં આપેલા ઉત્તરો વિશે વિશેષ ભાષ્ય થવું જરૂરી છે. આ મંથનમાંથી અમૂલ્ય નવનીત સાંપડશે.

શ્રીમદ્‌ચિંતનના જે અભ્યાસી મહાનુભાવો આ પરિશ્રમિક પરિશિલન કરશે તો એ શ્રુત તપ ગણાશે, અને અધ્યાત્મ જગતને માટે એ ઉપકારી બની રહેશે.

ગાંધીજીએ શ્રીમદ્‌ને પોતાના ગુરુ – અધ્યાત્મ ગુરુ – માન્યા હતા એ અસત્યની ગતિ હવે અટકવી જોઈએ, અને એ માટે વિશેષ જવાબદારી પૂ. શ્રીમદ્‌જીના અગ્રણી ભક્ત મહાનુભાવો ની છે.

આ સત્યની ઉપાસના છે.

સ્વયં પ્રકાશિત સ્વયં સૂર્યને કોઈ કોઈના તેજ કે અવલંબનની જરૂર હોતી નથી.

**☐ ધનવંત શાહ**

dtshah1940@gmail.com

(સૌરાષ્ટ્રકેસરી પ્રાણગુરુ જૈન સેન્ટર, મુંબઈ, અને જૈન વિશ્વકોશ તેમ જ ઇન્સ્ટિટ્યૂટ ઑફ જૈનોલોજીના સંયુક્ત ઉપક્રમે તા. ૨૩-૨૪ ઑક્ટોબરના ગુજરાત વિદ્યાપીઠ અમદાવાદ ખાતે યોજાયેલ જ્ઞાનસત્રમાં પ્રસ્તુત થયેલ લેખ, અંશતઃ ફેરફાર સાથે.)

## મહાત્મા ગાંધીજીના સહયાત્રીઓ

### 'પ્રબુદ્ધ જીવન' ફેબ્રુઆરી ૨૦૧૬નો વિશિષ્ટ અંક ઉપરોક્ત શીર્ષકથી પ્રકાશિત થશે

આ વિશિષ્ટ અંકનું સંકલન કરશે ગાંધી જીવન અને ગાંધી સાહિત્યના અભ્યાસી ગાંધી વંશજ શ્રીમતી સોનલ પરીખ.

પૂ. ગાંધીજીએ પોતાના જીવનકાળ દરમિયાન સ્વાતંત્ર્ય, શિક્ષણ, રાજકીય, આધ્યાત્મિક, સાહિત્ય વગેરે અનેક ક્ષેત્રે વિશિષ્ટ પ્રદાન કર્યું. આ યાત્રામાં એમને અનેક મહાન આત્માનો સાથ મળ્યો અને ગાંધીજીની વિચારધારા દ્વારા એ મહાનુભાવોનું અને એને પરિણામે સમગ્ર ભારતનું ઘડતર થયું અને દેશ અને સમાજને એક નવી દીશા મળી.

આ વિષયમાં અનેક વિદ્વાન લેખકોની કલમે લખાયેલ લેખો આ અંકમાં પ્રગટ થશે.

અભ્યાસુ લેખકોને આ સંદર્ભે શ્રીમતી સોનલ પરીખનો સંપર્ક કરવા વિનંતિ. -09221400688.

-તંત્રી

# મારે 'જૈન' બનવું છે, બોલો, મારે શું કરવું?

☐ ગુણવંત શાહ

હું જૈન નથી તેનું મને ચચરે છે. હું ક્લાસિકલ જૈન આગમોનો ઝાઝો અભ્યાસી નથી. હું જૈન નથી કારણ કે હું સાચા મનુષ્યત્વથી પણ દૂર છું. 'જૈન' હોવું એ જેવી તેવી સંપ્રાપ્તિ નથી. 'મનુષ્ય' હોવું એ પણ જેવી તેવી ઉપલબ્ધિ થોડી છે? 'જૈન' હોવા સાથે અને જૈન કોમના સભ્ય હોવા વચ્ચે ઝાઝી લેવાદેવા નથી. ખરા અર્થમાં 'શ્રાવક' હોવું એ જ મોટી વાત છે. મારા ગામ રાંદેરમાં જૈનોની વસ્તી ખાસી હોવાને કારણે સવારે એક દૃશ્ય કાયમ જોવા મળતું. સફેદ ધોતિયું ગળે વિંટાળીને દેરાસર જતો જૈન શ્રાવક મને ખૂબ ગમતો. આજે પણ એવો શ્વેતવસ્ત્રધારી શ્રાવક જોવા મળે ત્યારે હું એને આદરપૂર્વક નીરખતો રહું છું. જાપાનમાં ઓસાકામાં દસ દિવસ માટે જ્યાં રહ્યો ત્યાં ફળિયામાં એક દેરાસર આજે પણ છે. ઓસાકામાં પણ સવારે મને દેરાસરમાંથી ઘરે જતો શ્વેતવસ્ત્રધારી શ્રાવક ત્યાં નજરે પડેલો ત્યારે અંદરથી હરખ થયેલો. મારા પ્રવચનમાં 'ણ'થી શરૂ થતો કોઈ ક્લાસિકલ શબ્દ નહીં પ્રયોજું, કારણ કે એને કારણે આજનો યુવાન ધર્મથી વિમુખ થાય છે એમ મને લાગે છે. દા. ત. 'નિર્વાણ'ને બદલે 'ણિવ્વાણં' અને 'નમો અરિહંતાણં'ને 'ણમો અરિહંતાણં' કહેવાનું મને માન્ય નથી. આટલી ભૂમિકા પછી હું આજના વિષય પર આવી જાઉં છું. મને નવી પેઢી પ્રત્યે પક્ષપાત છે.

*મિત્રો! હું જૈન નથી, પરંતુ મારે જૈન થવું છે. મારે મન 'જૈન' હોવું એટલે શું?*

પ્રત્યેક જીવ આદરણીય છે. જે આદરણીય હોય એની હત્યા ન થાય. આફ્રિકાના જંગલમાં સેવા કરનારા ડૉ. આલ્બર્ટ શ્વાઈટ્ઝરે એક સૂત્ર આપ્યું: Reverence for life, life in any form.' વીસમી સદીના સર્વોત્તમ 'જૈન' ડૉ. શ્વાઈટ્ઝર હતા. તેઓ ખ્રિસ્તી હતા તોય મારી કલ્પનાના 'જૈન' હતા. 'વૈષ્ણવજન'ને જ્ઞાતિએ વૈષ્ણવ હોવા સાથે વળી શી લેવાદેવા? કંઈક આવા વ્યાપક અર્થમાં ડૉ. આલ્બર્ટ શ્વાઈટ્ઝર 'જૈન' હતા. તેમની સંવેદના એટલી સૂક્ષ્મ કક્ષાએ પહોંચી હતી કે કોઈ છોડ પરથી પાંદડું તોડવામાં પણ એમને ક્રૂરતા જણાતી! હું એ પવિત્ર ખ્રિસ્તીજનને 'જૈન' કહું તો તેમાં કશુંય ખોટું ખરું? જૈન કોઈ લઘુમતીનું નામ નથી.

*ડાયરેક્ટ હિંસા કરતાંય ઈનડાયરેક્ટ હિંસા ઓછી ખતરનાક નથી હોતી.*

લોહી નીગળતું ન દેખાય તેવી પરિસ્થિતિમાં પણ ક્યારેક હિંસા રહેલી હોય છે. અહિંસા કેવળ અહત્યામાં સમાઈ જતી નથી. દુકાનમાં બેઠેલા શ્રાવકને આ વાત સમજાય તો એની દુકાન પણ દેરાસર બની જાય. કોઈને છેતરવામાં રહેલી હિંસા કરનારને લોહી ન દેખાય એમ બને. છેતરપિંડી ન છૂટે ત્યાં સુધી 'જૈન' બનવાનું શક્ય ખરું? 'સમકાલીન' જેવા દૈનિકના તંત્રી સદ્ગત હસમુખ ગાંધીને ત્યાં મને મારા મિત્ર સદ્ગત વિનુભાઈ મહેતા લઈ ગયા તે દિવસે ઇદ હતી. હસમુખભાઈએ મને કહ્યું: 'પાડોશના મકાનમાં રહેતી એક જૈન સ્ત્રી ખાધાપીધા વિના રૂમમાં જ રડતી બેસી રહેતી હતી કારણ કે આસપાસ હજારો બકરીઓની હત્યા એને વિહ્વળ બનાવી દેતી હતી. એ જૈન મહિલાની તીવ્ર સંવેદના અહિંસાનું ઉપસ્થાન બની શકે. અન્ય માનવેતર પ્રાણીઓની વેદના જ્યારે માનવમાત્રની સંવેદનાને ઢંઢોળે ત્યારે યુદ્ધની સંભાવના ક્ષીણ થાય એ શક્ય છે. પૃથ્વી પર એવી શક્યતાનું સામ્રાજ્ય સ્થપાય એ ઇચ્છનીય છે. અમેરિકામાંથી પ્રગટ થતા `TIME' મેગેઝિનના છેલ્લા પાને પ્રગટ થયેલા નિબંધમાં (Essayમાં) વાંચેલું: એક બાળકી ડિશમાં પીરસાયેલી મરઘીને જોઈને પિતાને પૂછે છે: 'ડેડ! કોઈ મને કાપીને તમારી ડિશમાં પીરસે, તો તમને કેવું લાગે?' આવી તીવ્ર સંવેદના અહિંસાનું સમર્થન કરનારી છે.'

શેરબજારનાં પરિબળો કદી પણ સામાન્ય માણસની સમજમાં નથી આવતાં. મને સેક્સમાં સમજ પડે છે, પરન્તુ સેન્સેક્સમાં જરાય સમજ નથી પડતી. કંપનીઓ જે કોઈ માલ વેચે તેમાં પણ ક્રૂરતાને માટે પૂરતો અવકાશ હોય છે. બજાર હોય કે શેરબજાર, એનું કાળજું 'લોભ' હોવાનું જ! લોભ કદી પણ અહિંસાને ટેકો કરનારો હોતો નથી. ફરી ફરીને મારે કહેવું

**ઉત્તરાધ્યયન સૂત્ર : ગ્રંથ સ્વાધ્યાય**
**સી. ડી. અને ડી.વી.ડી..**

ગુરુદેવ પૂ. ડૉ. રાકેશભાઈની ત્રણ દિવસની અમૃતવાણીની સી.ડી. અને ડી.વી.ડી. સંસ્થામાં ઉપલબ્ધ છે. ઉપરાંત સંસ્થાની વેબ-સાઈટ ઉપર પણ આપ સાંભળી શકશો.

**સંપર્ક : ૦૨૨-૨૩૮૨૦૨૯૬.**
**હિતેશ-૦૯૮૨૦૩૪૭૯૯૦.**

છે કે ડાયરેક્ટ હિંસા કરતાંય ઈનડાયરેક્ટ હિંસા ઓછી ખતરનાક નથી હોતી. એક સાચો બનેલ પ્રસંગ કહેવાનું મન થાય છે. સાંભળો :

## *હું શિક્ષક (માસ્તર) છું તેથી હું બહુ ખુશ છું.*

કેન્યા ગયો ત્યારે મારા પ્રિય મિત્ર શ્રી કિરણભાઈ શાહનો મહેમાન બન્યો હતો. એક વાર કિરણભાઈ સાથે એમના બનેવીને ત્યાં જમવાનું બન્યું. ડાઈનિંગ ટેબલ પર બેઠો. આસપાસની ભીંતો પર મોટા મોટા હાથીદાંત આકર્ષક ઢબે ગોઠવાયેલા હતા. હાથીદાંત જેમ મોટો, તેમ એની કિંમત વધારે! કરોડો રૂપિયા ભીંતની 'શોભા' વધારી રહ્યા હતા. મેં એ ભાઈને પૂછ્યું: 'તમે જીવનમાં કેટલા હાથી માર્યા?' પ્રશ્ન સાંભળીને ભાઈ લગભગ ડઘાઈ જ ગયા! કોઈ હાથીને મારવાની કલ્પના પણ એ સજ્જન માટે કંપાવનારી હતી. હાથીદાંત જેવી કિંમતી વસ્તુનો વેપાર કરનારી આંતરરાષ્ટ્રીય ટોળકી જંગલોમાં ગેરકાયદેસર રીતે પ્રાણીઓને મારે તેને `poaching' કહે છે. પેલા જૈન શ્રેષ્ઠીની હિંસા indirect હતી, direct ન હતી. એ હત્યા એમને હાથે થઈ ન હતી, તોય પાપમાં એમની ભાગીદારી જરૂર હતી. હાથીદાંતમાંથી બનેલી ચીજો બજારમાંથી ખરીદનારને હાથીની મરણચીસ ન સંભળાય તેથી શું? ઝેર (KCN)નું ઉત્પાદન કરનારી કંપની પાસેની કોઈ નદીમાં જે પ્રદૂષણ ઠાલવે તેવી અસંખ્ય માછલીઓ મરે તો, તે કંપનીના શેર ધરાવનાર માણસ અહિંસાપ્રેમી ગણાય ખરો? એ માણસ માછલી ખાતો નથી, પરંતુ...

હું વકીલ નથી તે માટે મારી જાતને નસીબદાર માનું છું. હું બિલ્ડર નથી, વેપારી નથી, કોન્ટ્રાક્ટર નથી કે રાજકારણી નથી તે માટે પ્રભુનો પાડ માનું છું. જે વ્યવસાયમાં પાપકર્મને ટાળવાનું મુશ્કેલ હોય તે વ્યવસાયની મને બીક લાગે છે. **હું શિક્ષક (માસ્તર) છું તેથી હું બહુ ખુશ છું.**

**મિત્રો! હું જૈન નથી, પરંતુ મારે જૈન થવું છે. મારે મન 'જૈન' હોવું એટલે શું?**

જે મનુષ્ય પ્રામાણિક છે, તે 'જૈન' છે.

જેની લેવડદેવડ શુદ્ધ છે, તે 'જૈન' છે.

જેની કમાણી 'સ્વચ્છ' છે, તે 'જૈન' છે.

જેનો નફો ગંદો નથી, તે 'જૈન' છે.

જેનામાં ધાર્મિક કટ્ટરતા નથી, તે 'જૈન' છે.

જેનો લોભ-ક્રોધ-મોહ મર્યાદામાં છે, તે 'જૈન' છે.

મારે આવા 'જૈન'થવું છે. મારે નિર્વાણ નથી જોઈતું. મારે દેરાસર નથી બંધાવવું. મારે અઠ્ઠાઈ નથી કરવી. આવી અહિંસાપૂર્વક જૈન ધર્મ માટે સદ્‌ગત ખુશવંતસિંઘને જબરો પક્ષપાત હતો. મારે ધર્માંતર કરીને જૈન નથી થવું, પરંતુ મારા જ રૂપાંતરણ દ્વારા 'જૈન' થવું છે. (13-9-2015).

**નોંધ :** 'મુંબઈ જૈન યુવક સંઘ દ્વારા વર્ષોવર્ષ યોજાતી પર્યુષણ વ્યાખ્યાનમાળામાં મુંબઈના પાટક હૉલમાં ઉપસ્થિત 400-450 જેટલા શ્રોતાઓ સમક્ષ **વડોદરામાં મારે નિવાસે હીંચકે લેપટોપ સામે બેસીને આપેલું પ્રવચન,** જે પાટકર હૉલમાં મૂકેલા વિશાળ સ્ક્રીન પરથી શ્રોતાઓએ શાંતિ અને શિસ્તપૂર્વક સાંભળ્યું હતું. આવું 'અહિંસક ષડ્‌યંત્ર' વિદ્વાન મિત્ર અને વ્યાખ્યાનમાળાના અધ્યક્ષ ડૉ. ધનવંત શાહે પ્રેમપૂર્વક પાર પાડ્યું હતું. ટેકનોલોજીનો યોગ્ય વિનિયોગ પણ અહિંસાનું સમર્થન કરનારો છે. હું સદેહે મુંબઈ ન ગયો તેથી જે પ્રદૂષણ ન થયું તેનો યશ ટેકનોલોજીને જાય છે. આ પ્રયોગ એક સીમાચિહ્ન બની શકે તેવો હતો.

–સૌજન્ય : દિવ્ય ભાસ્કર

## ઘર બેઠાં વ્યાખ્યાનોનું શ્રવણ કરો

- ૮૧મી વ્યાખ્યાનમાળાના બધાં જ વ્યાખ્યાનો આપ સંસ્થાની વેબ સાઈટ www.mumbai-jainyuvaksangh.com ઉપર સાંભળી શકશો.

  સંપર્ક : શ્રી હિતેશ માયાણી-મો. નં. : 09820347990
- આ વ્યાખ્યાન આપ youtube ઉપર પણ જોઈ સાંભળી શકશો.

  સંપર્ક : દેવેન્દ્રભાઈ શાહ- 09223584041

  –Shree Mumbai Jain Yuvak Sangh - -81st Paryushan Vyakhyanmala-2015
- આ બધાં વ્યાખ્યાનોની CD પણ આપ અમારી ઑફિસેથી વિના મૂલ્યે મેળવી શકશો.

**CD સૌજન્યદાતા : કાંતિલાલ રમણલાલ પરીખ પરિવાર**

**સંપર્ક :હેમંત કાપડિયા-09029275322 / 022-23820296**

વ્યાખ્યાનોનો લાભ લેવા જિજ્ઞાસુ આત્માને વિનંતિ.

**–મેનેજર**

# ભારતીય અને પાશ્ચાત્ય દર્શનોમાં આત્મા-પરમાત્માનો ખ્યાલ

□ ડૉ. નરેશ વેદ

મનુષ્ય મૂળે તો અત્યંત જિજ્ઞાસુ પ્રાણી છે. એટલે એના મગજમાં અનેક પ્રશ્નો ઊઠતા રહે છે. જેમ કે, આ જગત અને સંસાર શું છે? એ સત્ય છે કે મિથ્યા? એમના સર્જન પાછળ કોઈ હેતુ હશે? આ સૃષ્ટિનો કોઈ સર્જક હશે? જો હોય તો એનું સ્વરૂપ કેવું છે? આ સૃષ્ટિના સ્રષ્ટા અને જીવ વચ્ચે કોઈ સંબંધ છે? જીવ શું છે? જગત શું છે? આત્મા શું છે? પરમાત્મા શું છે? આત્મા-પરમાત્માનો સાક્ષાત્કાર થઈ શકે? તેમનું દર્શન થાય કે અનુભૂતિ થાય? એ અનુભૂતિ હોય તો એનું સ્વરૂપ વર્ણવી શકાય? વગેરે.

માનવ મગજમાં ઊઠતા આવા બધા પ્રશ્નોનો તોડ જ્ઞાનીઓ અને મુમુક્ષુઓએ ચિંતન, મનન, વિમર્શણ અને નિદિધ્યાસનરૂપી સાધનાથી, પોતાને પ્રાપ્ત થયેલ જ્ઞાન વડે આપેલ છે. તેને આપણે, તત્ત્વજ્ઞાન, તત્ત્વમીમાંસા, દર્શનશાસ્ત્ર કે ફિલસૂફી એવાં નામોથી ઓળખીએ છીએ. પૂર્વ અને પશ્ચિમરૂપી પૃથ્વીના બંને ગોળાર્ધમાં આવી તાત્ત્વિક વિચારણાની પરંપરા દીર્ઘકાળથી ચાલતી આવી છે. એ પરંપરામાં આપણે જેની ચર્ચા કરવા માગીએ છીએ એ આત્મા-પરમાત્મા વિષય વિશેની વિચારણા થયેલી છે. ભારતમાં એ પરંપરા છેક વેદસંહિતાઓના કાળથી શરૂ થઈ છે અને પશ્ચિમી જગતમાં છેક ઈ. સ. પૂર્વે ૨૪૦૦થી શરૂ થઈ છે. એટલે એની વિગતે વાત કરવા બેસીએ તો એમાં ઘણું બધું લંબાણ થાય. તેમ ન કરતાં આપણે અહીં, ભારતીય અને પાશ્ચાત્ય દર્શન પરંપરામાં આ વિષય વિશે થયેલી વિચારણાની સંક્ષિપ્ત રૂપરેખા રજૂ કરી, એમને સમજવાનો પ્રયત્ન કરીશું.

પહેલાં ભારતીય દર્શન પરંપરા જોઈએ. ભારતમાં અનેક દર્શનો વિકસ્યાં છે. સાંખ્યદર્શન, યોગદર્શન, ન્યાયદર્શન, વૈશેષિકદર્શન, પૂર્વમીમાંસા, ઉત્તરમીમાંસા, જૈનદર્શન, બૌદ્ધદર્શન અને ચાર્વાક-દર્શન એમાં મુખ્ય છે.

**સાંખ્યદર્શન આત્માને સર્વથા નિત્ય, અપરિમાણી, કૂટસ્થ અને નિત્ય માને છે.** વળી, એ આત્માને સત્ત્વ, રજસ, તમસ ગુણોથી રહિત અને સર્વથા શુદ્ધ અને બુદ્ધ માને છે. આ દર્શન જ્ઞાનને આત્મા (પુરુષ)નો ગુણ નથી માનતું, પરંતુ પ્રકૃતિનું પરિણામ માને છે. આ દર્શન આત્માને સકર્તા માને છે. બંધન અને મોક્ષને પ્રકૃતિનો ધર્મ માને છે અને આત્માને બંધન અને મોક્ષરહિત સમજે છે. તે આત્માને નિર્ગુણ, નિરાકાર અને સર્વવ્યાપક માને છે. આ દર્શન મુજબ, મુક્તાવસ્થામાં આત્મા બધાં પ્રકારનાં દુઃખોથી મુક્ત થઈ જાય છે.

**યોગદર્શન આત્માને પ્રકૃતિ કે જડ પદાર્થોથી ભિન્ન ગણે છે**. તે આત્માના ચૈતન્ય સ્વરૂપને સ્વીકારે છે. ચૈતન્યને એ આત્માના મૂળ સ્વભાવરૂપે સ્વીકારે છે. આ દર્શન, સંખ્યાની દૃષ્ટિએ અનંત આત્માઓ હોવાનું માને છે. આ દર્શન મુજબ આત્માના સાક્ષાત્કાર કે પ્રાપ્તિનો માર્ગ યોગ એટલે કે ચિત્તવૃત્તિનો નિરોધ છે. આ યોગવિધિ જ જીવાત્માને પ્રાથમિક અવસ્થાથી માંડી સર્વોચ્ચ કક્ષા અને દશા સુધી પહોંચાડે છે.

ન્યાય અને વૈશેષિક દર્શન આત્માને સમજાવતાં પહેલાં આત્મા શું નથી અને પછી એ શું છે એ રીતે વાતને સ્પષ્ટ કરે છે. આ દર્શનો મુજબ આત્મા શરીરથી અલગ સ્વતંત્ર તત્ત્વ છે, અને પ્રકૃતિએ જડ છે, કેમકે એ ચૈતન્યસ્વરૂપ નથી, પણ ચૈતન્યવાન છે. આત્મા ઈન્દ્રિયસ્વરૂપે નથી. આત્મા મન પણ નથી. આત્મા વિજ્ઞાન માત્ર નથી. ગુણગુણીના ભેદભાવ રૂપ પણ નથી. અનુપલબ્ધ નથી. ક્ષણભંગુર પણ નથી. એ નિત્ય સ્વતંત્ર તત્ત્વરૂપે સર્વત્ર ઉપલબ્ધ છે. આત્મા એક નથી, અનેક છે. આ દર્શને આત્માને ક્ષેત્રજ્ઞ, નિરન્વયી, શાશ્વત, અવિનાશી, વ્યાપક, જ્ઞાતા, દૃષ્ટા, કર્તા, પાપપુણ્ય કર્મોના ભોક્તા, પ્રત્યેક શરીર મુજબ અલગ અને અપરિમાણી માન્યો છે. બુદ્ધિ, સુખ, દુઃખ, ઈચ્છા, દ્વેષ, પ્રયત્ન, ધર્મ, અધર્મ અને સંસ્કાર – એ આત્માના નવ વિશેષ ગુણો છે.

પૂર્વમીમાંસા અનુસાર આત્મા એક સ્વતંત્ર દ્રવ્ય છે અને તે સંખ્યાની દૃષ્ટિએ અનેક છે. પ્રત્યેક શરીરમાં જુદા જુદા આત્માઓ હોય છે, એક જ આત્મા નથી હોતો. આ આત્મા એકમેકથી સ્વતંત્ર છે અને પોતપોતાના કર્મોનો તે સ્વયં કર્તા અને ભોક્તા છે. આત્મા ક્ષણભંગુર કે નિયતકાલિક સ્થાયી પદાર્થ નથી, પરંતુ શાશ્વત અને નિત્ય દ્રવ્ય છે. એનો નથી તો ક્યારેય જન્મ થતો; નથી કદાપિ એનો વિનાશ થતો. આ આત્મા ભેદાભેદરૂપ, ચિદ્‌ચિદ્રૂપ અને દ્રવ્ય-ગુણ-કર્મરૂપ પણ છે. આવો આ આત્મા શરીર, ઈન્દ્રિયો, મન, બુદ્ધિ વગેરેથી ભિન્ન છે. તે જ્ઞાનનો કર્તા પણ છે અને જ્ઞાનનો વિષય પણ છે. એ ચૈતન્યસ્વરૂપ છે, શાશ્વત છે અને સ્વયં પ્રકાશિત જ્યોતિરૂપ છે.

ઉત્તરમીમાંસા એટલે વેદાંત અનુસાર આ સંપૂર્ણ જગતમાં પારમાર્થિક સત્તા માત્ર એક બ્રહ્મતત્ત્વની જ છે, બાકીનું બધું માયા છે. વસ્તુતઃ આત્મા પણ બ્રહ્મરૂપ છે, બ્રહ્મથી એ અલગ નથી. બ્રહ્મરૂપ હોવાને કારણે આત્મા શુદ્ધ, બુદ્ધ, અખંડ, પરમ ચૈતન્ય, સ્વતઃ સિદ્ધ, સ્વયં પ્રકાશિત, જ્ઞાન અને અનુભવનું અધિષ્ઠાન છે. તે શરીર, ઈન્દ્રિયો, મન, બુદ્ધિ, અહંકાર વગેરેથી ભિન્ન છે. શરીર અને ઈન્દ્રિયોમાં રહેવા છતાં પણ તે શરીર નથી, બલકે શરીરની અંદર જે

*જૈનદર્શનનો કેન્દ્રિય પ્રતિપાદ્ય વિષય જ આત્મા છે. આ દર્શને આત્મતત્ત્વનો બહુ સૂક્ષ્મતાથી પણ વિગતે વિચાર કર્યો છે.*

શુદ્ધ ચૈતન્ય પ્રકાશે છે તે ચૈતન્ય જ બ્રહ્મ અર્થાત્ આત્મા છે. જીવ અને બ્રહ્મ વચ્ચે કોઈ ભેદ નથી. વસ્તુતઃ જીવ, ઈશ્વર અને બ્રહ્મ એક જ છે, એની વચ્ચે કેવળ અદ્વૈત છે. આવો આ આત્મા જ્ઞાનસ્વરૂપ છે અને મોક્ષ પણ બીજું કશું નહીં, પણ આત્માના અસલી સ્વરૂપનું જ્ઞાન છે. મતલબ કે સ્વની અપરોક્ષાનુભૂતિ જ મોક્ષ છે. આવા મોક્ષનું ખરું સાધન કેવળ જ્ઞાન છે તેથી જીવાત્માએ અન્ય તમામ કર્મોનું આલંબન પડતું મૂકીને જ્ઞાનનું અવલંબન ગ્રહણ કરવું જોઈએ.

જૈનદર્શનનો કેન્દ્રિય પ્રતિપાદ્ય વિષય જ આત્મા છે. આ દર્શને આત્મતત્ત્વનો બહુ સૂક્ષ્મતાથી પણ વિગતે વિચાર કર્યો છે. આ દર્શન અનુસાર આત્મા સત્‌રૂપ છે. એને અસતરૂપ, અભાવરૂપ, શૂન્યરૂપ, માયારૂપ માની શકાય નહીં. સમગ્ર વિશ્વમાં એક જ આત્મા નથી, પણ અનંતાનંત આત્માઓ છે. પ્રત્યેક આત્મા એક સ્વતંત્ર પરિપૂર્ણરૂપ સત્તા છે. તેને બ્રહ્મ કે ઈશ્વર વગેરે કશાના અંશરૂપે માની શકાય નહિ. પ્રત્યેક આત્મા સ્વયં પોતપોતાના સુખદુઃખનો કર્તા અને ભોકતા છે. આત્મા અમૂર્ત છે. એમાં રસ, રૂપ, સ્પર્શ, ગંધ, વર્ણ વગેરે ભૌતિક વસ્તુઓના ગુણધર્મો ન હોય. જ્ઞાન આત્માનો સ્વભાવ છે. તેથી તે જોવા-સમજવા અને આકલન કરવાનું કાર્ય કરે છે. તેથી તે ઉપયોગી અને ચૈતન્યમય છે. આત્મામાં સંકોચ-વિસ્તારની શક્તિ છે. તેથી તે જે શરીર ધારણ કરે તે અનુસાર સંકુચિત કે વિસ્તૃત થાય છે. જીવત્વ, ઉપયોગિતા, અમૂર્તતા, કતૃત્વ, સ્વદેહપરિમાણીત્વ, ભોક્તૃત્વ, સંસારિત્વ, સિદ્ધત્વ અને ઉર્ધ્વગામી સ્વભાવતત્ત્વ – એમ તેની લાક્ષણિકતાઓ છે. આ આત્માને જીવ, જંતુ, પ્રાણી, દેહી, શરીર, પુરુષ, પુમાન, ચેતન, સમય, અગ્ર, જ્ઞ, જ્ઞાની, જ્ઞાતા વગેરે નામોથી પણ ઓળખવામાં આવે છે. આ નામો દ્વારા પણ આત્માના સ્વરૂપ લક્ષણોનો આપણને બોધ થાય છે. આ આત્માના શાસ્ત્રીય દૃષ્ટિએ સંસારી અને સિદ્ધ અથવા સ્થાવર અને ત્રસ તથા આધ્યાત્મિક દૃષ્ટિએ બહિરાત્મા, અંતરાત્મા અને પરમાત્મા એવા પ્રકારો છે. આ આત્માની અનુભૂતિ શક્ય છે અને તે આત્મજ્ઞાન પ્રાપ્ત કરવાથી થાય છે.

સામાન્ય રીતે બૌદ્ધદર્શનને અનાત્મવાદી કહીને ઓળખવામાં આવે છે. પરંતુ એનો અર્થ એ નથી કે તે આત્મામાં માનતું જ નથી. હકીકતે આત્માના અસ્તિત્વમાં આ દર્શનને વિશ્વાસ તો છે જ, પરંતુ તે આત્માને નિત્ય અને વ્યાપક માનવાને બદલે ક્ષણિક ચિત્તસંતતિરૂપે સ્વીકારે છે. આ દર્શન મુજબ આત્મા રૂપ, વેદના, સંજ્ઞા, સંસ્કાર અને વિજ્ઞાન–એવા પાંચ સ્કંધોનો કેવળ સમુચ્ચય છે; એનાથી વધારે કશું નથી. બુદ્ધ આત્માને નિત્ય, શાશ્વત કે અજર અમર તત્ત્વરૂપે માનતા નથી. આત્માને એમણે અત્યંત ક્ષણિક અને નિરંતર પ્રવાહરૂપે સ્વીકાર્યો છે. એટલા માટે કે, જો આત્માને નિત્ય અને અજરામર માનીએ તો અહંતા અને મમતા વધે છે, અને તે વળી આ સંસારમાં આવાગમન અને પરિભ્રમણનું કારણ બને છે. આત્મા ક્લેશો અને અનર્થોનો મૂળ સ્રોત બને છે. આત્મા નિત્ય અને શાશ્વત હોવાની માન્યતા જ રાગાદિ બધા દોષોને જન્મ આપે છે. ભોગોની તૃષ્ણા અને આસક્તિ પણ એનાથી જન્મે છે. એનાથી વિવેક અને વૈરાગ્ય વધતા નથી. વાસ્તવમાં આત્મદૃષ્ટિ, આત્મસંમાન, આત્મમોહ અને આત્મસ્નેહ જ ક્લેશરૂપ છે. તેથી તેમણે લોકોનું ધ્યાન આત્મા ઉપરથી દૂર હઠાવી વૈરાગ્ય અને નિર્મમત્વ તરફ દોર્યું.

ચાર્વાકદર્શન પૂર્ણપણે ભૌતિકવાદી અને નાસ્તિક છે. આ દર્શન માને છે કે પૃથ્વી, જળ, તેજ અને વાયુ આ ચાર તત્ત્વોનું વિશિષ્ટ માત્રામાં સંમિશ્રણ થતાં ચૈતન્યની ઉત્પત્તિ થાય છે. આ ચાર મૂળ ભૂતોથી અતિરિક્ત પાંચમું કોઈ તત્ત્વ કે કોઈ પદાર્થ નથી. આત્મા પણ નથી. આત્મા આ જીવિત શરીર સિવાય કાંઈ નથી. શરીર ઉક્ત ચાર મહાભૂતોનું મિશ્રણ છે. આત્મા એટલે જ શરીર.

આ બધાં ભારતીય દર્શનોમાં રજૂ થયેલા આત્મા વિશેના ખ્યાલોને જો Summerise કરીએ તો એમ કહેવાનું પ્રાપ્ત થાય છે કે–

(૧) એક ચાર્વાકદર્શનને બાદ કરતાં બાકીનાં બધાં દર્શાનો આત્માના અસ્તિત્વનો સ્વીકાર કરે છે.

(૨) ઘણું કરીને બધાં દર્શનોમાં આત્મજ્ઞાન પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો છે.

(૩) પ્રાયઃ બધાં દર્શનોમાં આત્માને અનાદિનિધન, અજરઅમર અને શરીર વગેરે બધા બાહ્ય પદાર્થોથી ભિન્ન અમૂર્ત તત્ત્વરૂપે માનવામાં આવ્યો છે.

(૪) બધાં દર્શનોમાં આત્માનું અસલી સ્વરૂપ ચૈતન્યને માનવામાં આવ્યું છે. ચાર્વાકદર્શન પણ ચૈતન્યતત્ત્વને સ્વીકારે છે.

(૫) પ્રાયઃ બધાં દર્શાનો આત્માના પૂર્વ અને પુનર્જન્મનો સ્વીકાર કરે છે તથા જન્મમરણના ફેરામાંથી છુટકારો મળતાં મુક્ત થવાય છે, એમ માને છે.

(૬) પ્રાયઃ બધાં દર્શાનો મોક્ષને આત્માનું સર્વોચ્ચ લક્ષ્ય માને છે. મુક્તાવસ્થામાં આત્મા બધા વિકારો અને દોષોથી મુક્ત થઈને પોતાના શુદ્ધ સ્વાભાવિક રૂપમાં પૂર્ણ પણે વિકસિત થઈ જાય છે. આત્મલાભની આ ઘટનાને જ મુક્તિ, મોક્ષ, નિર્વાણ કે નિઃશ્રેયસ તરીકે, જુદાં જુદાં દર્શનોમાં ઓળખાવવામાં આવેલ છે.

(૭) મોક્ષનું સાધન પણ બધાં દર્શનોમાં તત્ત્વજ્ઞાન, ભેદજ્ઞાન, બ્રહ્મજ્ઞાન કે આત્મજ્ઞાનને જ માનવામાં આવ્યું છે.

હવે આપણે ભારતીય દર્શનોમાં પરમાત્માનો શો ખ્યાલ છે તે જોઈશું. સાંખ્ય અને યોગદર્શન બંનેમાં તત્ત્વવ્યવસ્થાની દૃષ્ટિએ કોઈ ભેદ નથી. પરંતુ એક તફાવત જોવા મળે છે તે પરમાત્માના ખ્યાલ સંબંધી

છે. સાંખ્યદર્શન અનીશ્વરવાદી છે, જ્યારે યોગદર્શન ઈશ્વરવાદી છે. યોગદર્શનમાં પરમાત્માનું સ્થાન અત્યંત મહત્ત્વનું છે. આ દર્શન, પરમાત્માનું સ્વરૂપ આ રીતે સ્પષ્ટ કરે છે : જે પુરુષવિશેષ બધા ક્લેશો, કર્મવિપાકો અને આશયોથી રહિત છે તે પરમાત્મા છે.

**સાંખ્યદર્શન અનીશ્વરવાદી છે, જ્યારે યોગદર્શન ઈશ્વરવાદી છે.**

ન્યાયદર્શનમાં ઈશ્વરનો સ્પષ્ટ રૂપમાં સ્વીકાર કરવામાં આવ્યો છે અને એની ખાત્રીરૂપે અનેક તર્કો પણ એણે રજૂ કર્યા છે. જેમ કે, જો જગત એક પરિણામરૂપ કાર્ય છે, તો એનાં મૂળ કારણરૂપ ઈશ્વર જ હોય. જગતના બધા પદાર્થો અનેક પરમાણુઓના સંયોજનથી બનેલા છે, તો એ બધાનું સંયોજન કરનાર ઈશ્વર છે. આ જગતનું સંચાલન ચોક્કસ નિયમો અને ધોરણો અનુસાર થઈ રહયું છે, તો એનો સંચાલક ઈશ્વર જ હોઈ શકે. આ જગતમાં અનેક વિદ્યાઓ અને કળાકસબો છે, એમની ઉત્પત્તિ કોઈ મહાજ્ઞાની પુરુષ દ્વારા જ થઈ હોય, તો તે ઈશ્વર જ હોઈ શકે. વિજ્ઞાનોની વિશ્વસનીયતા જોઈને એ ખ્યાલ આવે છે કે આ બધાં જ્ઞાનનો ભંડાર ઈશ્વર જ હોઈ શકે. શાસ્ત્રગ્રંથો દ્વારા પણ ઈશ્વરનું અસ્તિત્વ વર્ણવાયેલું છે. વેદસંહિતાઓ અને ભાષા માત્રના રચયિતા આ વિશ્વમાં ઈશ્વર સિવાય કોઈ હોઈ શકે? અંકસંખ્યાનું જ્ઞાન સૌ પ્રથમ કોને થયું હશે, એ રીતે વિચારીએ તો પણ ઉત્તર મળે ઈશ્વરને જ. આ દર્શન ઈશ્વરનો સ્વીકાર કરી તેના આઠ ગુણોનો નિર્દેશ કરે છે. તે છે સંખ્યા, પરિમાણ, પૃથકત્વ, સંયોગ, વિભાગ, બુદ્ધિ, ઈચ્છા અને પ્રયત્ન.

પૂર્વકાલીન વૈશેષિક દર્શનમાં ઈશ્વરની કોઈ સ્પષ્ટ અવધારણા મળતી નથી. પણ ઉત્તરકાલીન વૈશેષિકો તથા નૈયાયિકો બંને ઈશ્વરના અસ્તિત્વનો ખુલ્લા દિલે સ્વીકાર કરે છે. આ દર્શનો ઈશ્વરને આ જગતના કર્તા, ધર્તા, હર્તા અને નિયંતા માને છે. એમના મત મુજબ, પરમાત્મા સર્વજ્ઞ અને નિત્યજ્ઞાનાધિકરણ છે. એનામાં ઐશ્વર્યાદિ ગુણો છે. તે ભક્તો પર કૃપા કરી જ્ઞાનપ્રાપ્તિમાં તેમની સહાયતા કરે છે. સૃષ્ટિના સર્જન અને વિનાશ એમની ઈચ્છાથી થાય છે, એમ માને છે.

પૂર્વમીમાંસા દર્શન યજ્ઞયાગાદિ કર્મકાંડને મહત્ત્વ આપતું હોઈ, તેમાં પરમાત્માને સૃષ્ટિના સ્રષ્ટા તરીકે સ્વીકારવામાં આવ્યા નથી. પરંતુ આ દર્શને મનુષ્યને એનાં કર્મફળ મળે છે તેના પ્રદાતાના રૂપમાં પરમાત્માનો સ્વીકાર કર્યો છે.

ઉત્તરમીમાંસા ઉર્ફે વેદાંતદર્શનમાં પરમાત્માનો બ્રહ્મ સંજ્ઞાથી સ્વીકાર થયેલો છે. તેને અખિલ બ્રહ્માંડમાં એક માત્ર સત્ય અને નિત્ય રૂપે, શુદ્ધ અને બુદ્ધરૂપે માનવામાં આવ્યા છે. આ દર્શન, પરમાત્માને સૃષ્ટિનાં નિમિત્ત અને ઉપાદાન, એમ બંને કારણરૂપ માને છે. એના સ્વરૂપને સત્, ચિત્ત અને આનંદના અધિષ્ઠાનરૂપ ગણ્યું છે.

**કોઈપણ વ્યક્તિ પોતાના પુરુષાર્થ વડે પરમાત્મા બની શકે છે.**

જૈનદર્શન અનુસાર પરમાત્માનું સ્વરૂપ અનિવર્ચનીય છે, કેમકે એમાં અનંત વિશેષતાઓ હોય છે. તેથી એમનું વર્ણન કઈ રીતે થઈ શકે? તેમ છતાં આ દર્શને, પરમાત્માના સ્વરૂપની કેટલીક વિશેષતાઓનો નિર્દેશ કર્યો છે. જેમકે, પરમાત્મા આત્માની જ પૂર્ણ અને શુદ્ધ દશાનું નામ છે. એ કારણે જ એમને શુદ્ધાત્મા, મુક્તાત્મા કે સિદ્ધાત્મા કહે છે. પરમાત્મા અનાદિકાળથી નથી હોતા, એ પુરુષાર્થથી બને છે. તે ક્યારેય મલિન કે નષ્ટ થતા નથી. જે આત્મા રાગદ્વેષ જેવા વિકારો અને ક્રોધ, લોભ, માન અને માયા જેવા કષાયોથી મુક્ત થઈ વિતરાગ, એટલે કે, સર્વજ્ઞ અને સર્વદર્શી થઈ જાય છે તે આત્મા જ પરમાત્મા બની જાય છે. તેથી કોઈપણ વ્યક્તિ પોતાના પુરુષાર્થ વડે પરમાત્મા બની શકે છે. માટે જ પરમાત્મા કેવળ એક જ નહીં, અનેક હોઈ શકે. અનેક હોવા છતાં બધાં પરમાત્માઓ એક જેવા જ હોય છે, એમાં કોઈ તફાવત કે અંતર ન હોય. પરમાત્મા વિતરાગી હોવાથી કોઈનું ભલું કે બુરું કરે નહિ. પરમાત્મા અલ્પજ્ઞ નહીં, પણ સર્વજ્ઞ હોય છે. તે આ જગતના જ્ઞાતા અને દૃષ્ટા છે, પરંતુ આ જગતના તે કર્તા, ધર્તા કે હર્તા નથી. તે હંમેશાં અગણિત સુખોથી વિભૂષિત હોય છે. પરંતુ તે સુખો એટલે ભૌતિક નહીં; આત્મિક સુખો. તે નિર્ગુણ અને નિરાકાર હોતા નથી. એમનામાં અનંત જ્ઞાન, દર્શન, ચારિત્ર્ય, સુખ, વીર્ય વગેરે ગુણો હોય છે. તેમને શુદ્ધ અને બુદ્ધ કહેવાનું કારણ એમનામાં રહેલા વિતરાગતા અને સર્વજ્ઞતાના ગુણો છે. તે અષ્ટ કર્મરહિત, અષ્ટગુણી, કૃતકૃત્ય, લોકાગ્રનિવાસી અને શાંત હોય છે. એટલે સિદ્ધો અને તીર્થંકરો જ પરમાત્મા છે.

બૌદ્ધદર્શનના પ્રવર્તક ગૌતમ બુદ્ધ અનીશ્વરવાદી હતા. એમના મતાનુસાર પરમાત્માનું અસ્તિત્વ માનવા અને સ્વીકારવા માટે આપણી પાસે કોઈ ગળે ઊતરે તેવા અગત્યના તર્કો નથી. વણજાણ્યા અને વણસુણ્યા ભગવાનને ભરોસે પોતાના અનુયાયીઓને મૂકીને તેઓ તેમને અકર્મણ્ય અને અનાત્મવાદી બનાવવા ઈચ્છતા ન હતા. મનુષ્ય જીવનમાં જે દુઃખ, સંતાપ, ઘૃણા, પ્રેમ અને હર્ષ જેવા જે ભાવો છે અને શુભ તથા અશુભ જેવી જે ઘટનાઓ બનતી રહે છે, તે બધાં કારણોને લક્ષ્ય કરીને પરમાત્માના અસ્તિત્વનો અને એમના સૃષ્ટિ સર્જનકાર્યનો એમણે અસ્વીકાર કરેલો છે.

ચાર્વાકદર્શન પણ પરમાત્માના ખ્યાલમાં બિલકુલ વિશ્વાસ ધરાવતું નથી. એ દર્શન પ્રત્યક્ષ પ્રમાણવાદી હતું. તેથી તેમાં એવો તર્ક લઈને ઈશ્વરનો નિષેધ કરવામાં આવ્યો હતો કે જો ઈશ્વર હોય તો આપણે એમને પ્રત્યક્ષ જોઈ શકતા હોત, પરંતુ તે પ્રત્યક્ષ દેખાતો નથી. તેથી એમ જ સિદ્ધ થાય છે કે એમનું અસ્તિત્વ નથી.

ભારતીય દર્શનોમાં, આમ, ઈશ્વરવાદી તેમ

નિરીશ્વરવાદી વિચારોને પણ સ્થાન હતું. ભારતીય દર્શનની એ કોઈ ત્રૂટિ કે ઊણપ નથી, વાસ્તવમાં આ વિષયની તાત્ત્વિક વિચારણાને ભારતીય દાર્શનિકોનું મુખ્ય અને મહત્ત્વનું અર્પણ છે. ભારતીય વિચારકો અને ચિંતકો કેટલા સ્વતંત્ર અને નિર્ભીક હતા, એ વાતનો એ પુરાવો પુરો પાડે છે.

> ***પશ્ચિમની પ્રજા પાસે પુણ્યનો ખ્યાલ નથી, પણ પાપનો ખ્યાલ છે.***

પશ્ચિમી દર્શન પરંપરા પણ ભારતીય પરંપરા જેવી દીર્ઘ અને સમૃદ્ધ છે. પરંતુ એમાં, ભારતીય દર્શનોની માફક, આત્મા અને પરમાત્માનો વિચાર, એક વૈચારિક સળંગ વિકાસ પરંપરારૂપે થયો નથી. વળી, એ માત્ર ધર્મદર્શન કે તત્ત્વદર્શનના વિષયમાં જ નથી થયો. પરંતુ જીવવિજ્ઞાન, શરીરવિજ્ઞાન, મનોવિજ્ઞાન, ભૌતિકવિજ્ઞાન, ન્યૂરોસાયન્સ વગેરે વિજ્ઞાનો અંતર્ગત થયેલો છે, અને એ પણ પ્રસંગોપાત્ત થયેલો છે, એક વૈચારિક શૃંખલારૂપે નહીં. તેથી પાશ્ચાત્ય દર્શનોમાંથી આત્મા અને પરમાત્માના ખ્યાલોનું સુસંકલિત ચિત્ર ઉપસાવવાનું કામ કઠિન છે. વળી, જ્યારે પશ્ચિમ કહીએ છીએ ત્યારે યુરોપ, અમેરિકા, ઑસ્ટ્રેલિયા–એમ જગતના વિવિધ ઉપખંડોનો, એમનાં રાષ્ટ્રો અને દેશોનો, સમાવેશ થાય છે. એ બધાં ઉપખંડોની, અને એમાંય એમના પ્રાગ્ઐતિહાસિક કાળ, પ્રાચીનકાળ, મધ્યકાળ, અર્વાચીનકાળ અને આધુનિકકાળના તત્ત્વદર્શનની પરંપરાને જોવા જઈએ તો પણ ઘણું લંબાણ થાય.

તેથી અહીં પાશ્ચાત્ય દર્શનમાં જુદાં જુદાં શાસ્ત્રો અને વિજ્ઞાનોમાં સ્વ (Self) અને ભગવાન (God) રૂપે જે કાંઈ વિચારણા થઈ છે તેનું સંક્ષિપ્ત સંકલન કરીને વાત કરવાનું વધુ વ્યાજબી જણાય છે. આવી વિચારણાનો આરંભ ગ્રીક અને રોમન સંસ્કૃતિથી થયો હતો. પછી એના ઉપર જ્ઞાનપ્રકાશયુગ (Age of Enlightenment)નો પ્રભાવ પડ્યો અને એ ખ્યાલે આ વિચારોને આજ સુધી પ્રશાસિત કર્યા છે. એટલે ત્યાંની આખી વિચારણામાં તર્કપુરસ્સરતા (Reasoning)ની વાત કેન્દ્રમાં રહી છે. સ્વ (Self)ની વિચારણા મુખ્યત્વે મનોવિજ્ઞાનમાં થયેલી છે. શરીરવિજ્ઞાન (Anatomy)માં શરીરને body રૂપે અને ઈન્દ્રિયોને Sense Organs રૂપે ઓળખ્યા પછી, આપણે ત્યાં જેને ચાર અંતઃકરણ મન, બુદ્ધિ, ચિત્ત અને અહંકાર કહીને ઓળખાવીએ છીએ અને જેમનું શરીરનાં અન્ય અંગોપાંગમાં જેવું સ્થૂળ અસ્તિત્વ નથી, તેમનો સ્વીકાર મન (mind), બુદ્ધિ (intellect), ચિત્ત (psyche) અને અહંકાર (ego) રૂપે મનોવિજ્ઞાને કરેલો છે. ચેતનાનો સ્વીકાર spirit રૂપે કરેલો છે. મનોચેતનાની ત્રણ અવસ્થાઓ જાગ્રત (conscious), અર્ધજાગ્રત (sub-conscious) અને અજાગ્રત (unconscious) રૂપે કરેલો છે. વ્યક્તિમાં રહેલી ચેતનાનો individual consciousness રૂપે અને સમસ્ત વિશ્વમાં વ્યાપ્ત ચેતનાનો cosmic consciousness રૂપે સ્વીકાર કરેલો છે.

જીવવિજ્ઞાનમાં એક કોષી અમીબાથી માંડીને અનેક કોષી જીવોની કલ્પના કરીને, જીવના અસ્તિત્વનો સ્વીકાર જંતુ (virus) અને કીટકો (becteria)થી માંડીને પશુ, પક્ષી અને વનસ્પતિ વૃક્ષોથી શરૂ કરી મનુષ્ય સુધી વિકસતો અને વિસ્તરતો સ્વીકાર્યો છે. જીવની વૃદ્ધિ (growth) અને વિકાસ (expansion)ની આખી પ્રક્રિયાનો સ્વીકાર ડાર્વિનના ઉત્ક્રાન્તિવાદમાં જઈને ઠર્યો છે. એમાં જે વિચાર સ્થાપના થયેલી છે તે એ કે જીવની ઉત્ક્રાન્તિ જૈવિક હસ્તી (biological being)થી માનવહસ્તી (human being) સુધી થયેલી છે. એ ઉત્ક્રાન્તિ વાસ્તવમાં ચેતનાની છે. જીવચેતના વિકસતી awarenessમાંથી consciousnessરૂપે વિકસી છે અને હજુ તેનો vegitational growth ચાલુ જ છે, એમ તેઓ માને છે. ઉત્ક્રાન્તિના ક્રમમાં મનુષ્યચેતના વધુ વિકસી છે, તે બે અર્થોમાં, એક, id, ego અને super ego રૂપે અને બીજી અનેક શક્તિઓ એટલે કે powersરૂપે. જેમ કે, power of being, power of doing, power of learning, power of feeling, power of thinking, power of discriminating, power of judgementing, power of remembering, power of living વગેરે. મનુષ્યચેતનાનો વિકાસ સંસ્થા, સમાજ અને પ્રથાઓના અનુષંગે થયેલો છે. Consciousnessના આ વિકાસને તેઓએ conscience કે soul કહીને ઓળખાવ્યો છે. સંસ્થાઓ, સમાજો અને પ્રથાઓની powergameમાં લેણદાર કે દેણદાર બનવા કરતાં ખુદવફાઈ (ownself be true) જાળવવી તેને તેઓ મહત્ત્વની સમજે છે. આ સ્વ (self) સુધી પહોંચવાના બે માર્ગો એમને જણાયા છે. તે છે : સ્વગતાસંવાદ (self dialogue) અને પોતે કરેલાં સત્કૃત્યો કે દુષ્કૃત્યોની જાત પાસે કબૂલાત (self confession).

પશ્ચિમની પ્રજા પાસે પુણ્યનો ખ્યાલ નથી, પણ પાપનો ખ્યાલ છે. માણસ જો અપરાધ કરે તો તેને તેની સજા મળવી જોઈએ, એવું તે માને છે. માણસે બે અપરાધો કરેલા છે; એક તો એણે દેવો દ્વારા નિષિદ્ધ કરાયેલું ફળ ચાખ્યું છે અને બીજો અપરાધ છે, પ્રેમ અને શાંતિના ફિરસ્તારૂપે અવતરેલા ઇસુને એણે વધ સ્તંભે ચઢાવી દીધા છે. તેથી માણસ પાપનું સંતાન છે. એટલે ત્યાંની પ્રજાની દૃઢ માન્યતા છે કે આ પાપકૃત્યોને of human bondege સ્વીકારી, અન્ય કોઈ સત્તા પાસે નહીં, તો છેવટે પોતાની જાત પાસે તો પ્રાયશ્ચિતરૂપે કબૂલાત કરવી જોઈએ. એટલે પશ્ચિમમાં, પ્રજાના જીવનદર્શનમાં, પાપકૃત્યની કબૂલાત (confession) અને ક્ષમા (forgiveness)ના સંપ્રત્યયો (concepts) મહત્ત્વના બન્યા છે.

પાશ્ચાત્ય દર્શનમાં, ભારતીય દર્શનોની માફક, આત્મા અને પરમાત્માના ખ્યાલો સ્વતંત્રરૂપે વિકસ્યા નથી. પરંતુ આત્માની જગ્યાએ (own self) અને પરમાત્માની જગ્યાએ આત્યંતિક વાસ્તવિકતા (ultimate reality)ના ખ્યાલો વિકસ્યા છે. એ પ્રજાની

ખરી તલાશ જીવનના આખરી તથ્ય અને અસત્યને સમજવાની છે. ત્યાં ઈશ્વર (God) એવી સંજ્ઞા અને એનો ખ્યાલ બંને છે. પણ Godની કલ્પના એમણે એક બખ્તર, કવચ કે ઢાલ રૂપે કરેલી છે. માણસ જીવનમાં અનેક મનોભીતિઓ (phobia)નો શિકાર બનતો હોય છે. કોઈને એકાંતનો, કોઈને એકલતાનો, કોઈને અંધકારનો, કોઈને ઊંચાઈનો, કોઈને જીવજંતુઓનો, કોઈને શસ્ત્રોઅસ્ત્રોનો, કોઈને વૃદ્ધાવસ્થાનો તો કોઈને મૃત્યુનો ભય સતાવે છે. આવા ભય સામે પ્રતિબળ રૂપે એમણે Godની કલ્પના કરેલી છે. કેટલાક લોકો God સંજ્ઞાની સમજૂતી G means generater, O means organiser અને D means destroyer રૂપે આપે છે, એવો કોઈ ખ્યાલ ત્યાં પ્રચલિત થયો નથી.

પશ્ચિમની પ્રજા પૂર્વજન્મ અને પૂનર્જન્મમાં માને છે, પણ એ ભારતીય પ્રજાની માફક નિયતિવાદી કે પ્રારબ્ધવાદી નથી. એને આમુષ્મિક લોકમાં નહીં, પણ ઈહલોકમાં રસ છે. આ ભૌતિક જગતમાં જો પોતાને મનુષ્યરૂપે જન્મ મળ્યો છે તો તેણે પોતાની બુદ્ધિ, તર્ક, વિચાર, સમજ અને શોધખોળ દ્વારા પોતાનું જીવનશિલ્પ ઘડવાનું છે. જગતમાં રહેલી પ્રાકૃતિક (natural) અને માનવ (human) સંપદા (resources)નો મહત્તમ ઉપયોગ કરી ભૌતિક દૃષ્ટિએ સાધન સંપન્ન અને સુખી થવાનો ઉદ્દેશ પોતે પાર પાડવાનો છે. એ ઉદ્દેશ પાર પાડતી વખતે વિશ્વની પરિમાણગત અને પ્રતીતિજન્ય જે કાંઈ ખૂબી-ખામીઓ છે, તેને લક્ષ કરીને પોતે આગળ ધપવાનું છે. પોતાના દર્શન (vision) અને લક્ષ્ય (mission)માં સ્પષ્ટ રહી, વૈજ્ઞાનિક અભિગમ (scientific approach)થી જીવનમાં સફળતા અને સાર્થકતા પ્રાપ્ત કરવાની છે, એવી જીવનદૃષ્ટિ વિકસાવેલી છે. સ્વતંત્રતા, સમાનતા અને બંધુતાના પાયાનાં મૂલ્યોનો અને કાર્યદક્ષતા, પ્રામાણિકતા, સાહસિકતા, શિસ્તબદ્ધતા, નિયમિતતા અને સહભાગિતા જેવા આચારો અને આદર્શોનું પાલન કરી ખુદવફાઈ (ownself be true) જાળવીને પોતે જ પોતાના ભાગ્યનો કર્તા અને ભોક્તા બનવાનું છે, એવું જીવનદર્શન વિકસાવેલું છે.

પાશ્ચાત્ય દર્શન સીધી રીતે આત્મા અને પરમાત્માનો વિચાર કરતું ન હોવાથી ભલે આપણે એ પ્રજાના અભિગમને આધ્યાત્મિક (spiritual)ને બદલે ધરતી પર પગ રાખી (down to earth) રહી, જીવ, જગત અને ચૈતન્યની અંતિમ વાસ્તવિકતાને બૌદ્ધિક અને વાસ્તવવાદી પ્રયત્નોથી સમજવાનો અભિગમ સ્વીકારેલો હોવાથી એને ભૌતિક (materialistic) કહીને ઓળખાવી, પરંતુ એટલું તો સ્વીકારવું જ પડશે કે આ ultimate realityને સમજવા-પામવાની એની મથામણ ઘણી પ્રામાણિક, નિષ્ઠાવાન અને પાકી નિસબતવાળી છે. પશ્ચિમના દેશોમાં છેક પ્લેટો-એરિસ્ટોટલથી આરંભી, કાન્ટ, સ્પિનોઝા, હેગલ, બ્રેડલે, એડિંગ્ટન, સાર્ત્ર, હોકાર્ટ અને ફૂકો સુધી જે તત્ત્વવિચારણા વિકસેલી છે તેની આ છે આછી પાતળી ઝાંખી.

**ભારતીય દર્શનો પાસે આ ultimate realityની પ્રતીતિ છે, પણ સાબિતી નથી. પાશ્ચાત્ય દર્શનો વિજ્ઞાનની વિવિધ શાખાઓની ઓથે વિકસેલાં હોઈ, એમની પાસે પ્રયોગમૂલક (experiemental) સાબિતી છે, પણ પ્રતીતિ નથી.** શું એવું ન બની શકે કે પૂર્વની પ્રતીતિ અને પશ્ચિમની સાબિતીનો સંયોગ રચાય તો ખૂટતી કડીઓ સંધાય જાય અને વિચારની સર્કિટ પૂરી થઈ જાય? ✷✷✷

[તા. ૧૨-૯-૨૦૧૫ના ૮૧મી પર્યુષણ વ્યાખ્યાનમાળામાં પ્રસ્તુત કરેલું વક્તવ્ય.]

કદમ્બ બંગલો, ૩૫, પ્રોફેસર સોસાયટી, મોટા બઝાર,
વલ્લભ વિદ્યાનગર-૩૮૮૧૨૦.
મો. : ૦૯૭૨૭૩૩૩૦૦૦.


## 'જૈન દર્શન અને વિજ્ઞાન'
## 'ઐતિહાસિક આંતરરાષ્ટ્રીય કોન્ફરેશન'
**INTERNATIONAL CONFERENCE ON SCIENCE & JAIN PHILOSOPHY**

આયોજક

**ભગવાન મહાવીર આંતરરાષ્ટીય અનુસંધાન કેન્દ્ર**

(જૈન વિશ્વભારતી વિશ્વવિદ્યાલય, લાડનૂ)

**IIT, Mumbai, University of Mumbai**
**K.J. Somaiya Centre for studies in Jainism**
**Place & Date 8, 9 & 10 January 2016**

**કોન્ફરન્સનો મુખ્ય ઉદ્દેશ :** જૈન દર્શનમાં વૈજ્ઞાનિક રહસ્યો અને વિજ્ઞાનમાં જૈન દર્શનના દૃષ્ટિકોણ ઉપર સંશોધન અને તેના દ્વારા જીવન પદ્ધતિ પર માર્ગદર્શન

**૧૫ દેશ, ૧૦૦ વિદ્વાન, ૩ દિવસ; મહાસંમેલન**

વિશ્વ પ્રખ્યાત વૈજ્ઞાનિક સ્ટીફન હોકીંગના સહ વૈજ્ઞાનિક રોજર પેનરોઝ, જસ્ટીસ દલવીર ભંડારી, ચેરમેન કીરણકુમાર, ભૂતપૂર્વ ચેરમેન ડૉ. કસ્તુરી રંગન, આગમ મનીષી મુનિશ્રી મહેન્દ્રકુમાર, સિદ્ધ વૈજ્ઞાનિક સંત નંદીઘોષ સૂરિજી જેવા અનેક વિદ્વાનો આ કોન્ફરન્સમાં માર્ગદર્શન આપશે.સંમેલન પછી JAINISM & SCIENCE ઉપર એક વિશ્વ કક્ષાના RESEARCH CENTRE ની શરૂઆત મુંબઈમાં થશે.

વિશેષ વિગત તથા સંમેલન માટે ઓનલાઈન રજિસ્ટ્રેશન

વેબસાઈટ : www.icsjp.org. ફોન : 981982148

**ડૉ. કે. પી. મિશ્રા ડૉ. બિપીન દોશી ડૉ. સમની ચૈતન્ય પ્રભા**

અધ્યક્ષ સેક્રેટરી મહા નિર્દેશક

**ધર્મ અને વિજ્ઞાન દુશ્મન નહીં દોસ્ત બને**

# તથાગતનું દર્શન

☐ ભાણદેવજી

**૧. ભૂમિકા**

ભારતવર્ષની એક મૂલ્યવાન વિશેષતા છે કે જ્યારે જ્યારે ધર્મ, સંસ્કૃતિ, સમાજ-જીવન, દર્શન આદિમાં ઉચ્છૃંખલતા આવે છે ત્યારે તે સર્વ ક્ષેત્રોમાં શોધન કરીને પુનઃ સુચારુ વ્યવસ્થા પ્રસ્થાપિત કરવા માટે ગાડી પુનઃ પાટા પર ચડાવી દે છે. આવા મહાપુરુષના પ્રાગટ્યની ઘટનાઓ અનેકાનેક વાર બની છે. આવું જ એક મહાન પ્રાગટ્ય છે–ભગવાન બુદ્ધનું પ્રાગટ્ય!

મહાપુરુષનું દર્શન તત્કાલિન સમાજની પરિસ્થિતિના અનુસંધાનમાં હોય છે. તદનુસાર ભગવાન બુદ્ધના દર્શનને સમજવા માટે આવશ્યક છે કે આપણે ભગવાન બુદ્ધના પ્રાગટ્ય વખતની ભારતની પરિસ્થિતિને સમજવી જોઈએ.

(૧) રાજકીય રીતે ભારત અનેક નાનાં નાનાં રાજ્યોમાં વહેંચાયેલો હતો. તેમની વચ્ચે અંદરો અંદર યુદ્ધો પણ ચાલતાં હતાં. તે વખતે ગણરાજ્યો પણ હતા અને રાજસત્તાત્મક રાજ્યો પણ હતા.

(૨) આત્મા, પરમાત્મા, જગત, પાપ, પુણ્ય, બંધ મોક્ષ આદિ બાબતોમાં અનેક મતમતાંતરો હતા અને વાદ-વિવાદ અને વિતંડાવાદ ચાલતા હતા.

(૩) સાધના-ઉપાસનાના અનેક મતમતાંતરો પ્રચલિત હતા. અનેક દેવ-દેવીઓની ઉપાસના પ્રચલિત હતી. યજ્ઞો ખૂબ થતા અને યજ્ઞોમાં પશુબલિની પ્રથા પણ હતી.

(૪) દેહદમન અને દેહને કષ્ટ આપનારી તપશ્ચર્યાઓ પણ પ્રચલિત હતી.

આમ રાજકીય, સામાજિક, ધાર્મિક આદિ ક્ષેત્રોમાં ઉચ્છૃંખલતા વ્યાપેલી હતી અને સામાન્ય પ્રજા મતમતાંતરમાં મૂંઝાયેલી હતી. કોઈક મહત્ પુરુષના સમર્થ માર્ગદર્શનની આવશ્યકતા હતી અને તે કપરા કાળે ભગવાન બુદ્ધ પોતાના એક અતિ વિશિષ્ટ દર્શન સાથે પ્રગટ થયા.

**૨. બૌદ્ધ દર્શનની વિશિષ્ટતાઓ**

**(૧) અનાત્મવાદ**

વિશ્વભરના સર્વ ધર્મોમાં આત્મતત્ત્વનો સ્વીકાર થયો છે. આત્મા જન્મમરણથી પર અને શાશ્વત તત્ત્વ છે અને આત્મા ચૈતન્ય છે. આત્મા અપરિવર્તનશીલ, અનાદિ અને અનંત છે.

બૌદ્ધદર્શનમાં આત્મતત્ત્વનો સ્વીકાર નથી. બૌદ્ધધર્મ વિશ્વનો એક માત્ર ધર્મ છે, જેમાં આવા કોઈ શાશ્વત આત્મતત્ત્વનો સ્વીકાર નથી.

અનાત્મવાદ, બૌદ્ધદર્શનનો એક અસાધારણ વિશિષ્ટ સિદ્ધાંત છે.

**(૨) અનીશ્વરવાદ**

વિશ્વભરના બધા નહિ તો પણ મોટા ભાગના ધર્મોમાં 'ઈશ્વર'નો અબાધિત સ્વીકાર છે. ઈશ્વર, પરમેશ્વર, પરમાત્મા, ભગવાન આદિ કોઈ પણ નામથી કહો, પરંતુ તે જ આ વિશ્વનો કર્તા, ધર્તા અને સંહર્તા છે. તે અનાદિ, અનંત, સર્વજ્ઞ અને સર્વશક્તિમાન છે અને તેથી પણ અધિક ઘણું છે.

બૌદ્ધદર્શનમાં આવા કોઈ ઈશ્વરતત્ત્વનો સ્વીકાર નથી.

આત્મા અને પરમાત્મા–આ બંને તત્ત્વોનો અસ્વીકાર કરવો, તે વિરલ અને અભૂતપૂર્વ ક્રાન્તિકારી ઘટના છે.

આત્મા અને પરમાત્મા વિના પણ ધર્મની રચના થઈ શકે? આ અશક્યવત્ જણાતું મહાન કાર્ય બૌદ્ધોએ સિદ્ધ કરી બતાવ્યું છે અને આત્મા અને પરમાત્માનો સ્વીકાર કર્યા વિના પણ તેઓએ એક મહાન ધર્મ–બૌદ્ધધર્મની પ્રતિષ્ઠા કરી છે. આ એક અસાધારણ વિરલ ઘટના છે.

**૩. કૃપાતત્ત્વનો ઈન્કાર**

જો આત્માનો સ્વીકાર નથી; જો પરમાત્માનો સ્વીકાર નથી, તો કોણ કોના પર કૃપા કરે? સામાન્યતઃ મોટા ભાગના ધર્મોમાં કૃપાતત્ત્વનો સ્વીકાર થયો છે. અહીં બૌદ્ધધર્મમાં પરમાત્માનો જ સ્વીકાર નથી, તો કૃપાતત્ત્વનો સ્વીકાર કેવી રીતે થઈ શકે?

કોઈ કોઈના પર કૃપા કરીને કોઈના જીવનમાં કોઈ ક્રાંતિ કે પરિવર્તન કરી શકે, આ સિદ્ધાંતનો બૌદ્ધધર્મમાં સ્વીકાર થયો નથી.

તમારે તમારા પુરુષાર્થથી જ તમારું જીવન બનાવવાનું છે અને તમારો મોક્ષ (નિર્વાણ) પણ તમારે તમારા પુરુષાર્થથી જ સિદ્ધ કરવાનો છે. ભગવાનની કે કોઈની કૃપાથી નહિ જ. આ બૌદ્ધધર્મના દર્શનની એક મહત્ત્વપૂર્ણ લાક્ષણિકતા છે. ભગવાન બુદ્ધ પણ તમને નિર્વાણ ન આપી શકે. તે તમારે જ, તમારા જ પુરુષાર્થથી સિદ્ધ કરવાનો છે.

**(૪) અનિત્યવાદ**

બધું જ અને બધું જ અનિત્ય છે. ક્ષણિક છે. સતત પરિવર્તનશીલ છે. સમગ્ર અસ્તિત્વમાં કશું જ નિત્ય નથી. નદીની જલધારાની જેમ કે દીપકની જ્યોતની જેમ સમગ્ર અસ્તિત્વ, નિરપવાદ સ્વરૂપે સતત પરિવર્તનશીલ છે. આ બૌદ્ધધર્મનો અનિત્યવાદ છે.

***તમારે તમારા પુરુષાર્થથી જ તમારું જીવન બનાવવાનું છે***

આ સમગ્ર અસ્તિત્વ અનિત્ય છે, પરિવર્તનશીલ છે અને તદનુસાર આત્મા કે પરમાત્મા જેવો કોઈ નિત્ય તત્ત્વનો બૌદ્ધધર્મના દર્શનમાં સ્વીકાર થયો નથી.

**બૌદ્ધધર્મમાં કર્મનું સાર્વભૌમત્વ સ્વીકારેલું છે**

### (૫) કર્મનો સિદ્ધાંત

કોઈ ને કોઈ સ્વરૂપે વિશ્વના લગભગ સર્વ ધર્મોમાં કર્મનો નિયમ છે. કોઈપણ કર્મ સાવ નકામું જતું નથી. તેના સારાંમાઠાં ફળ કર્તા પર આવે જ છે. આ એક સામાન્ય અને સર્વસ્વીકૃત સિદ્ધાંત છે. આ સિદ્ધાંત પર કર્મનો નિયમ પ્રતિષ્ઠિત છે. કોઈ માનવી પાપકર્મ કરે તો તેના માઠાં ફળ તેને ભોગવવા જ પડે અને કોઈ માનવી પુણ્યકર્મ કરે તો તેના મીઠાં ફળ તેને મળે જ છે. આ હકીકતનો મહદ્ અંશે સર્વત્ર સ્વીકાર થયો છે. આ સિદ્ધાંતમાંથી કર્મના સિદ્ધાંતનો વિકાસ અને વિસ્તાર થયો છે.

સર્વ ધર્મોમાં કર્મનો સિદ્ધાંત તો છે, પરંતુ પોતપોતાના દર્શનને અનુરૂપ પ્રત્યેકમાં કર્મના સિદ્ધાંતનું સ્વરૂપ અલગ અલગ છે. હિન્દુ ધર્મમાં સર્વશક્તિમાન, કર્તા, ધર્તા અને હર્તા પરમેશ્વરનું સ્થાન છે અને એનું સ્થાન સર્વોચ્ચ છે. તદનુસાર હિન્દુ ધર્મમાં કર્મના સિદ્ધાંતને સર્વોચ્ચ કે અબાધિત ગણી શકાય નહિ, કારણ કે સર્વોચ્ચ તો પરમાત્મા છે. પરમાત્મા કોઈને અને તેથી કર્મના નિયમને આધીન નથી, પરંતુ બધું જ તેને આધીન છે, તદનુસાર કર્મનો નિયમ પણ પરમાત્માને આધીન છે. પરમાત્મા કર્તુમકર્તુમન્યથાકર્તુમસમર્થ છે. તેથી કર્મના નિયમને અતિક્રમી શકે છે. આમ હિન્દુ ધર્મમાં અને ઈશ્વરને સર્વોચ્ચ માનનાર સર્વ ધર્મોમાં કર્મના સિદ્ધાંતને સર્વોચ્ચ કે અબાધિત સ્થાન મળી શકે નહિ.

બૌદ્ધધર્મમાં પરમાત્મા કે એવી કોઈ સર્વોચ્ચ સત્તાનો સ્વીકાર નથી અને તેથી બૌદ્ધધર્મમાં કર્મનો સિદ્ધાંત અબાધિત છે અર્થાત્ કર્મના સિદ્ધાંતને કોઈ શક્તિ અતિક્રમી શકે નહિ. આમ એક રીતે જોઈએ તો એમ લાગે છે કે બૌદ્ધધર્મમાં ઈશ્વરનું સ્થાન જાણે કર્મના સિદ્ધાંતે લઈ લીધું છે. બૌદ્ધધર્મમાં કર્મનું સાર્વભૌમત્વ સ્વીકારેલું છે અને તેથી પુરુષાર્થનું પ્રાધાન્ય છે, કારણ કે કૃપા કરનાર કે કૃપાનો સ્વીકાર નથી.

બૌદ્ધધર્મમાં કર્મના સિદ્ધાંતની વિશદ છણાવટ થઈ છે.

બૌદ્ધધર્મમાં કર્મોના બે પ્રકાર કહ્યા છે–કુશલ કર્મ અને અકુશલ કર્મ. સત્કર્મ કુશલ કર્મ છે અને પાપકર્મ અકુશલ કર્મ છે. કુશલ કર્મનું ફળ સુખ, દુઃખમુક્તિ, સંપત્તિ અને સુગતિ છે અને અકુશલ કર્મનું ફળ દુઃખ, વિપત્તિ અને દુર્ગતિ છે.

વળી બૌદ્ધધર્મમાં કર્મના અન્ય રીતે પણ બે પ્રકાર પાડવામાં આવે છે. સાસ્રવ અને નિરાસ્રવ. સાસ્રવ કર્મ એટલે જેમાં કર્મની પરંપરા ચાલુ રહે તેવા કર્મ. નિરાસ્રવ કર્મ એટલે જેમાં કર્મની પરંપરા તૂટી જાય છે. સાસ્રવ કર્મ સુખ કે દુઃખ આપનારા અને તેથી બંધનનું કારણ બને છે. નિરાસ્રવ કર્મ સુખ-દુઃખમાંથી મુક્તિ આપનારા અને તેથી નિર્વાણ તરફ દોરી જાય છે.

ગીતામાં સાસ્રવ કર્મને સકામ કર્મ અને નિરાસ્રવ કર્મને નિષ્કામ કર્મ કહેલ છે.

બૌદ્ધધર્મમાં કર્મના વળી ત્રણ પ્રકાર પણ પાડવામાં આવે છે- કાયિક, વાચિક અને માનસિક. માનસિક કર્મ અન્ય કર્મોનું જનક છે અને તેથી સૌથી મહત્ત્વપૂર્ણ છે.

સંતાપ, પ્રાયશ્ચિત આદિથી કર્મનું ફળ ઓછું થાય છે કે સર્વથા વિલીન પણ થઈ શકે છે.

જે કર્મના ફળને અન્ય ઉપાયોથી રોકી શકાય તેને અનિયત વિપાકી કર્મ કહેલ છે અને જે કર્મના ફળને ભોગવવું જ પડે તેને નિયતવિપાકી કર્મ કહેલ છે.

નિયતવિપાકી કર્મના ત્રણ પ્રકારો કહેલ છે-

૧. વર્તમાન જન્મમાં જ ફળ આપે છે.

૨. પછીના જન્મમાં ફળ આપે છે.

૩. ત્રીજા કે ત્યાર પછીના જન્મમાં ફળ આપે છે.

બૌદ્ધદર્શન પ્રમાણે કર્મ પોતાના સામર્થ્યથી જ ફળ આપે છે. કર્મને પોતાનું ફળ આપવા માટે ઈશ્વર કે એવા કોઈ તત્ત્વની સહાયની આવશ્યકતા નથી.

બૌદ્ધધર્મમાં ઈશ્વરને સ્થાન નથી અને કર્મને ખૂબ મહત્ત્વપૂર્ણ સ્થાન છે, તેથી બૌદ્ધધર્મ પુરુષાર્થનો પુરસ્કર્તા ધર્મ બન્યો છે.

### (૬) પુનર્જન્મનો સિદ્ધાંત

આ એક વિરલ ઘટના છે કે બૌદ્ધધર્મમાં આત્માનો સ્વીકાર નથી અને છતાં પુનર્જન્મના સિદ્ધાંતનો સ્વીકાર છે. પ્રથમ દૃષ્ટિએ આત્માનો સ્વીકાર કર્યા વિના પુનર્જન્મના સિદ્ધાંતનો સ્વીકાર કરવો તે વદતોવ્યાઘાત જણાય છે. જો આત્મા જ નથી તો એક જન્મ પૂરો કરીને બીજા જન્મમાં કોણ જાય છે? આવો સવાલ ઉપસ્થિત થાય જ છે.

પુનર્જન્મના સિદ્ધાંતનો વિશદ સ્વરૂપે વિચાર થયો છે. ભગવાન બુદ્ધના વિગત જન્મોની કથાઓ–જાતકથાઓ ઘણી છે અને ખૂબ પ્રચલિત પણ બની છે.

વળી કર્મનો સિદ્ધાંત અને પુનર્જન્મનો સિદ્ધાંત ગાઢ રીતે જોડાયેલા છે અને અન્યોન્યાશ્રિત છે. બૌદ્ધ ધર્મમાં કર્મનો સિદ્ધાંત ખૂબ મહત્ત્વપૂર્ણ સિદ્ધાંત છે અને પુનર્જન્મના સિદ્ધાંતનો સ્વીકાર કર્યા વિના કર્મના સિદ્ધાંતને સમજી-સમજાવી શકાય તેમ નથી. આમ આ બંને જોડિયા સિદ્ધાંતો બૌદ્ધધર્મમાં ઉચિત સ્થાન પામ્યા છે. પરંતુ લાખ રૂપિયાનો પ્રશ્ન એ છે કે આત્માનો સ્વીકાર કર્યા વિના પુનર્જન્મના સિદ્ધાંતનો મેળ કેવી રીતે બેસાડી શકાય?

કર્મનો નિયમ અને પુનર્જન્મનો નિયમ યાંત્રિક નથી. કર્મફળમાંથી અને જન્મજન્માંતરની ઘટમાળમાંથી મુક્ત થવાનો ઉપાય છે. નિર્વાણ

પામનાર મુક્ત પુરુષ કર્મ કરે તો પણ તેને ફળ પ્રાપ્ત થતું નથી અર્થાત્ નવા કર્મો બનતા નથી. અને નિર્વાણ પ્રાપ્ત કરનાર મુક્ત પુરુષ જન્મ-મરણની ઘટમાળમાંથી પણ મુક્ત થઈ જાય છે. આમ ભગવાન બુદ્ધ કર્મના સિદ્ધાંતમાં અને પુનર્જન્મના સિદ્ધાંતમાં માને છે, આમ છતાં કર્મ અને પુનર્જન્મના ચક્રમાંથી બહાર નીકળવાનો ઉપાય પણ બતાવે છે.

*આ તો મહાશૂન્યમાં વિલીન થવાની ઘટના છે.*

હવે પ્રશ્ન છે કે જો બૌદ્ધદર્શનમાં આત્માનો સ્વીકાર નથી, તો પુનર્જન્મ કોનો થાય છે? એક શરીરમાંથી બીજા શરીરમાં કોણ જાય છે?

બૌદ્ધદર્શનમાં શાશ્વત, અપરિણામી અનાદિ-અનંત-એવા આત્માનો સ્વીકાર નથી. આમ છતાં એક જન્મમાંથી બીજા જન્મમાં જનાર એક તત્ત્વનો તેઓ સ્વીકાર કરે છે અને તે તત્ત્વને તેઓ નામ આપે છે – વિજ્ઞાન!

આ વિજ્ઞાન, તે ચેતનાનો પ્રવાહ (A Stream of Consciousness or a series of mental Processes) છે. પરંતુ વિજ્ઞાન આત્માની જેમ અપરિણામી, નિત્ય કે અનંત નથી, પરંતુ સતત પરિવર્તનશીલ અને સાન્ત છે.

બૌદ્ધદર્શનમાં માનવને પાંચ સ્કંધોનો સંયોગ માનવામાં આવે છે. આ પાંચ સ્કંધ આ પ્રમાણે છે-

૧. રુપ સ્કંધ–મનુષ્યનું શરીર, ઈન્દ્રિયો આદિ.

૨. વેદના સ્કંધ–લાગણી, આવેગ, સુખદુઃખ આદિ.

૩. સંજ્ઞા સ્કંધ–જ્ઞાનેન્દ્રિયો દ્વારા જ્ઞાન પ્રાપ્ત કરવાની ઘટના.

૪. સંસ્કાર સ્કંધ–સ્મૃતિઓ, ધારણાઓ, પૂર્વગ્રહો, સંસ્કારો આદિ.

૫. વિજ્ઞાન સ્કંધ–ચેતનાનો પ્રવાહ.

**આ વિજ્ઞાન તત્ત્વ એક જન્મમાંથી બીજા જન્મમાં જાય છે અને તેનો પુનર્જન્મ થાય છે અને નિર્વાણ સમયે તેનું પણ વિસર્જન થાય છે. નિર્વાણમાં કશાનું અસ્તિત્વ રહેતું જ નથી. આ તો મહાશૂન્યમાં વિલીન થવાની ઘટના છે.**

આમ બૌદ્ધ દાર્શનિકોએ શાશ્વત આત્માનો સ્વીકાર કર્યા વિના પણ પુનર્જન્મના સિદ્ધાંતનો સ્વીકાર કર્યો છે અને તેનો મેળ પણ બેસાડી દીધો છે.

**(૭) વેદ પ્રામાણ્યનો ઈન્કાર**

હિન્દુ પરંપરામાં વેદને અંતિમ પ્રમાણ તરીકે સ્વીકારેલ છે. બૌદ્ધદર્શનમાં વેદ કે અન્ય કોઈ ગ્રંથનો અંતિમ પ્રમાણ તરીકે સ્વીકાર થયો નથી. તદનુસાર માનવીની વિવેકબુદ્ધિને વિશેષ મહત્ત્વ પ્રાપ્ત થયેલ છે.

**(૮) યજ્ઞાદિ કર્મોનો ત્યાગ**

યજ્ઞ, હિન્દુ અધ્યાત્મસાધનાની ગંગોત્રી છે. તે કાળે યજ્ઞનો ખૂબ મહિમા હતો અને અનેક અને અનેકવિધ યજ્ઞો થતા; હિંસક યજ્ઞો પણ થતા.

ભગવાન બુદ્ધે યજ્ઞનો સર્વથા ઈન્કાર કર્યો નથી. તેમણે હિંસક યજ્ઞો અને અતિ ખર્ચાળ મોટા યજ્ઞોનો ઈન્કાર કર્યો છે. નાના યજ્ઞો કરવાની અનુમતિ આપી છે. આમ છતાં બૌદ્ધ પરંપરામાં યજ્ઞો દ્વારા ઉપાસના થતી નથી.

ભારતમાં, હિન્દુ પરંપરામાં પણ યજ્ઞીય હિંસા બંધ કરવામાં ભગવાન બુદ્ધનો ફાળો સર્વાધિક છે, એમ સ્વીકારવું જોઈએ.

**(૯) જ્ઞાતિ પ્રથાનો ઈન્કાર**

તે કાળમાં જન્મને આધારે નિર્ધારિત પ્રબળ જ્ઞાતિ પ્રથા હતી. ભગવાન બુદ્ધે આ સ્વરૂપની જ્ઞાતિ પ્રથાને માનવાનો ઈન્કાર કર્યો. માનવી જન્મથી ઊંચો કે નીચો નથી બનતો, પરંતુ પોતાનું મન, કર્મો, જીવનશૈલી, વિચારધારા–આ પરિબળોને આધારે તેને ઊંચો કે નીચો ગણી શકાય. ભગવાન બુદ્ધે જન્માનુસાર જ્ઞાતિપ્રથા પર ભારે મોટો પ્રહાર કર્યો. એટલું જ નહિ, પરંતુ જન્મથી શુદ્ર ગણાય તેવા અનેક માનવોને તેમણે પ્રવજ્યા પણ આપી છે.

**(૩) ચાર આર્યસત્યો**

બૌદ્ધદર્શનની કરોડરજ્જુ છે–ચાર આર્ય સત્યો.

(૧) સર્વ દુઃખમ્

રોગ, જરા અને મરણના દુઃખમય દૃશ્યો જોઈને ભગવાન બુદ્ધનું માહભિનિષ્ક્રમણ થયું. બુદ્ધત્વની પ્રાપ્તિ પછી પણ આ દર્શન ચાલુ રહ્યું અને ભગવાન બુદ્ધ એવા નિષ્કર્ષ પર પહોંચ્યા કે જીવન દુઃખથી પરિપૂર્ણ છે. ભગવાન બુદ્ધે આ જીવનને સર્વથા દુઃખપૂર્ણ ગણ્યું છે. જન્મ, જરા, રોગ, મૃત્યુ, શોક, નિરાશા, પ્રિયનો વિયોગ, અપ્રિયનો સંયોગ આદિ તત્ત્વોથી જીવન વ્યાપ્ત છે.

જીવનમાં જે સુખ જણાય છે, તે પણ ક્ષણિક અને દુઃખથી ઘેરાયેલા છે, તેથી બધું જ, સમગ્ર જીવન દુઃખપૂર્ણ છે. આ ભગવાન બુદ્ધનું દર્શન છે અને તદનુસાર આ પ્રથમ આર્યસત્ય છે.

દુઃખ દર્શનથી નિર્વાણ પ્રત્યેનો યાત્રાનો પ્રારંભ થાય છે. તેથી દુઃખ દર્શન, આર્ય સત્ય છે અને પ્રથમ આર્યસત્ય છે.

(૨) દુઃખસમુદય :

દ્વિતીય આર્ય સત્ય દુઃખના કારણ વિષયક છે.

ભગવાન બુદ્ધ કહે છે કે દુઃખનું કારણ તૃષ્ણા છે. આ દ્વિતીય આર્યસત્ય છે.

તૃષ્ણાના પ્રધાનતઃ ત્રણ સ્વરૂપો છે-

(૧) કામ તૃષ્ણા.

કામતૃષ્ણા એટલે ઈન્દ્રિયોના સુખોની તૃષ્ણા.

(૨) ભવ તૃષ્ણા

ભવતૃષ્ણા એટલે જીવનની તૃષ્ણા

(૩) વિભવ તૃષ્ણા

વિભવ તૃષ્ણા એટલે વૈભવ અર્થાત્ સમૃદ્ધિની તૃષ્ણા.

તૃષ્ણા દુઃખનું કારણ છે અને તૃષ્ણાના ત્યાગમાં જ દુઃખમુક્તિ છે.

દુઃખની વિશદ કારણમીમાંસા ભગવાન બુદ્ધ પ્રણીત દ્વાદશ નિદાન અર્થાત્ પ્રતીત્યસમુત્પાદમાં અભિવ્યક્ત થયેલ છે.

(૩) દુઃખ નિરોધ

પ્રથમ આર્યસત્યમાં દુઃખદર્શન અને દ્વિતીય આર્યસત્યમાં દુઃખના કારણ તરીકે તૃષ્ણાનું દર્શન કર્યા પછી આપણા મનમાં સ્વાભાવિક રીતે જ પ્રશ્ન થાય છે–દુઃખનો નિરોધ શક્ય છે કે નહિ? દુઃખમાંથી મુક્તિ મળી શકે કે નહિ?

તૃતીય આર્યસત્યમાં ભગવાન બુદ્ધ સ્પષ્ટ કહે છે કે દુઃખનિરોધ અર્થાત્ દુઃખમાંથી મુક્તિ શક્ય છે.

ભગવાન બુદ્ધ દુઃખ દર્શનથી અટકી જતા નથી. ભગવાન બુદ્ધ દુઃખમુક્તિની શક્યતા દર્શાવે છે.

જીવન દુઃખપૂર્ણ છે; પરંતુ આપણે દુઃખમાં જ જીવવાનું છે, તેમ નથી. આ દુઃખોમાંથી મુક્ત થવાનો વિકલ્પ આપણી પાસે છે જ. આ બહુ મોટું સમાધાન છે.

પ્રથમ આર્યસત્ય છે–દુઃખ છે.

દ્વિતીય આર્યસત્ય છે–દુઃખનું કારણ તૃષ્ણા છે. હવે તૃતીય આર્ય સત્ય છે-દુઃખ નિરોધ શક્ય છે. કેવી રીતે? કારણના નિવારણથી કાર્યનું નિવારણ થાય જ છે. કારણ તૃષ્ણાના ત્યાગથી કાર્ય દુઃખનું નિવારણ શક્ય છે.

દુઃખમાંથી આત્યંતિક મુક્તિનો માર્ગ છે – નિર્વાણ! નિર્વાણ દુઃખમુક્તિનો માર્ગ છે. તૃતીય આર્યસત્યની વિચારણામાં નિર્વાણની વિશદ વિચારણા થઈ છે.

(૪) દુઃખનિરોધ માર્ગ–આર્ય અષ્ટાંગ માર્ગ

દુઃખ, દુઃખનું કારણ અને દુઃખમુક્તિની શક્યતા દર્શાવીને ભગવાન બુદ્ધ અટકી નથી ગયા. ભગવાન બુદ્ધ દુઃખમુક્તિ માટેનો સાધન પથ પણ બતાવે છે અને તે છે–ચતુર્થ આર્યસત્ય-દુઃખનિરોધ માર્ગ અર્થાત્ આર્ય અષ્ટાંગ માર્ગ.

બૌદ્ધ ધર્મની સાધન પદ્ધતિમાં આર્ય અષ્ટાંગ માર્ગ કરોડરજ્જુ સમાન અર્થાત્ કેન્દ્રસ્થ તત્ત્વ છે.

ભગવાન બુદ્ધે દાર્શનિક તત્ત્વોની વિચારણા બહુ નથી કરી. તેમણે જીવનશુદ્ધિ અને દુઃખમાંથી આત્યંતિક મુક્તિના ઉપાયોની વિચારણા વિશેષ કરી છે. ભગવાન બુદ્ધ મૂલતઃ તત્ત્વચિંતક નથી, પરંતુ ભવરોગના ચિકિત્સક છે.

**૪. પ્રતીત્ય સમુત્પાદ – દ્વાદશનિદાન**

ભગવાન બુદ્ધ પ્રણીત દ્વિતીય આર્યસત્યમાં પ્રતીત્ય સમુત્પાદનો ઉલ્લેખ છે.

આ પ્રતીત્ય સમુત્પાદની કારણમીમાંસાના બાર સોપાનો છે, તેથી તેને દ્વાદશનિદાન પણ કહે છે.

આ પ્રતીત્ય સમુત્પાદનો સિદ્ધાંત ભગવાન બુદ્ધના દર્શનનો પ્રમુખ સિદ્ધાંત ગણાય છે.

પ્રતીત્ય સમુત્પાદનો અર્થ છે – એક તત્ત્વની પ્રાપ્તિમાંથી અન્ય તત્ત્વની ઉત્પત્તિ. આ સિદ્ધાંતનું સૂત્ર છે – પાટિચ્ચ સમુપ્પાદ અર્થાત્ – આમ હોય તો આમ થાય છે! આને જ Dependent Origination કહે છે. આ પ્રતીત્ય સમુત્પાદ સાપેક્ષ પણ છે અને નિરપેક્ષ પણ છે. સાપેક્ષ દૃષ્ટિથી સંસાર છે અને નિરપેક્ષ દૃષ્ટિથી તે નિર્વાણ છે. ભગવાન બુદ્ધ કહે છે-

'જે પ્રતીત્ય સમુત્પાદને જુવે છે, તે ધર્મને જુવે છે અને જે ધર્મને જુવે છે તે પ્રતીત્ય સમુત્પાદને જુવે છે.

પ્રતીત્ય સમુત્પાદની કારણમીમાંસાના બાર સોપાન આ પ્રમાણે છે.

૧. અવિદ્યાથી સંસ્કાર
૨. સંસ્કારથી વિજ્ઞાન
૩. વિજ્ઞાનથી નામ-રૂપ
૪. નામરૂપથી ષડાયતન
૫. ષડાયતનથી સ્પર્શ
૬. સ્પર્શથી વેદના
૭. વેદનાથી તૃષ્ણા
૮. તૃષ્ણાથી ઉપાદાન
૯. ઉપાદાનથી ભવ
૧૦. ભવથી જાતિ
૧૧. જાતિથી ૧૨. જરા-મરણ

**(૧) અવિદ્યા**

જીવૈષણા અને સમસ્ત દુઃખોનું મૂળ કારણ અવિદ્યા છે. અવિદ્યા જીવત્વ અને અહંકારનું મૂળ છે. અવિદ્યા કર્મોનો આશ્રય છે. અવિદ્યા અને કર્મ મળીને જીવ બનાવે છે. અવિદ્યાને કારણે જ સંસારનું દુઃખસ્વરૂપ ગુપ્ત રહે છે. અવિદ્યાને કારણે અહંકાર બને છે અને તેથી વ્યક્તિ પોતાને શેષ સંસારથી પૃથક્ સમજે છે.

**(૨) સંસ્કાર**

સંસ્કાર તે સંકલ્પશક્તિ છે, જે નવા અસ્તિત્વને ઉત્પન્ન કરે છે. અવિદ્યા બીજ છે. તેમાંથી સંસ્કાર પ્રગટે છે અને સંસ્કારમાંથી આગળની હારમાળા પ્રગટે છે. સંસ્કાર ઉત્પત્તિ અને ઉત્પાદક ક્રિયા બંને છે. શુદ્ધ, અશુદ્ધ, ધર્મસહિત, ધર્મરહિત કર્મોનું મૂળ સંસ્કાર છે. જેવા સંસ્કાર હોય તેવું તેનું ફળ મળે છે. ધનાદિ આસક્તિના સંસ્કાર તદનુરૂપ

***ભગવાન બુદ્ધ મૂલતઃ તત્ત્વચિંતક નથી, પરંતુ ભવરોગના ચિકિત્સક છે.***

***એક જન્મમાંથી બીજા જન્મમાં કોણ જાય છે? બૌદ્ધ દર્શનનો ઉત્તર છે – વિજ્ઞાન!***

જન્મ અને તદનુરૂપ પ્રવૃત્તિ કરાવે છે. સંસ્કારોમાંથી મુક્તિ પામવાના સંસ્કાર પ્રજ્ઞા અને નિર્વાણ તરફ દોરી જાય છે.

સંસ્કાર એવું બીજ છે, જે અવિદ્યામાંથી પ્રગટે છે અને તે બીજમાંથી બીજાં અનેક તત્ત્વો પ્રગટે છે.

**(૩) વિજ્ઞાન**

વિજ્ઞાન એવું તત્ત્વ છે, જેમાં સંસ્કારો સંચિત થાય છે.

મૃત્યુ પછી શરીર, સંવેદના અને પ્રત્યક્ષાદિનો વિનાશ થાય છે, પરંતુ વિજ્ઞાન રહે છે. એક જન્મમાંથી અન્ય જન્મોમાં જનાર તત્ત્વ તે જ 'વિજ્ઞાન' છે. બૌદ્ધદર્શનમાં આત્માનો સ્વીકાર નથી. તો પ્રશ્ન એ થાય છે કે એક જન્મમાંથી બીજા જન્મમાં કોણ જાય છે? બૌદ્ધ દર્શનનો ઉત્તર છે – વિજ્ઞાન!

આ વિજ્ઞાન તત્ત્વ નિત્ય કે શાશ્વત નથી. નિર્વાણ પ્રાપ્તિથી આ વિજ્ઞાન તત્ત્વનું વિલિનીકરણ થાય છે, અર્થાત્ તે નષ્ટ થઈ જાય છે.

આમ બૌદ્ધદર્શનમાં વિજ્ઞાન તે આત્માનો કામચલાઉ વિકલ્પ છે.

**(૪) નામ-રૂપ**

વિજ્ઞાનમાંથી નામ-રૂપ પ્રગટ થાય છે. વિષયી અને વિષય પરસ્પર આશ્રિત હોય છે. તદનુરૂપ નામ-રૂપ અને વિજ્ઞાન પરસ્પર આશ્રિત છે. નામ-રૂપ વિષય છે અને વિજ્ઞાન વિષયી છે.

**(૫) ષડાયતન**

નામ-રૂપ અને વિજ્ઞાનમાંથી ષડાયતન પ્રગટ થાય છે. ષડાયતન એટલે આંખ, કાન, નાક, જીભ અને ત્વચા – આ પાંચ જ્ઞાનેન્દ્રિયો અને છઠ્ઠું મન.

**(૬) સ્પર્શ**

ષડાયતનમાંથી સ્પર્શ પ્રગટ થાય છે.

નામ-રૂપયુક્ત આ સંસારના વિષયો સાથે ષડાયતન (પાંચ જ્ઞાનેન્દ્રિયો અને મન)નો સંપર્ક થાય છે. તેને અહીં સ્પર્શ કહેલ છે. સ્પર્શ એટલે માત્ર ત્વચા ઈન્દ્રિયનો જ સંપર્ક તેવો અર્થ અહીં નથી, પરંતુ અહીં ઉપલક્ષણથી પાંચેય ઈન્દ્રિયો અને મનનો વિષયો સાથે સંપર્ક, તેવો અર્થ લેવો જોઈએ.

**(૭) વેદના**

સ્પર્શથી વેદના પ્રગટ થાય છે. વેદનાનો અર્થ અહીં દુઃખ નહિ, પરંતુ સર્વ સંવેદનાઓ – એવો લેવો જોઈએ.

સંસારની વસ્તુઓના સંપર્ક (સ્પર્શ)થી સંવેદનાઓ પ્રગટ થાય છે. ભિન્ન ભિન્ન વસ્તુઓના સ્પર્શથી સુખદુઃખાદિ ભિન્ન ભિન્ન સંવેદનાઓ ઉત્પન્ન થાય છે.

**(૮) તૃષ્ણા**

વેદનાથી તૃષ્ણા ઉત્પન્ન થાય છે. આ તૃષ્ણા જ સર્વ દુઃખોનું કારણ છે. આ દ્વિતીય આર્યસત્ય છે. આ તૃષ્ણા જ વિજ્ઞાનને એક જન્મમાંથી અન્ય જન્મમાં અર્થાત્ પુનર્જન્મમાં લઈ જાય છે. આ તૃષ્ણાને કારણે જ વ્યક્તિ અંધ બનીને સાંસારિક વિષયો પાછળ દોડે છે. તૃષ્ણા માનવીને નાચ નચવે છે. તૃષ્ણાથી વશીભૂત થઈને દુઃખ દિવસે બમણું અને રાત્રે ચાર ગણું, તેમ વધતું જ રહે છે. તૃષ્ણાને વશમાં રાખીને અને તૃષ્ણામાંથી મુક્ત થઈને માનવી દુઃખમુક્ત થાય છે; દુઃખ કમલના પુષ્પમાંથી પાણી સરી પડે તેમ જીવનમાં સરી પડે છે.

> *આ તૃષ્ણા જ સર્વ દુઃખોનું કારણ છે.*

**(૯) ઉપાદાન**

તૃષ્ણામાંથી ઉપાદાન પ્રગટે છે.

ઉપાદાન એટલે તૃષ્ણાનો વિષય. તૃષ્ણા છે તો તૃષ્ણાનો વિષય છે, તેથી અહીં ઉપાદાન અને તૃષ્ણાના વિષયને તૃષ્ણામાંથી પ્રગટ થયેલી ગણાવી છે. તૃષ્ણારૂપી આગ ઉપાદાનરૂપી બળતણને લાગેલી જ રહે છે. જ્યાં અગ્નિ હોય ત્યાં બળતણ પણ હોય જ છે. ઉપાદાન અર્થાત્ જગતના સાંસારિક વિષયો પ્રત્યે રાગ અર્થાત્ મોહ જ જીવના બંધનનું કારણ બને છે. આ મોહમાંથી મુક્તિ બંધનમાંથી મુક્તિનું કારણ બને છે.

**(૧૦) ભવ**

ભવ ઉપાદાનમાંથી પ્રગટ થાય છે. ભવ એવું તત્ત્વ છે, જેમાંથી પુનર્જન્મ પ્રગટ થાય છે. ભવને પુનર્જન્મનું બીજ ગણવામાં આવે છે. આમ ભવ એટલે જન્મનું બીજભૂત કારણ.

**(૧૧) જાતિ**

જાતિ એટલે જન્મ. અહીં જાતિ એટલે ભાવિ જન્મ અર્થાત્ પુનર્જન્મ, એમ સમજવું જોઈએ.

ભવરૂપી બીજમાંથી જાતિ અર્થાત્ જન્મ પ્રગટ થાય છે. આ જાતિ અર્થાત્ જન્મને કારણે જ જીવ સંસારચક્રમાં ભમતો રહે છે.

જન્મ છે, ત્યાં સુધી દુઃખ છે.

**(૧૨) જરામરણ આદિ**

જીવ જન્મ ધારણ કરે છે અને તેમાંથી જરા (વૃદ્ધાવસ્થા), રોગ, દુઃખ, કલેશ, નિરાશા, મૃત્યુ આદિ અનેક અને અનેકવિધ દુઃખ પ્રગટ થાય છે અને જીવને તે ભોગવવા પડે છે.

**૫. સમાપન**

દુઃખોમાંથી આત્યંતિક મુક્તિનો એક જ ઉપાય છે–નિર્વાણ!

ભગવાન બુદ્ધ આ પ્રતીત્ય સમુત્પાદ – દ્વાદશ નિદાનરૂપી ભવચક્ર દર્શાવીને અટકી જતા નથી. તેમાંથી મુક્ત થવાનો ઉપાય અર્થાત્ નિર્વાણ પણ બતાવે છે. એટલું જ નહિ, પણ નિર્વાણની પ્રાપ્તિ માટેનો સાધનપથ પણ બતાવે છે.

✶ ✶ ✶

Mobile No. : 09374416610. Phone : 0282 2292688.

શ્રી મુંબઈ જૈન યુવક યોજિત ૮૧મી પર્યુષણ વ્યાખ્યાનમાળામાં તા. ૧૨-૯-૨૦૧૫ના આપેલું વક્તવ્ય.

## ગાંધી વાચનયાત્રા

# 'બિલવેડ બાપુ'

## એક અનન્ય મૈત્રી–મહાત્મા અને મીરા

❑ સોનલ પરીખ

### (૩)

### સંઘર્ષ : દિલનો પણ, દેશનો પણ

(નવેમ્બર ૨૦૧૫ના અંકથી આગળ)

ભારતનાં ઘણાં ગામડાઓમાં સ્વચ્છતા કાંતણ અને પીંજણ શીખવવા માટે મીરાબહેનને મોકલવામાં આવ્યા હતાં, એટલે મીરાબહેન આશ્રમ બહાર હોય તેવું ઘણી વાર બનતું. પણ ૧૯૩૦માં દાંડીકૂચ થઈ ત્યારે મીરાબહેન સાબરમતી આશ્રમમાં હતા. બાપુ મીઠાનો કાયદો તોડવાના હતા અને અસહકારની મોટી ચળવળ ઉપાડવાના હતા. આશ્રમને આ મોટા બનાવ માટે તેઓ તૈયાર કરી રહ્યા હતા. તેમનો ઉત્સાહ અને શક્તિ પરાકાષ્ઠાએ હતાં. સવારસાંજની પ્રાર્થનામાં બાપુ ખૂબ પ્રેરણાદાયક વાતો કરતા.

મીરાબહેનને દાંડીયાત્રામાં સામેલ થવું હતું. પણ સ્ત્રીઓને આ યાત્રામાં લેવી નહીં તેવું બાપુએ નક્કી કર્યું. મીરાબહેન નિરાશ થયાં. તેમાં બાપુએ પ્રતિજ્ઞા લીધી કે 'સ્વરાજ્ય મેળવ્યા વિના આશ્રમમાં પાછો નહીં આવું.' બાપુ વિનાનો આશ્રમ મીરાબહેનને ખાલી ખાલી, સૂનો સૂનો લાગતો હતો.

૧૯૩૦ની પાંચમી મેએ બ્રિટીશ સરકારે ગાંધીજીની ધરપકડ કરી. વિયોગ વધુ ઘેરો બન્યો. ૧૯૩૧ની શરૂઆતમાં બાપુને છોડવામાં આવ્યા. ત્યાર પછી વાઈસરોય લોર્ડ ઈરવિન સાથે શાંતિમંત્રણા થઈ, ત્યારે મીરાબહેન બાપુ સાથે હતાં. લોર્ડ ઈરવિન બાપુ પ્રત્યે આદર ધરાવતા. બાપુ ગોળમેજી પરિષદમાં લંડન જઈ હાજરી આપે તેમ તેઓ ઈચ્છતા હતા. બાપુને પણ લોર્ડ ઇરવિન પ્રત્યે માન હતું. ઘણી અપેક્ષા સાથે તેમણે વાટાઘાટ ચલાવી હતી. રોજ સવારે બંને વચ્ચે લાંબી મંત્રણા થાય, સાંજે કૉંગ્રેસ વર્કિંગ કમિટીને બાપુ વિગતો કહે. કલાકો સુધી ગરમાગરમ વાદવિવાદ થાય. બાપુની અખૂટ શક્તિ અને ધૈર્ય જોઈ મીરાબહેન આશ્ચર્ય અનુભવે અને તેમના ખોરાક, ઊંઘ-આરામ અને અન્ય કાર્યોનો સમય બરાબર સાચવે.

એક તરફ આ વાટાઘાટો ચાલી રહી હતી. એક મહાન રાજકીય આંદોલન આકાર લઈ રહ્યું હતું, બીજી તરફ બાપુના સૌથી નાના પુત્ર દેવદાસ અને રાજાજીની પુત્રી લક્ષ્મી વચ્ચે શાંત પ્રણય વિકસી રહ્યો હતો. કડક શિસ્તપાલક પિતાઓએ સંતાનોને પોતાના પ્રેમની સ્થિરતા ચકાસવા પાંચ વર્ષ સુધી જુદા રહી ત્યાર પછી પરણવું તેવું સૂચવ્યું. સંતાનોએ તે સ્વીકાર્યું.

મંત્રણા પૂરી થઈ, કરાર થયા અને બાપુ અને મીરાબહેન તેમજ અન્ય સાથીઓ ગોળમેજી પરિષદ માટે લંડન ગયાં, જ્યાં ભારતના ભાવિનો નિર્ણય લેવાનો હતો. મહાન બનાવો વચ્ચેના ગાળામાં મીરાબહેને વખતોવખત એ જ જૂના મનોસંઘર્ષને પણ સહ્યો.

x x x

આ ગાળામાં ગાંધીજી ભારતમાં ને લંડનમાં ખૂબ જાણીતા થઈ ગયા હતા. મીરાબહેન પણ ખૂબ જાણીતા બન્યા હતાં. લંડનમાં તેમના ઈન્ટરવ્યૂ લેવાતા, સમાચારો-તસ્વીરો પ્રગટ થતાં. સમારંભોમાં યુરોપીય દેખાવ અને ખાદીનાં વસ્ત્રોથી મીરાબહેન જુદા તરી આવતાં.

પેરિસ-ઇંગ્લેન્ડમાં ગાંધીજીને મળવા લોકોનો ધસારો થતો. કિંગ્સલી હૉલની અગાશી પરના ઓરડાઓમાં બાપુ અને સાથીઓને ઉતારો અપાયો હતો. બાપુ અત્યંત વ્યસ્ત રહેતા. વ્યક્તિગત અને સામુદાયિક વાટાઘાટો સતત ચાલતી. પરિષદનું સ્થળ ઉતારાથી દૂર હતું એટલે નાઈટ્સ બ્રિજ પાસે મકાન ભાડે રાખ્યું. મીરાબહેન બપોરનું જમવાનું લઈ જાય. બાપુ થોડી મિનિટો માટે બહાર આવી ખાઈ લે. રાત્રે બાપુ કિંગ્સલી હૉલ પાછા આવે. મીરાબહેન બાપુનું ખાવાનું બનાવે, ઓરડા-અગાશી સાફ કરે, બપોરનું ટીફિન લઈ જાય, પાછા આવી કપડાં ધૂએ. સાંજનું ખાવાનું બનાવે. રાત્રે બાપુના પગના તળિયે ઘી ઘસી આપે. સવારે ત્રણ વાગ્યે બાપુને જગાડે. પ્રાર્થના કરી ચાર વાગ્યે બાપુ સૂઈ જાય. પોણા પાંચ વાગ્યે બાપુ માટે મધલીંબુનું પાણી બનાવી મીરાબહેન બાપુને ઉઠાડે. તે પીને બાપુ ફરવા જાય. મીરાબહેન પણ સાથે જાય. પાછા આવે ત્યારે લંડનના આકાશમાં સૂર્ય ઊગતો હોય.

**'બીલવેડ બાપુ'**
ધી ગાંધી-મીરાબેન કોરસપોન્ડન્સ
પરિચય અને સંકલન – ત્રિદીપ સુહૃદ, થોમસ બેબર
પ્રકાશક : ઓરિએન્ટલ બ્લેક સ્વાન પ્રા. લિ.
૧/૨૪, અસફઅલી રોડ, ન્યૂ દિલ્હી-૧૧૦૦૦૨.
Email : delhi@orientalblackswan.com
પ્રથમ આવૃત્તિ-૨૦૧૪, પૃષ્ઠ ૫૩૫. કિંમત રૂા. ૯૫૦.

શનિ-રવિમાં ઑક્સફર્ડ, કેમ્બ્રિજ, બર્કિંગહામ, ક્વેકર સેન્ટર વગેરે સ્થળે જવાનું થતું. ઔપચારિક મુલાકાતો ખૂટતી ન હતી, જનતા સાથે સંપર્ક થતો ન હતો. મીરાબહેન કહે, *'જાહેર સભા રાખીએ?'* બાપુએ હા પાડી. પણ એમ થવા ન દેવાયું. અંગ્રેજો ઈચ્છતા ન હતા કે બાપુ લોકોને મળે. તો પણ લેન્કેશાયરમાં બાપુ મિલમજૂરોને મળ્યા. પરદેશી કાપડનો બહિષ્કાર શા માટે કર્યો તે પ્રશ્નના જવાબમાં બાપુએ કહ્યું, *'અહીંની બેકારી જોઈને મને દુઃખ થાય છે, પણ અહીં ભૂખમરો નથી. અમારે ત્યાં ભૂખમરો છે. હું તમારો શુભેચ્છક છું, પણ હિન્દુસ્તાનના લાખો ગરીબોની કબર પર તમે અમીર થવાનું ન વિચારશો.'* જ્યાં બાપુ જતા, લોકો ઊભરાતા. છૂપી પોલીસના સતત સાથે રહેતા માણસો કહેતા, *'અમારા રાજા-મહારાજાને મળવા પણ આટલો ધસારો નથી થતો.'*

**'મીરા, હું કૉંગ્રેસમાંથી નીકળી જવાના નિર્ણય પર આવ્યો છું.'**

મુસાફરીમાં મિલ્ટન હીથ પાસેથી પસાર થવાનું થયું. પોતે જ્યાં રહ્યા હતા એ જગ્યા બાપુને બતાવવાનું મીરાબહેનને મન થયું, પણ વખત ન હતો.

પરિષદમાં બાપુએ સ્પષ્ટપણે ઈંગ્લેન્ડની ભૂલો અને છેતરપિંડી બતાવ્યા. કહ્યું, *'અમારે પૂર્ણ સ્વરાજ જોઈએ છે. સાથે ઇંગ્લેન્ડ સાથેનો બરાબરીનો, માનભર્યો સંબંધ પણ.'* અંગ્રેજો શબ્દજાળ રચતા. સમાધાન શક્ય ન હતું.

x x x

ભારત પાછા ફરતાં ગાંધીજી અને મીરાબહેન વિલેનેવ, સ્વીટ્ઝરલેન્ડમાં રોમાં રોલાંને મળવા ગયાં. લંડનના કોલાહલથી દૂર આ શાંત એકાંત સ્થળે મીરાબહેને પોતાનું મુક્ત અને સ્વતંત્ર પૂર્વજીવન યાદ આવી ગયું. એ વખતે તેમણે આ સ્થળોની મુલાકાત પહેલીવાર લીધી હતી. અત્યારે સ્થળો તો એ જ હતાં, પણ પોતે જાણે પોતાના જ રચેલા કારાગારમાં કેદ હતાં. રોમાં રોલાંની વેધક વાદળી આંખોએ એ વ્યથા વધારી. આ મુલાકાત પછી રોમાં રોલાંએ પોતાના એક અમેરિકન મિત્રને પત્ર લખ્યો તેમાં મીરાબહેનને *'ગ્રીક કૃષિદેવી'* જેવાં અને બાપુને *'શાંત સ્વસ્થ અવાજમાં વિરોધીઓને મૂંઝવે તેવા કઠોર સત્યો સંભળાવનાર, કદી ન થાકતા નાનકડા બોખા માણસ'* તરીકે વર્ણવ્યા છે.

x x x

ભારત આવ્યા પછી મીરાબહેનના એ વિચારો દૂર હડસેલાઈ ગયા. મહાત્મા અને મીરાબહેન બંનેએ વિવિધ જેલો ભોગવી. બ્રિટીશો સાથે વાટાઘાટ કરી. એકબીજાને મળવાનો વખત ઓછો મળતો. તો પણ, ૧૯૩૩ની મધ્યમાં ગાંધીજી ઉપવાસ પર ઊતર્યા ત્યારે પણ પત્રો લખાવાના ચાલુ હતા. મીરાબહેન લગભગ રોજ પત્ર લખતાં. આ વાક્ય તો હોય જ, *'હું તમારે લાયક નથી. હું વધુ ને વધુ પ્રયત્ન કરતી રહીશ.'* અને *'બાપુ, હું તમારા ચરણોમાં છું.' 'તમારાથી જુદા પડવાની કલ્પનાથી પણ મારી નસો ખેંચાય છે.'* મીરાબહેન કઠોર આત્મઆલોચક હતાં. પોતાની બાપુ પ્રત્યેની ભક્તિ, બુદ્ધિ કરતાં ઘણી વધુ પ્રબળ છે તે સમજતાં. ૧૯૩૧માં મીરાબહેનના મા ઇંગ્લેન્ડમાં મૃત્યુ પામ્યાં. દર અઠવાડિયે તેમનો પત્ર આવતો. માના મૃત્યુથી મીરાબહેનના જીવનમાં ખાલીપણું સર્જાયું.

મીરાબહેનને ભારત આવ્યાને સાત વર્ષ થયાં હતાં. હજી વ્યક્તિગત સેવા વિશે ચર્ચા ચાલતી જ હતી. *'તમે જેલમાં હો છો ત્યારે મને સ્ફૂરણા થાય છે કે તમામ શક્તિપૂર્વક મારે તમારું કામ ચાલુ રાખવું. તમે અહીં હો છો ત્યારે આવી જ કોઈ સ્ફૂરણાથી હું પોતાને સંકેલી મૌન સમર્પણમાં લીન હોઉં છું.'* ગાંધીજીએ લખ્યું, *'હું સમજું છું કે મારી સેવા એ તારા માટે વ્યક્ત થવાની એક રીત છે. હું જેલમાંથી છૂટું પછી તું તે કરજે. હવે હું તને રોકીશ નહીં.'* ગાંધીજીને દેશસેવકો જોઈતા હતા, અંગત પરિચારકો નહીં. પણ મીરાબહેનની મનોસ્થિતિને પણ તેઓ સમજતા હતા.

મીરાબહેનની ટીકા કરતા એક સાથીને બાપુએ લખ્યું, *'મેં મીરાને રડાવી છે તેટલું કોઈને નહીં રડાવ્યા હોય. મીરાનું આત્મસમર્પણ પ્રશંસાની હદની બહારનું છે. હું તેને સંપૂર્ણ જોવા માગું છું તેથી તેના પર કઠોર થાઉં છું અને તેથી તેને દુઃખ થાય છે.'*

જેલમાં ગાંધીજીએ હરિજનો માટે ઉપવાસ કર્યા. મીરાબહેન બાપુ પાસે રહેવા માગતા હતાં, પણ સત્તાવાળાઓએ મળવાની પરવાનગી પણ ન આપી. *'જો હું તમને જોઈ નહીં શકું, તમારો અવાજ સાંભળી નહીં શકું તો મારું માથું ફાટી જશે. મારે આખા વિશ્વમાં તમારા સિવાય પોતાનું કોઈ માણસ નથી, કોઈ વિચાર નથી.'* ગાંધીજીએ જેલના સત્તાવાળાઓને કહ્યું કે જો મીરાબહેનને મળવા નહીં દેવાય તો પોતે કોઈને જ નહીં મળે.

દરમ્યાન મીરાબહેનની *'અસહકાર ચળવળને વેગ આપવા'* માટે ધરપકડ થઈ. ગાંધીજી છૂટ્યા પછી મીરાબહેનને મળવા જેલમાં ગયા, ત્યારે તેમની છેલ્લી મુલાકાતને દોઢ વર્ષ થઈ ગયું હતું. ૧૯૩૩નો જુલાઈ મહિનો હતો. ગાંધીજી બે વાર મીરાબહેનને જેલમાં મળ્યા. પછી ફરી તેમની ધરપકડ થઈ. ફરી ઉપવાસ, ફરી તબિયત બગડી. મીરાબહેન ખળભળી ઊઠ્યાં, *'ઈશ્વરે મને તેમના સંદેશવાહકની દેખભાળ સોંપી છે. તે માટેનું બળ પણ ઈશ્વર જ આપશે. બાપુ, તમારા દ્વારા થતા દરેક કામ માટે હું એ બળ ખર્ચીશ. અત્યારે જો હું કંઈ ન કરી શકી તો મારો પ્રેમ નિરર્થક છે.'* બાપુ જેલમાં હતા, મીરાબહેને પોતાને કામમાં ડૂબાડી દીધાં. પત્રવ્યવહાર લગભગ બંધ થયો હતો. મુલાકાત મળી, ન મળવા જેવી. આશ્રમમાં અકળામણ થવા લાગી. મીરાબહેન ખાદીનો પ્રચાર કરવા બિહાર, મદ્રાસ, કોલકાતાના પ્રવાસે નીકળ્યાં. પોલીસ તેમના પર નજર રાખતી હતી. જાણીજોઈને પકડાવું નહીં તેવો બાપુનો આદેશ હતો.

## *'મારી નહીં, મારા આદર્શોની સેવા કર.'*

મીરાબહેન શાંતિથી, સંયમથી બોલતાં. લોકો ખૂબ ઉત્સાહથી સાથ આપતા. ઘણા અનુભવ થયા. બાપુએ લખ્યું, *'સત્યનો શોધક તો આવા અનુભવોમાંથી ફાયદો જ ઉઠાવે.'*

x x x

મોતીલાલ નહેરુનું મૃત્યુ થયું. ભગતસિંહને ફાંસી થઈ. ગાંધી-ઇરવિન કરાર માટે લોકો જેટલા ખુશ હતા તેટલા જ ભગતસિંહની ફાંસી ન અટકાવવા બદલ બાપુ પર ગુસ્સે થયા. વિરોધના જુવાળને બાપુએ શાંતિથી સહ્યો. બાપુ જેલમાંથી છૂટીને મુંબઈ આવ્યા હતા. મીરાબહેન ત્યાં ગયાં. સરકાર કરાર પ્રમાણે વર્તતી ન હતી. મીરાબહેનને બાપુ પાસે રહેવું હતું પણ બાપુ બહુ અકળાતા. નાની વાતમાં ખિજાઈ જતા. *'મારી નહીં, મારા આદર્શોની સેવા કર.'* બાપુ ત્યારે મણિભવનમાં હતા. તેમને ફરી પકડ્યા. દેશ ખળભળી ઊઠ્યો હતો. છાપાં સરકારના હાથમાં હતાં. મીરાબહેનને થયું દેશના ખૂણે ખૂણે સમાચાર પહોંચાડવા જોઈએ. ટાઈપરાઈટર, સાઈક્લોસ્ટાઈલ મશીન અને ટાઈપીસ્ટની વ્યવસ્થા થઈ. સમાચાર મેળવવાનો પ્રબંધ થયો. અનેક અફવા, ગપગોળા ને ખબરો વચ્ચેથી કામનું–નકામું તારવવાનું. વિશ્વાસપાત્ર ખબરો પસંદ કરી સાપ્તાહિક નોંધ બનાવી મીરાબહેન યુરોપ-અમેરિકા મોકલે. સરકારી તપાસમાંથી બચવા ટાઈપીસ્ટને એરપોસ્ટ નીકળવાની હોય ત્યારે જ મોકલે. થેલા બંધ થતા હોય ત્યારે જ લેટ ફી ભરી ટપાલ નાખી દે.

યુરોપ-અમેરિકામાં બધા સમાચાર ફેલાતાં સરકાર ચિડાઈ. મીરાબહેનને મુંબઈ છોડવાનો હુકમ કર્યો. મીરાબહેને માન્યું નહીં ને પકડાયાં. બચાવ કરવાનો તો હતો નહીં. આર્થર રોડ જેલમાં મીરાબહેનને પૂર્યાં. ત્યાં બીજી રાજકીય મહિલા કેદીઓ પણ હતી. મીરાબહેન જતાં બધી જમીન પર તેમની આજુબાજુ બેસી ગઈ અને બાપુના ખબર પૂછવા લાગી. બાપુની હાકલથી સ્ત્રીઓ પણ જેલમાં જવા નીકળી આવી હતી તે જોઈ સરકારને નવાઈ લાગતી.

જેલમાંથી લખેલા પહેલા પત્રમાં મીરાબહેન બાપુને પૂછે છે, *'કયું પુસ્તક વાંચું?'* બાપુએ લખ્યું, *'રામાયણ, મહાભારત, વેદ વાંચ. સાથે કુરાન પણ વાંચવું, સંતુલન માટે.'* બાપુ સાથે મહાદેવ પણ જેલમાં હતા તે જાણી મીરાબહેનને આનંદ થયો. મહાદેવ પણ બાપુ વગર રહી શકતા નહીં.

મીરાબહેને સમયપત્રક બનાવ્યું ને તેને ચુસ્તપણે પાળવા માડ્યું. હિંદી, કાંતણ, કસરત, વાચન બધા માટે સમય ઠરાવ્યો. કસ્તૂરબા અને સરોજિની નાયડુ પણ જેલમાં આવ્યા હતાં. યરવડા જેલમાં બાપુ પાસે એક બિલાડી આવતી. મીરાબહેન પાસે અહીં એક બિલાડો આવતો. રાજકીય ઊથલપાથલ વચ્ચે થઈ રહેલા પત્રવ્યવહારમાં બંને પોતપોતાના આ મિત્રોનો ઉલ્લેખ પણ કરી લેતાં!

x x x

ઘટનાઓ ઝડપથી બનતી હતી. અંગ્રેજો બાપુને જેલમાં મૂકતા, છોડતા, ફરી પકડતા. બાપુ હરિજન મતદાર મંડળની વિરુદ્ધ આમરણ ઉપવાસ પર ઊતર્યા. મીરાબહેન પર લખ્યું, *'તારા અને બાના વિચારથી હું ઘડીભર ડગી ગયો હતો, પણ આમાં ઝંપલાવનારે માયામમતા છોડવી જ રહી.'* એવું પણ બનતું કે મીરાબહેન જેલમાં હોય, બાપુ બહાર. બાપુની કસોટી થઈ રહી છે, બાપુ હરિજનોના ઉદ્ધાર માટે તનતોડ મહેનત કરી રહ્યા છે, સત્યાગ્રહ શરૂ કરવાના છે અને આશ્રમ વિખેરવાના છે તેવા સમાચાર મળ્યા ત્યારે મીરાબહેન સાબરમતી જેલમાં હતાં. આટલી મહેનત અને પ્રેમથી ઊભા કરેલા આશ્રમનું બલિદાન આપવાનો અર્થ એ છે કે બાપુ ખૂબ કઠોર સત્યાગ્રહની કલ્પના કરી રહ્યા છે તે મીરાબહેન સમજતા હતાં. બાપુ ઉપવાસ પર ઊતરતા, ખૂબ નખાઈ જતા. તેમને જોઈ મીરાબહેનનું હૃદય ચૂપચાપ રડતું.

x x x

એક વર્ષ પછી મીરાબહેન જેલમાંથી છૂટી વર્ધા આશ્રમમાં બાપુને મળ્યાં. બાપુ પાસે એક જર્મન અને એક અમેરિકન મહિલા પરિચારક હતાં, તે જોઈ મીરાબહેન બાપુના વિચારો પશ્ચિમમાં પહોંચાડવા લંડન અને અમેરિકા ચાલ્યા ગયાં. સભાઓ કરતાં, મુલાકાતો આપતાં, રેડિયો પર ભાષણ આપતાં. લોકો બાપુ અને ભારત વિશે જાણવા ઉત્સુક હતા. તેને માટે મીરાબહેનથી યોગ્ય વ્યક્તિ બીજી કઈ હોઈ શકે? મીરાબહેન લોર્ડ ઈરવિન, જનરલ સ્મટ્સ અને ચર્ચિલને પણ મળ્યાં.

બાપુનો પત્ર આવ્યો, *'મીરા, હું કૉંગ્રેસમાંથી નીકળી જવાના નિર્ણય પર આવ્યો છું. કૉંગ્રેસમાં પેઠેલા સડાથી મન પર ભાર રહે છે. હું વ્યગ્ર છું. કૉંગ્રેસને છોડી તેના જ આદર્શોને બહાર રહી સાધવાનું સલાહભર્યું છે કે કેમ તેની ચર્ચા મિત્રો સાથે કરી રહ્યો છું.'*

૧૯૩૪ના ઑક્ટોબર મહિનામાં મીરાબહેન ભારત આવી ગયા. તેમણે કલ્પી પણ ન હતી તેવી ઘટનાઓ તેમની રાહ જોઈ રહી હતી.

**(ક્રમશઃ વધુ આવતા અંકે)**

મોબાઈલ નં. 09221400688.

'પ્રબુદ્ધ જીવન' કૉર્પસ ફંડમાં ત્રણ લાખનું અનુદાન આપી પંદર વર્ષ સુધી કોઈ પણ એક મહિનાનું સૌજન્ય પ્રાપ્ત કરો

સ્વજનને શબ્દાંજલિ જ્ઞાનકર્મથી અર્પી જ્ઞાનપુણ્ય પ્રાપ્ત કરો

# પ્રબુદ્ધ જીવન
# કાલ—આજ—કાલ

❑ ડૉ. સેજલ શાહ

[ *'મુંબઈ જૈન યુવક સંઘની પત્રિકા', 'પત્રિકા', 'પ્રબુદ્ધ જૈન', 'તરુણ જૈન' અને 'પ્રબુદ્ધ જીવન'ને નામે ૮૬ વર્ષથી પ્રકાશિત થતી રહી. આ 'પ્રબુદ્ધ જીવન' પરિવાર. આ* ***ગઈકાલ****ના અંકોમાંથી એક વિચાર તાંતણો શોધવો, એને* ***આજ*** *પ્રગટ કરી એનું ત્રણે કાળને સંદર્ભે મૂલ્યાંકન કરવું, આ અભિગમથી આ કોલમ અમે શરૂ કરીએ છીએ. આ ખૂબ જ પરિશ્રમનું અને ચિંતનનું કામ છે. આનંદ છે કે આ 'ચેલેજીંગ' કામ યુવા લેખિકા ડૉ. સેજલબેને સ્વીકાર્યું છે અને વિષયને પૂરેપૂરો ન્યાય કોઈપણ પૂર્વગ્રહ વિના એમણે આપ્યો છે. ગઈકાલનું લખાણ ઈટાલીક્સ ફોન્ટમાં અહીં દર્પણની જેમ પ્રસ્તુત કર્યું છે. આશા છે કે 'પ્રબુદ્ધ જીવન'ના વાચકો આ નવતર પ્રયોગને વધાવશે અને મ્હાણશે.* **❑ તંત્રી** ]

**ભૂમિકા :**

કાળના પ્રવાહથી નિરપેક્ષ, જે કાળની સાથે વિલાઈ નથી ગયા, જે આજે પણ ગઈકાલ જેટલા જ પ્રસ્તુત છે અને જેના વિશે ચર્ચા કરી આવતીકાલને સુદ્દઢ બનાવવી છે તેવા વિચારોનો આલેખ રજૂ કરવાના ધ્યેયથી રજૂ કરીએ છીએ પ્રસ્તુત લેખમાળા. આ લેખશ્રેણીમાં 'પ્રબુદ્ધ જીવન'ના ઐતિહાસિક અંકોને પસંદ કરી તેમાંના કેટલાક લેખોમાં વ્યક્ત થયેલા વિચારો, જે આજે પણ પ્રસ્તુત છે, તેના પર ફરી મંથન કરવાનો પ્રયત્ન કર્યો છે. બહુ વર્ષો પહેલા જે વિચારાયું છે કદાચ તેવું જ અથવા તેથી ભિન્ન પ્રકારનું વિચારવાનું અહીં બનશે. સમયની સાથે આપણા વિચારો બદલાતા હોય છે પરંતુ ઘણીવાર સમયના એક પટ પરથી ઉઠાવેલા મુદ્દા વર્ષો પછી પણ સમયની ધૂળ ચડ્યાં વિનાના એટલા જ પ્રસ્તુત અને ઉપયોગી હોય છે. બે સમયને ભેગો કર્યો છે એવું કહેવાને બદલે સમયના એક બિંદુથી બીજા બિંદુ સુધીના પ્રવાસમાં આપણે આજે કઈ ભૂમિકાએ ઊભા છીએ અને એના મૂળ કેટલા જૂના છે અને એના ઉકેલની ભૂમિકા કેવી હોવી જોઈએ તે વધુ સ્પષ્ટ થાય છે.

આજે 'પ્રબુદ્ધ જીવન' વિચારણાનું વટવૃક્ષ બની સહુને શાતા આપી રહ્યું છે અને સમય સાથે પ્રજાજનોની રસરુચિ ઘડવાનું, ઇતિહાસ અને સંસ્કૃતિ સાથે ધર્મના મૂળભૂત વિચારોને વાવવાનું કામ કરી રહ્યું છે ત્યારે ઇતિહાસની બારીએથી આજ સુધીનો વિસ્તાર કેવો થયો છે અને એની કઈ ડાળીએથી આપણે ઝૂલી રહ્યા છીએ, તેવા રસપ્રદ સમયપટમાં **બાળદીક્ષા** અંગે કેવા વિવિધ વિચારો વ્યક્ત થયા છે તે જોઈએ...

'પ્રબુદ્ધ જીવન'નો પ્રથમ અંક ૧૯૨૯માં ઑગસ્ટની ૩૧મી તારીખે 'મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા'ના નામે પ્રગટ થયો. આજે આ ઘટનાને ૮૬ વર્ષ પસાર થઈ ગયા અને છતાં આ અંકોની સામગ્રી આજના સંદર્ભે પ્રસ્તુત લાગે છે. દુરંદેશી કલમ અને મૂળભૂત તાત્ત્વિક વિચારણા સાથેનો પાયો ભૂતકાળની પરમ્પરાથી પ્રાપ્ત થયો છે. પ્રથમ અંકની બે બાબતોએ તરત જ ધ્યાન ખેંચ્યું. અંક પર લખ્યું હતું કે, 'યુવાન નવસૃષ્ટિનો સર્જનહાર છે' અને બીજી બાબત ડાબી બાજુએ લખેલું અંકનું શીર્ષક 'બાળદીક્ષા'. ૧૯૨૯થી ચર્ચાતો પ્રશ્ન અને વિવાદ આજે પણ એટલા જ પ્રસ્તુત લાગે છે. પ્રજાનો એક વર્ગ માત્ર એકતરફી વિચારણા કરી ઉતાવળિયા નિર્ણય પર આવવાની કોશિષ કરે ત્યારે વિચારકો એ બાબતે મૌન રહેવાનું પસંદ કરતાં હોય છે. કહેવાય છે કે ટોળાનો ઘોંઘાટ હોય, મંતવ્ય નહીં. એ જ ન્યાયે બાળદીક્ષા જેવા મહત્ત્વના પ્રસંગની ગરિમા એકપક્ષીય નિર્ણય દ્વારા ઓછી ન કરી શકાય. એકાંતવાદનું સમર્થ કરનારને જગાડવા માટે બંને પક્ષીય વિચાર આવશ્યક છે. પ્રથમ અંક ૩૧-૮-૧૯૨૯ અને બીજો અંક ૭-૯-૧૯૨૯. બંનેમાં બાળદીક્ષા પ્રશ્નોની ચર્ચા કરાઈ છે. જેમાંથી કેટલાંક પસંદ કરેલા અંશો નીચે મુક્યાં છે, જેથી ત્યારે ક્યા પ્રકારની વિચારણા હતી તેનો ખ્યાલ આવશે. પ્રથમ અંશો અને પછી આપણે કઈ રીતે વિચારીએ છીએ તે અંગે ચર્ચા કરીએ.

**જૈન યુવક સંઘ પત્રિકા-અંક-૨. તા. ૦૭.૦૯.૧૯૨૯-પાનું ૪**

**સાચી દીક્ષા કે વંશવૃદ્ધિ**

***આજે તો એકાંતવાદનું સમર્થન કરવું છે; સ્યાદ્વાદની વાતોને ગ્રંથોમાં રાખી પોતાની લડતો લડવી છે તેને કોણ સમજાવી શકે? જે પોતાના ધર્મ બન્ધુઓમાં પણ તેના વચનોમાં પણ વિશ્વાસ નથી રાખી શકતો તેનામાં કોણ વિશ્વાસ મૂકવાનું હતું? કદાચ આજે મૂકશે તોપણ તેનું આખર શું પરિણામ આવશે?***

***ત્યાગની મહત્તા સૌ સ્વીકારે છે. દીક્ષાની આવશ્યકતા પણ સૌ સ્વીકારે છે, પરંતુ દીક્ષાની લાયકાત તો જોવી જ જોઈએ ને? 'જે આવે તે આવી જા'નું સૂત્ર અમલમાં મૂકતાં શું પરિણામ આવશે? દીક્ષા એ નાનાં બચ્ચાંના ખેલ નથી, એ***

તો લોઢાના ચણા ચાવવાના છે. દીક્ષા લેનારને લાલચ, માન, સગવડ અને સ્વર્ગની લાલચ આપવાને બદલે તેની મુશ્કેલીઓ તેની પાસે મૂકી તેની કસોટી કરી તેનો વિષય હોય તો દીક્ષા આપવામાં આવે તો તેની કોઈ ના કહેવા આવે ખરું!

આજે જે સંસ્થાઓમાં સડો પેઠો છે તે સંસ્થા સુધારવામાં

પોતાની શક્તિ વાપરવાને બદલે પોતાના વંશવેલાની વૃદ્ધિની ફિકરમાં સૌ પડ્યા છે તે પણ એક આશ્ચર્ય છે; આવી ફિકર ન હોય તો ગમે તેમ ભગાડીને, મા-બાપની રજા લીધા વિના, તેના વડીલો આદિની પણ પરવા કર્યા વિના દીક્ષા આપવાનું ક્યાંથી બને? કહો દીક્ષાઘેલાં, આને ક્યા આગમનો ટેકો છે? મોટરમાં બેસાડવો, માણસોને ગામેગામ દોડાવવા, છોકરાને છુપાવવો, માલિકો પૂછવા આવે તો ગમે તેમ જવાબ આપવા, કોર્ટે જવું પડે તો નાણાં ખર્ચાવવાં તે બધો આરંભ કે અનારંભ, 'દીક્ષાફંડ' જેવું ફંડ તેનો ઉપયોગ કરવા છતાં તેનો હિસાબ પણ પ્રગટ ન કરવો તે કોના હિત માટે છે? આ બધાને – આ દરેકને ક્યા આગમનો ટેકો છે તે બતાવશો? દીક્ષાઘેલા! તમારા માનેલા દીક્ષા વિરોધીઓ તે જાણવા ઇંતેજાર છે!!

'દીક્ષાની દીવાલો'માંથી

x x x

જૈન યુવક સંઘ પત્રિકા-અંક–૨. તા. ૦૭.૦૯.૧૯૨૯–પાનું ૪

### જૈન સમાજમાં ખળભળાટ

લેખક : ન્યા. ન્યા. મુનિરાજ ન્યાયવિજયજી, વડોદરા

લાભ કે ગેરલાભ વસ્તુમાં નહિ, પણ વસ્તુના ઉપયોગમાં સમાયા છે. વસ્તુનો સદુપયોગ સુપરિણામ લાવે છે, જ્યારે તેનો દુરૂપયોગ દુષ્પરિણામ લાવે છે. જે ધાર્મિક સાધનો જગતના કલ્યાણને સારૂ શાસ્ત્રકારોએ યોજ્યાં છે તે સાધનોનો ઉપયોગ કરવાની જો આવડત ન હોય તો તે સાધન પણ બાધારૂપમાં પરિણમે. સાધનની સાધનતા તેના સદુપયોગમાં છે. જે મન્દિર જ્યાં વીતરાગ પરમેશ્વરની પ્રતિમા બિરાજમાન છે અને જેનું દર્શન મહામંગળમય છે તે જ મન્દિર, તે જ દેવાલય, તે જ જિનાલય, દુરૂપયોગ કરનારને નરકમાં લઈ જનારૂં બને છે. જે મન્દિર સ્વર્ગનું – સદ્‌ગતિનું સાધન છે તે જ મન્દિર દુર્ગતિનું સાધનરૂપ બની જાય છે. શુદ્ધ ભાવનાથી ઉપાસના કરનારને સારૂ જે મન્દિર કલ્યાણકારક છે, તે જ મન્દિર, જો તે સ્થળે વિકારવાસનાને પોષવાનું અધમ કૃત્ય કરાય તો દુર્ગતિમાં લઈ જનાર નિવડે છે. આ પ્રમાણે જે ઓઘો મુનિધર્મની આરાધનાના સાધન તરીકે પવિત્ર અને મંગલમય છે એને એ રીતે જેનાં આસરે સદ્‌ગતિનો લાભ મેળવાય છે તે જ ઓઘો ધારણ કરવા છતાં 'કરટ' અને 'ધારક' એ નામના સાધુઓ નરકે ચાલ્યા ગયા છે. મતલબ કે ઓઘોનો સદુપયોગ કલ્યાણકારી નિવડે તો તેનો દુરૂપયોગ દુર્ગતિકારી નિવડે એ સમજી શકાય તેમ છે. ઓઘો લેવા માત્રથી કલ્યાણ નથી પણ ઓઘોની જવાબદારી કરવામાં જ પોતાના આત્માનું હિત સમાયેલું છે.

ત્યાગમાર્ગ સર્વોત્તમ છે, એમાં તો કોઈ અન્ય દર્શનીનો પણ મતભેદ ન હોય, સંન્યાસનો માર્ગ એકી અવાજે દુનિયામાં ઉચ્ચ પરમોચ્ચ મનાયો છે. પણ એ જેટલો મહાન છે, તેટલો જ દુષ્કર છે; એ ભૂલી જવા જેવું નથી. એ કંઈ એવું રમકડું નથી કે જપ દઈને બાળકના હાથમાં કે જેના-તેના હાથમાં આપી દેવાય. એ મહાન રસાયણ છે. નાલાયકના હાથમાં જાય તો તેના ડૂચા કાઢી નાખે–તેને ધરતી ભેગો કરી નાખે.બહુ વિચાર કરીને તેનો પ્રયોગ કરવાનો છે. ભલે એના અધિકારી થોડા નીકળે, એની હરકત નહીં; પણ નાલાયકના હાથમાં જઈને તેની ફજેતી ન થાય એ ખાસ ધ્યાનમાં રાખવાનું છે. કોઈ ધર્મ ન પામે એની હરકત નહિ, પણ ધર્મના ભવાડા થઈને કોઈ અધર્મ ન પામે અને હાંસી ન કરી બેસાય એનો ખ્યાલ અવશ્ય રાખવો જોઈએ છે.

પણ એ દાખલાનો આધાર લઈ આજના બાળકોને દીક્ષા ન આપી શકાય. હેમચન્દ્ર થનાર બાળકની જેટલી ઉમ્મરે દીક્ષા હતી તેટલી ઉમ્મરે દીક્ષા આપવાનું કામ દેવચંદ્ર જેવા મહાત્માઓથી જ બની શકે. હેમચંદ્ર થનાર બાળકનું મુંડન, તે ભવિષ્યમાં જ્ઞાનશક્તિનો મહાસાગર અને અદ્‌ભુત ચમત્કારી સન્ત શાંત નિવડનાર છે એવી જાતના ભવિષ્ય દર્શનને આભારી છે. હેમચન્દને ભવિષ્યજ્ઞાન હતું. અને તેથી જ તેઓ એ બાળકને ગ્રહણ કરવા ઉત્સુક થયા હતા. આજના સાધુઓ તેટલી ઉમ્મરે કે અયોગ્ય ઉમ્મરે કોઈને દીક્ષા આપવાનું સાહસ કરે તો તો નિન્દનીય ગણાય.

શુદ્ધ અંત :કરણથી જો દીક્ષાની ધગશ જ હોય અને દીક્ષાનો પ્રચાર કરવાની ખરી જ જો તાલાવેલી લાગી હોય તો આપો દીક્ષા હિંસકોને અહિંસાની, આપો દીક્ષા માંસભક્ષીઓને ફલાહારની, આપો દીક્ષા દુરાચારીઓને સદાચારની અને આપો દીક્ષા જૈનેતરોને જૈન ધર્મની. આ દીક્ષા છે. આ

***શાસ્ત્રોનો સુઘોષા નાદ છે. એમાં જૈન ધર્મની જ્યોત ઝળકી રહી છે. શાસન-સેવાનો એ મહામાર્ગ છે. દીક્ષા આપવાના કોડ પૂરા કરવા હોય નિકળી પડો પંજાબમાં અને બંગાલમાં, ઉત્તર હિન્દુસ્તાનમાં અને રાજપુતાનામાં. ત્યાં તમારો જોશ બતાવો ! ત્યાંના વિદ્વાનોનાં માથાં ધુણાવો ! ત્યાંની જનતા પર તમારા ધર્મની અભિરુચિનો રસ રેડો ! પુરુષાર્થ ફોરવવાનું એ ક્ષેત્ર છે.***

***ત્યાગીઓ ગૃહસ્થધર્મનું પણ પ્રતિપાદન કરી ગ્રહસ્થ-સંસારને પ્રગતિના પંથે દોરવા પ્રયત્નશીલ હોય છે. એમનું પરોપકારમય જીવન ગ્રહસ્થ-સંસારની ઉન્નતિ માટે પણ હોય છે. તેમનું ઉપદેશક-જીવન-ગ્રહસ્થ-જીવનના ભલા માટે મહાન પ્રકાશ રેડે છે, ગૃહસ્થાશ્રમમાં ઘુસેલા સડાઓનો નિર્દેશ કરી તેને ઉખેડી ફેંકી દેવા બાબત પ્રેરણા કરવી એ ત્યાગીઓનું મહાન કર્તવ્ય છે. એ સંબન્ધી તેમનો ઉપદેશ એ ત્યાગમય જ ઉપદેશ છે.***

x x x

૧૯૨૯ની સાલમાં જે વિચારો પ્રગલ્ભતાથી રજૂ થયા છે અને તેની શાબ્દિક તીખાશ સમાજને જગાડવા માટે પુરતી છે. આજથી આટલા વર્ષ પૂર્વે કેટલી સ્પષ્ટતાથી અને કોઈ પણ લલિત શબ્દોના અલંકાર વગર, કોઈને ખરાબ લાગશે એવું વિચાર્યા વગર, ખૂબ જ સ્પષ્ટપણેથી પોતાની વાત રજૂ કરી છે. અહીં આખો લેખ નથી લઈ શકાયો કારણ પ્રમાણમાં ખૂબ જ લાંબો છે. પરંતુ મહત્ત્વના અંશો દ્વારા તમને ખ્યાલ આવી ગયો હશે કે કેવી સજાગ સ્થતિમાં એ સમયે પણ લોકો જીવતાં હતા. વૈચારિક જાગૃતિને ભૌતિક વિકાસ અને સાધન-સગવડ સાથે સંબંધ નથી અને તેથી જ કદાચ અત્યાર કરતાં વધુ સ્પષ્ટતા અને બોલ્ડનેસ એ સમયની ભાષામાં દેખાય છે. તેમનો ધ્યેય સમાજના જૈનોને જગાડવાનો છે, નહીં કે જૈન સમાજના પ્રતિષ્ઠિત લોકોને ખુશ કરવાનો. આપણા પ્રહરીઓ પણ કેવા પાણીદાર અને વીરલા હતા. અહીં એક મહત્ત્વનો સૂર સંભળાય છે કે બાળદીક્ષાના વિરોધ કરતાં વધુ મહત્ત્વનું છે કે જૈન શાસનને અને તેની ગરિમાને હાનિ ન થાય. જૈન ધર્મ વિચારણાને અમુક ઘટનાને આધારે નીચી પાડવામાં આવે એ સાંખી લેવાય નહિ લેવાય. એ માટે એમણે બંને પક્ષના લાભ-ગેરલાભ અંગે મન મુક્ત રાખ્યું છે. જૈન ધર્મમાં દીક્ષા અંગેની ચર્ચા સમયાંતરે સ્થાન લે છે. જ્યારે જ્યારે એ પ્રસંગ બને છે ત્યારે બાળઅધિકાર કેન્દ્રો, કેટલીક સામાજિક સંસ્થાઓ, યુવાનો પોતાનો રોષ વ્યક્ત કરે છે. આ વિરોધ એટલો સબળ હોય છે કે આખા દેશમાં તે અંગેના પડઘા પડે છે અને સરકારે પણ તેમાં હસ્તક્ષેપ કરવો પડે છે. ૧૯૫૫થી ચારેકવાર બાળદીક્ષા અંગે કાયદો ઘડવાની વાત પણ સંસદમાં રજૂ કરાઈ પરંતુ એ સફળ નથી રહી. જૂન ૨૦૦૯ના ડી.એન.એ. છાપામાં છપાયેલા રિપોર્ટ મુજબ વર્ષો જૂની ધાર્મિક પરમ્પરાને જ્યુરીસડીક્શન ઑફ જુવેલિયન ઍક્ટથી દૂર રાખી શકાયું છે. પરંતુ એ સંદર્ભનું ગેઝેટ નોટીફિકેશન જારી થયું અને તેની ભાષા અંગે કેટલાંક પ્રશ્નો થયાં છે. એ રીતના રિપોર્ટ અન્ય છાપામાં પણ સમયાંતરે છપાયા છે. એક તરફ બાળદીક્ષા એ સંપૂર્ણ ધાર્મિક વિધિ છે અને બીજી તરફ સમાજ પણ એ સાથે જોડાયેલો છે.

આજે બાળદીક્ષાનો વિરોધ અનેક વર્ષોથી થઈ રહ્યો છે ત્યારે એના કારણોની ચર્ચા પણ વિસ્તૃત રૂપે થવી જોઈએ. એક તરફ દીક્ષા શબ્દનો અર્થ પણ ન જાણનારા પણ બાળ અધિકારના નામે દીક્ષાનો વિરોધ કરે છે. બીજી તરફ ધર્મના મર્મને સમજ્યા વિના માત્ર કટ્ટર બની એને વળગી રહેનારી પ્રજા પણ છે. જૈન ધર્મમાં દરેક તીર્થંકરના પાંચ કલ્યાણકનું મહત્ત્વ છે. આ પાંચ કલ્યાણક પૈકી એક દીક્ષા કલ્યાણક પણ છે. દીક્ષા એ જીવનને જુદી રીતે વળાંક આપે છે. આત્માના, મોક્ષના માર્ગે જવા માટેની મહત્ત્વની સીડી. ત્યાગનો આ માર્ગ અત્યંત આવશ્યક છે, માત્ર માંહેથી નહીં પરંતુ ક્રિયા અને શરીરથી પણ શુદ્ધ થવાનો માર્ગ છે. પરંતુ સાથે આપણે એ પણ જાણીએ છીએ કે તીર્થંકર પ્રભુએ દીક્ષા લેતાં ત્યાં સુધીમાં તેમણે જીવનના કેટલા સ્વરૂપો જોયા ન હતા. બાળ અવસ્થામાં તીર્થંકર દીક્ષા નથી લેતાં. તો બીજી દલીલ એવી પણ કરી શકાય કે તીર્થંકર પરમાત્મા પોતાના અંતિમ ભવમાં દીક્ષા લે છે ત્યાં સુધીમાં બીજા અનેક ભવોમાં પોતાના કર્મોને નિષ્કાષિત કરી ચૂક્યા હોય છે. એટલે એમને માત્ર હવે અંતિમ ભવમાં જે દીક્ષા લેવાની છે તે યુવાન વયે પહોંચીને લે તો બહુ ફરક પડતો નથી. જ્યારે આપણને તો માંડ મનુષ્ય ભવ મળ્યો તેમાં ફરી યુવાન થયા સુધીની રાહ જોવાની આવે તો કેટલો સમય વેડફાય જાય. આ ભવ ફરી પાછો ક્યારે મળશે એ અંગે કંઈ કહી શકાય નહિ. ત્યારે **આ ભવને સાકાર કરવા જ દીક્ષા દ્વારા મુક્તિના પથને પામવાનો હોય ત્યારે રાહ ક્યાં જોવી ?** બીજું જૈન ધર્મ સિવાય બુદ્ધ ધર્મમાં પણ નાની વયે ભિખ્ખુ બનાવાય છે. એ જ રીતે બીજા ધર્મોમાં પણ બાળપણમાં પોતાના બાળક પાસે ધાર્મિક નિયમો મુજબ વર્તન કરાવે છે એવા સમયે શા માટે જૈન દીક્ષાને કાયદાના દ્વારા રોકવાનો પ્રયત્ન થાય છે ? જૈન પ્રજા ક્યારેય કટ્ટર કે ઝનૂની પ્રજા નથી પરંતુ ભાવુક પ્રજા છે. એ માટે તેમની સાથે તર્કબદ્ધ મુદ્દાથી સમજાવી, વાત કરી આ પ્રશ્નનો નિવેડો લાવી શકાય છે ત્યારે શા માટે બહારની પ્રજા કે સંસ્થાના હસ્તક્ષેપને સ્વીકારી જાહેરમાં ધર્મના ધજાગરા ઉડાવી

***શા માટે જૈન દીક્ષાને કાયદાના દ્વારા રોકવાનો પ્રયત્ન થાય છે ?***

નાદાનિયત દાખવવી? બાળદીક્ષાનો વિરોધ કરનારા અનેક લેખની સામે દીક્ષાનું મહત્ત્વ સમજાવતાં એક લેખની જરૂર છે અને સાથે આ મુદ્દાને માનવતા અને બાળકની સ્વતંત્રતાને ધ્યાનમાં રાખી ઉકેલવાનો સમય આવી ગયો છે; નહિ તો યુવાનો પોતાના અધીરા અને મોર્ડન દેખાતા છીછરાં નિર્ણયો લઈ લેશે, અને પછી હાથમાં કંઈ જ નહિ રહે.

૨૦૦૯ જૂનમાં કુમારી પ્રિયલની દીક્ષા વખતે અને એ રીતે બીજા કેટલાક પ્રસંગોએ સર્જાયેલા પ્રશ્નો વખતે આ ચર્ચાએ જોર પકડ્યું હતું ત્યારે પણ સમાજના અનેક ક્ષેત્રોમાંથી જૈન પ્રજા જ વિરોધ અને સમર્થનના બે જુથમાં વહેંચાઈ ગઈ હતી. એક નાના સમુદાયમાં આવી મહત્ત્વની બાબત અંગે આટલા મતભેદ યુવાનોનો ધર્મ પ્રત્યેનો મોહ ઓછો કરે છે ત્યારે હવે કડવા બનીને પણ કોઈ એક સક્ષમ વિચારણા અથવા પદ્ધતિ ઘડી સર્વ સમુદાયે એકી સાથે સ્વીકારવાનો સમય આવી ગયો છે જેથી સમયાંતરે હુમલા મારતો આ પ્રશ્ન આપણને વધુ ન સતાવે. ત્યાગની મૂળ ભાવના અને એને અનુસરતી દીક્ષા આ રીતે જાહેરમાં તે ધર્મ અને પ્રજા માટે ગૌરવભરી ઘટના નથી જ !! ✷✷✷

બિલ્ડિંગ નં. ૧૦, વિંગ 'બી', ફ્લેટ નં. ૭૦૨, અલિકા નગર, લોખંડવાલા કોમ્પલેક્સ, કાંદિવલી (પૂર્વ), મુંબઈ-૪૦૦ ૧૦૧
મોબાઈલ : ૯૮૨૧૫૩૩૭૦૨.

# જૈન દર્શન અને વિજ્ઞાન વિષય પર એક બૃહદ્ અંતરરાષ્ટ્રીય સંમેલન

☐ મુનિ અભિજિતકુમાર

ઘણાં લોકો એમ માને છે કે વિજ્ઞાન અને દર્શન બન્ને એકબીજાના વિરોધી છે. પણ ખરી રીતે એ બન્ને પરસ્પર પૂરક છે. જ્યારે આપણે જૈન આગમોનું અધ્યયન કરીએ છીએ ત્યારે અનેક સ્થળો પર આધુનિક વિજ્ઞાન જે વાત કહે છે તે ત્યાં આપણને જોવા મળે છે. ઘણી વાર તો બંનેની વાતોમાં એટલી બધી સમાનતા હોય છે કે આપણને ખરેખર આશ્ચર્ય થાય. ભગવાન મહાવીરે જે વાત પોતાના જ્ઞાનથી પ્રત્યક્ષ જાણી હતી તે વાત આજે વિજ્ઞાન યંત્રો વડે જાણીને આપણી સામે રજૂ કરે છે. દાખલા તરીકે આગમમાં બતાવેલું છે કે વનસ્પતિમાં જીવ છે, ચેતના છે, સંજ્ઞા છે વગેરે વગેરે. બીજી બાજુ આજે વૈજ્ઞાનિકો પણ માને છે કે વનસ્પતિ જીવ છે, એમાં ચેતના છે અને એને ડર લાગે છે, ગુસ્સો આવે છે. મૈથુન સેવન કરવાની વૃત્તિ છે જેને વિજ્ઞાન `instinct' કહે છે અને `electrogalva-nometer' જેવા યંત્રો વડે આ બધું જાણી શકાય છે.

આ તો બહુ સાધારણ વાતો છે. એનાથી પણ બહુ સૂક્ષ્મ વાતો આગમોમાં મળે છે. જેમાંથી કેટલીક વાતો આજે વિજ્ઞાન જાણવાનો પ્રયત્ન કરે છે. જ્યારે કેટલીક વાતો તો હજુ વિજ્ઞાન નથી જાણતું. એક પરમાણુની ગતિ એટલી બધી તીવ્ર હોય છે કે એક time-unit માં લોકના એક છેડાથી બીજા છેડા સુધી પહોંચી જાય છે. જ્યારે હજુ વિજ્ઞાન પ્રકાશની ગતિથી વધુ ઝડપી ગતિવાળા કણ શોધવા મથી રહ્યું છે.

આ બધી વાતોથી ખબર પડે છે કે જૈન દર્શનમાં અને વિજ્ઞાનમાં જો સરખામણી કરવામાં આવે તો ઘણી-ઘણી વાતોમાં અદ્ભુત સામ્ય મળી શકે. ખાલી સામ્ય જ નહીં, પણ એવી વાતો પણ શોધી શકાય જેના ઉપર વૈજ્ઞાનિક દૃષ્ટિએ શોધ કરવામાં આવે તો ન માની શકાય એવી વાતો આપણને મળી શકે.

આજ સૌથી મોટી સમસ્યા છે- માણસના મગજમાં જન્મ લેવાવાળી નકારાત્મક વૃત્તિઓને કેવી રીતે આપણે બદલી શકીએ?

ડેનીઅલ ગોલમેને Emo-tional Intelligence અથવા EQ નો નવો પ્રત્યય આપ્યો છે. એ માને છે કે આધ્યાત્મિક પ્રયોગો દ્વારા આપણો Destructive Emotionનો નાશ કરીને

**શ્રી ગોવાલિયા ટેંક જૈન સંઘ**

યોજિત

## શ્રુતોત્સવ-પુસ્તક પ્રદર્શન

મુંબઈ સ્થિત શ્રી ગોવાલિયા ટેંક જૈન સંઘે ૨૮,૨૯,૩૦ નવેમ્બરના જૈન તત્ત્વજ્ઞાનના અલભ્ય અમૂલ્ય ગ્રંથના એક ભવ્ય અને પ્રસંસનીય પ્રદર્શનનું આયોજન કર્યું.

પોતાના ઉદ્દેશને સ્પષ્ટ કરતાં આયોજકો લખે છે કે, 'Do you know? આ Book Festમાં Publisher નથી તેમ જ Book વેચાણ નથી. એક આધુનિક Mallમાં ફરવા જનારને જે Pleasure feel થાય છે, તેવો જ પ્રયાસ અહીં આવનારને ચોક્કસ થશે તેવો અમારી Event Teamનો પ્રયાસ રહેશે.'

હસ્તલિખિત ૪૫ આગમોની શ્રુતપૂજા, સુવર્ણ અક્ષરેથી લિખિત 'કલ્પસૂત્ર', વિવિધ જ્ઞાનભંડારની માહિતી, ધર્મ અને વિજ્ઞાનની જાણકારી, બીજે માળે ફિલ્મ શો, વગેરે જોઈને ધન્ય થઈ જવાયું. આ Event Teamના સર્વ આયોજકોને ધન્યવાદ.

આ ટીમે એક વાંચન આંદોલનનો પ્રારંભ કર્યો છે જેમાં ઉત્તમ પુસ્તકોની સૂચિ આપવામાં આવી છે. ઉપરાંત www.shrutsangam.com નામની વેબસાઈટ ઉપરથી જૈન ધર્મના પુસ્તકોની બધી જ માહિતી પ્રાપ્ત થાય એવો પરિશ્રમ કર્યો છે. અભિનંદન.

**–તંત્રી**

આપણી જાતને એનાથી ઉત્પન્ન થવાવાળા દુષ્પરિણામોથી બચી શકીએ છીએ. જો જૈન સાધના પદ્ધતિમાં આપેલા પ્રયોગોને વૈજ્ઞાનિક દૃષ્ટિએ કસોટી ઉપર કસવામાં આવે તો કદાચ હિંસા, ઘૃણા જેવી નકારાત્મક લાગણીઓને બદલાવી શકાય.

આ બધી વાતોને ધ્યાનમાં રાખીને જૈન વિશ્વ ભારતી (Deemed University) ની અંતર્ગત સ્થાપિત **ભગવાન મહાવીર International Research Center દ્વારા IIT બોમ્બેમાં એક બૃહદ આંતરરાષ્ટ્રીય સંમેલનનું આયોજન જાન્યુઆરીમાં ૮ થી ૧૦ તારીખ સુધી કરવામાં આવ્યું છે.** આ આયોજનમાં IIT બોમ્બે, મુંબઈ યુનિવર્સિટી અને સોમૈયા વિદ્યાવિહાર જેવી પ્રમુખ શિક્ષણ સંસ્થાઓ જોડાયેલી છે.

આ સંમેલનનો મુખ્ય ઉદ્દેશ છે-વૈજ્ઞાનિકો, આધ્યાત્મિક સાધકો, જૈન દર્શનમાં મર્મજ્ઞ વિદ્વાનો અને કેળવણીકારો (Educationists)ને એક પ્લેટફોર્મ ઉપર ભેગા કરીને વિજ્ઞાન અને જૈન દર્શનમાં જે એવા અગત્યના સિદ્ધાંતો અને પ્રયોગો છે જેનાથી આજની દુનિયાની જ્વલંત સમસ્યાઓનો ઉકેલ લાવી શકાય એવો પ્રયત્ન કરવાનો છે.

શું આપણે આપણી જાતને હિંસા, ઘૃણા, ક્રૂરતા, સ્વાર્થ, અતિ લોભ અને અતિ ભોગવાદી વૃત્તિઓથી પેદા તથા યુદ્ધો, મારામારી, ઊંચ-નીચના ભેદભાવો વગેરે દ્વારા ખતમ કરવા માટે સર્જાયા છીએ? શું આ બધી નકારાત્મક અથવા વિધ્વંશનાત્મક લાગણીઓને કારણે global warming, climate change, વાતાવરણીય પ્રદૂષણ, ozone layer depletion વગેરે દ્વારા આ પૃથ્વી પરથી આખી માનવ જાતિને સમૂળી નષ્ટ કરવા માગીએ છીએ?

વિજ્ઞાન અને આધ્યાત્મિક જ્ઞાન આપણી પાસે હોવા છતાં આપણે શું આ વિનાશને રોકી શકવા સમર્થ નથી? શું ભગવાન મહાવીર જેવા મહાન તીર્થંકરોના આપેલા અહિંસા, અપરિગ્રહ, અનેકાંત, આત્મ-સંયમ, વિવેક જેવા મહાન આદર્શપૂર્ણ અને પ્રયોગાત્મક ઉપાયો આપણા હાથમાં હોવા છતાં પણ આપણે ગાંડા થઈને આખી માનવ જાતને આત્મ-હત્યા કરવા દેશું?

સ્પષ્ટ છે કે સૌથી ડાહી પ્રજાતિ ગણાતી માનવ પ્રજાતિ એટલી બધી મૂર્ખતા અથવા મૂઢતા ન કરી શકે.

એટલે હવે આપણી પાસે એક જ રસ્તો છે–જૈન દર્શન, આધ્યાત્મિક સાધનાના પ્રયોગો, અને જેને આપણે ancient wisdom કહીએ છીએ એની સાથે આજના વૈજ્ઞાનિક સિદ્ધાંતો અને પ્રયોગોને જોડીને એવા સમાધાન આખી માનવ જાતિને આપી શકીએ છીએ જેથી આ સર્વનાશથી માનવ જાતિને બચાવી શકાય.

આ સંમેલનમાં દુનિયાના બહુ મોટા મોટા વૈજ્ઞાનિકોએ બહુ ઉમંગ બતાડ્યો છે અને Roger Penrose (Stephen Hawkingના જોડીદાર) જાપાની વૈજ્ઞાનિક Akasaka, Jeffgery Long, Robert Zydenbos જેવા બહારના વૈજ્ઞાનિકો અને પદ્મભૂષણ કસ્તુરીરંગન, ISROના ચેરમેન પદ્મશ્રી કિરણકુમાર, International Court of Justiceના ન્યાયાધીશ દલવીર ભંડારી જેવા ભારતીય વૈજ્ઞાનિકો અને વિદ્વાનોએ પોતાની સ્વીકૃતિ આપી દીધી છે.

આ સંમેલનના મુખ્ય પ્રેરણાસ્રોત છે–આચાર્ય શ્રી મહાશ્રમણજી અને એના વિદ્વાન આ આજ્ઞાનુવર્તી પ્રોફેસર મહેન્દ્રકુમારજી જેવા સંતો. મુનિશ્રી પોતે મુંબઈ યુનિવર્સિટીના Science Graduate છે અને એમણે Engima of Universe, Microcosmology : Theory of Atom in Jain Philosophy and Modern Science, Neuroscience and Karma, Jain Biology વગેરે પુસ્તકો લખ્યા છે તથા પ્રેક્ષાધ્યાનના વિષયમાં પણ વિપુલ સાહિત્યનું સંપાદન કર્યું છે. એ પોતે શતાવધાની પણ છે અને ૧૮ ભાષાઓના જાણકાર છે. સાથે સાથે બીજા પણ વિદ્વાન જૈન મુનિઓ જેમાં આચાર્ય નંદીઘોષવિજયજી, મુનિ નયપદ્મસાગરજી, જૈન વિશ્વ ભારતી ઈન્સ્ટિટ્યૂટના જૈનોલોજી વિભાગના અધ્યક્ષ પ્રોફેસર ડૉ. સમણી ચૈતન્યપ્રજ્ઞાજી અને એવા ઘણા સાધુ-સાધ્વીઓ જોડાયેલા છે. આ આખી યોજનાને કાર્યરૂપ આપવામાં પણ ઘણાં વિદ્વાન લોકોનો સહયોગ મળ્યો છે જેમાં ડૉ. મુનિ અભિજિતકુમાર, ડૉ. કે. પી. મિશ્રા (Senior Scientist) ડૉ. ધનવંતભાઈ શાહ વગેરેના નામ ઉલ્લેખનીય છે.

મુંબઈના બધા જૈન વિદ્વાનો, પ્રબુદ્ધ જૈનો, Jainologyનાં પ્રોફેસરો તત્ત્વજ્ઞ શ્રાવક-શ્રાવિકાઓ, કૉલેજના વિદ્યાર્થીઓ, જૈન સંસ્થાઓના હોદ્દેદારો અને સભ્યો વગેરે બધા લોકોને અમારી અપીલ છે કે આ સંમેલનમાં હાજરી આપીને ભગવાન મહાવીરના અમર સંદેશને વિશ્વવ્યાપી બનાવવામાં આ મિશનને આગળ વધારવામાં પોતાનો ફાળો જરૂર આપશે.

બધાને વિનંતી છે કે નીચે મુજબ સંમેલનની વેબસાઈટ (www.icsjp.org) પર online contact દ્વારા બધી માહિતી મેળવીને જલ્દી પોતાનું registration કરાવી લેશે.

સંપર્ક માટે- +૯૧ ૯૬૧૯૮૨૧૪૮૫ (+91 9619821485).

* * *

'પ્રબુદ્ધ જીવન'ને પચ્ચીસ હજારનું અનુદાન આપી કોઈ પણ એક મહિનાનું સૌજન્ય પ્રાપ્ત કરો.

સ્વજનને શબ્દાંજલિ જ્ઞાનકર્મથી અર્પી જ્ઞાનપુણ્ય પ્રાપ્ત કરો.

# શ્રી મુંબઈ જૈન યુવક સંઘ દ્વારા

# ૮૧ મી પર્યુષણ વ્યાખ્યાનમાળાનું આયોજન

**(તા. ૧૦ સપ્ટેમ્બર ૨૦૧૫ થી તા. ૧૭ સપ્ટેમ્બર ૨૦૧૫)**

## ત્રીજો દિવસ : તા. ૧૨-૯-૨૦૧૫ : વ્યાખ્યાન - પાંચમું

**• વિષય : બૌદ્ધદર્શન • વક્તા : શ્રી ભાણદેવજી •**

[ અધ્યાત્મપથના પથિક પૂ. ભાણદેવજીએ તત્ત્વજ્ઞાનના વિષય સાથે એમ. એ.ની ડીગ્રી અને યોગશિક્ષણમાં ડિપ્લોમા મેળવ્યો છે. લોકભારતી (સણોસરા)માં છ વર્ષ અને કૈવલ્યધામ યોગ કૉલેજ (લોનાવલા)માં અધ્યાપન કાર્ય કર્યું છે. તેઓ અનેક સામયિકોમાં લખે છે. તેમના યોગ અને સાહિત્ય વિશેના પુસ્તકોને અનેક એવૉર્ડ મળ્યા છે. ]

શ્રી ભાણદેવજીનું આ વક્તવ્ય આ અંકમાં પ્રકાશિત છે. જિજ્ઞાસુને વાંચવા વિનંતી.

## ત્રીજો દિવસ : તા. ૧૨-૯-૨૦૧૫ : વ્યાખ્યાન - છઠ્ઠું

**• વિષય : ભારતીય અને પાશ્ચાત્ય દર્શનમાં આત્મા-પરમાત્મા • વક્તા : ડૉ. નરેશ વેદ •**

[ ડૉ. નરેશ વેદ ગુજરાત અને ભાવનગર યુનિવર્સિટીમાં ઉપકુલપતિના હોદ્દા શોભાવી ચૂક્યા છે. તેઓ વેદ અને વેદાંતના જ્ઞાતા છે. તેઓ ઉત્તમ અધ્યાપક અને પ્રભાવક વક્તા છે. મુંબઈમાં પ્રેમપુરી આશ્રમમાં હિન્દુ ધર્મના વિવિધ વિષયો ઉપર તેઓ નિયમિત વક્તવ્યો આપે છે. ]

ડૉ. નરેશ વેદનું આ વક્તવ્ય પણ આ અંકમાં પ્રકાશિત છે. જિજ્ઞાસુને વાંચવા વિનંતી.

## ચતુર્થ દિવસ : તા. ૧૩-૯-૨૦૧૫ : વ્યાખ્યાન - સાતમું

**• વિષય : રાષ્ટ્ર મેં ધર્મ, ધર્મ મેં રાષ્ટ્ર • વક્તા : ડૉ. સુબ્રમણ્યમ્ સ્વામી •**

[ ડૉ. સુબ્રમણ્યમ્ સ્વામી દેશમા અગ્રણી રાજકારણી અને અર્થશાસ્ત્રી છે. તેમણે હાવર્ડ યુનિવર્સિટીમાંથી અર્થશાસ્ત્રના વિષય સાથે પીએચ. ડી.ની ડીગ્રી મેળવી છે. તેમણે વાણિજ્ય, કાયદા અને ન્યાય ખાતાના પ્રધાન તરીકે તેમ જ ભારત સરકારના કમિશન ઑફ લેબર સ્ટાન્ડર્ડ એન્ડ ઈન્ટરનેશનલ ટ્રેડના અધ્યક્ષ (કેબિનેટ દરજ્જો) તરીકે સેવા આપી છે. તેમણે રાજકારણ અને અર્થશાસ્ત્ર વિશે અનેક પુસ્તકો લખ્યા છે. ]

ડૉ. સુબ્રમણ્યમ્ સ્વામીએ 'રાષ્ટ્ર મેં ધર્મ, ધર્મ મેં રાષ્ટ્ર' વિશે વ્યાખ્યાન આપતાં જણાવ્યું હતું કે 'યુનેસ્કો'એ સંસ્કૃતિ ધરાવતા ૪૬ દેશોનો અભ્યાસ કર્યો હતો. તેમાંથી મેસોપોટેમિયા, બેબિલોનિયા, ઇજિપ્ત, ગ્રીસ અને ઝેરોસ્ટ્રીયન અર્થાત્ ઇરાન વિગેરે ૪૫ દેશોની સંસ્કૃતિ ગાયબ થઈ ગઈ છે. માત્ર ભારતની સંસ્કૃતિ યથાવત્ અને અતૂટ છે. આપણા દેશ પર અનેકવાર આક્રમણ થયા છે. તેની સામે શિવાજી, મહારાણા પ્રતાપ, ઝાંસીની રાણી લક્ષ્મીબાઈ અને સુભાષચંદ્ર બોઝ વિદેશી આક્રમણો સામે લડ્યા હતા. આપણે જે આશરો લેવા આવ્યા તે બધાને રક્ષણ આપ્યું હતું. પારસીઓને આપણે રક્ષણ અને આશ્રય આપ્યા હતા. યહુદીઓ ઉપર વિશ્વના અનેક દેશોએ દમન કર્યું હતું. ઇઝરાઈલની રચના થઈ પછી ત્યાંની સંસદે ઠરાવ કરીને ભારતનો આભાર માન્યો હતો અને એક માત્ર ભારતમાં જ યહુદીઓ ઉપર જુલમ નહીં થયા હોવાનું જણાવ્યું હતું. પાકિસ્તાનના બે, સોવિયેત સંઘના ૧૬, યુગોસ્લાવિયાના ચાર અને ઇન્ડોનેશિયાના બે ટૂકડા થયા છે. આપણી સંસ્કૃતિ બધાંને સમાવી લેવાની છે તેથી ભારત અતૂટ રહી શક્યું છે. દેશ ટકશે તો આપણો ધર્મ ટકશે. બીજા દેશોની સંસ્કૃતિ આપણા ભારત જેટલી સહુને સમાવી લેવાની નથી. મુંબઈમાં હાલ પર્યુષણ દરમિયાન ચાર દિવસ કતલખાના બંધ રાખવાનો મુદ્દો ચર્ચામાં છે. કેરળની સરકારમાં મુસ્લિમ લીગ પણ ભાગીદાર છે. ત્યાં રમઝાન મહિનામાં શાળાઓમાં બપોરના સમયે મધ્યાહ્ન ભોજન બંધ રખાયું છે. રાષ્ટ્રીય પક્ષી મોરનો શિકાર કરીને ખાવ તો સાત વર્ષ જેલની સજા થઈ શકે છે. અફીણનું સેવન કરો તો સજા થઈ શકે છે. ચૂંટણીના દિવસોમાં શરાબનું સેવન કરવા પર નિયંત્રણો મુકાય છે. તેનો વિરોધ થતો નથી. રાષ્ટ્ર એ શરીર જેવું છે. જ્યારે ધર્મ એ ઇચ્છા કે ચેતના સમાન છે. શરીરમાં ઇચ્છા ન હોય અને ઇચ્છા પાસે શરીર ન હોય તો કોઈ અર્થ નથી.. સાત સમુદ્ર પારથી આવેલા ૪૦૦૦૦ અંગ્રેજોએ ૪૦ કરોડ ભારતીયોને

ગુલામ બનાવ્યા હતા. લાંબો સમય આક્રમણથી દેશ નબળો પડ્યો હતો. મહાભારતના યુધ્ધ સમયે શ્રીકૃષ્ણે અર્જુનને ધર્મ શીખવ્યો હતો. આપણે તે પ્રકારે ધર્મનો ઉપયોગ સમજણ અને વિવેકથી કરવો જોઈએ. શ્રી રામે વાલીનો વૃક્ષની પાછળ સંતાઈને બાણ મારીને વધ કર્યો ત્યારે શ્રીરામે ઉત્તર આપ્યો હતો, કે તેં સુગ્રીવનું રાજ અને પત્નીને પડાવી લીધા છે. તારી સાથે નીતિ કે અનીતિથી લડવાનું શી રીતે બને?

આપણે સમજવું જોઈએ કે રાષ્ટ્ર ટકશે તો ધર્મ ટકશે અને ધર્મ ટકશે તો રાષ્ટ્ર ટકશે. અયોધ્યામાં શ્રીરામ મંદિરના નિર્માણના વિવાદ સમયે સઉદી અરેબિયાના સત્તાધીશો સાથે મારી વાત થઈ હતી. ત્યાં રસ્તો પહોળો કરવા મસ્જિદના સત્તાવાળાઓ તોડે કે ખસેડે છે એમ ડૉ. સ્વામીએ ઉમેર્યું હતું.

## ચતુર્થ દિવસ : તા. ૧૩-૯-૨૦૧૫ : વ્યાખ્યાન - આઠમું

### • વિષય : મારે જૈન થવું છે, મારે શું કરવું? • વક્તા : ડૉ. ગુણવંત શાહ •

[ અગ્રણી સાહિત્યકાર, ચિંતક અને પ્રાધ્યાપક ડૉ. ગુણવંત શાહથી ગુજરાતીઓ અજાણ્યા નથી. તેમના લખાણોમાં સમજ, રાજકારણ અને મનુષ્ય ઉપરાંત અંગ્રેજી અને હિન્દી સાહિત્યની વાત પણ આવે. તેમના ટહુકો, સંભવામિ યુગે યુગે, કરુણામૂર્તિ બુદ્ધ અને કબીરા ખડા બજાર મેં પુસ્તકો જાણીતા છે. 'બિલ્લો ટીલ્લો ટચ' અને 'જાત ભણીની જાત્રા'માં તેમની આત્મકથા છે. ]

ડૉ. ગુણવંત શાહ રૂબરૂ પધારી શક્યા ન હતા. એમનું આ વક્તવ્ય આજ સમયે વીડિયો દ્વારા પાટકર હોલમાં પ્રસારિત થયું હતું. આ જ વક્તવ્ય આ અંકમાં પણ પ્રકાશિત થયું છે. જિજ્ઞાસુને વાચવા વિનંતી.


**રૂ. એક હજારના પુસ્તકો ખરીદનારને રૂ. ૫૦૦નું ડિસ્કાઉન્ટ, એટલે રૂ. ૫૦૦માં રૂ. ૧૦૦૦ના પુસ્તકો**

## શ્રી મુંબઈ જૈન યુવક સંઘના પ્રકાશનો

| ક્રમ | પુસ્તકના નામ | કિંમત રૂ. |
|---|---|---|
| | **ડૉ.રમણલાલ ચી. શાહ લિખિત ને સંપાદિત ગ્રંથો** | |
| ૧ | જૈન આચાર દર્શન | ૨૪૦ |
| ૨ | ચરિત્ર દર્શન | ૨૨૦ |
| ૩ | સાહિત્ય દર્શન | ૩૨૦ |
| ૪ | પ્રવાસ દર્શન | ૨૬૦ |
| ૫ | સાંપ્રત સમાજ દર્શન | ૨૭૦ |
| ૬ | શ્રુત ઉપાસક ડૉ. રમણભાઈ શાહ | ૩૨૦ |
| ૭ | जैन आचार दर्शन | ૩૦૦ |
| ૮ | जैन धर्म दर्शन | ૩૦૦ |
| ૯ | ગુર્જર ફાગુ સાહિત્ય | ૧૦૦ |
| ૧૦ | જિન વચન | ૨૫૦ |
| ૧૧ | જિન તત્ત્વ ભાગ-૧ થી ૯ | ૫૪૦ |
| ૧૨ | વંદનીય હૃદયસ્પર્શ ભા. ૩ | ૫૦ |
| ૧૩ | વંદનીય હૃદયસ્પર્શ (ઓલીવ) | ૨૫૦ |
| ૧૪ | પ્રભાવક સ્થવિરો ભાગ-૧ થી ૬ | ૩૫૦ |
| ૧૫ | નમો તિત્થરસ | ૧૪૦ |
| ૧૬ | પાસપોર્ટની પાંખે ભાગ-૧થી૩ | ૫૦૦ |
| ૧૭ | સાંપ્રત સહચિંતન ભાગ-૧૬ | ૧૮૦ |
| | **પ્રો. તારાબેન ર. શાહ લિખિત** | |
| ૧૮ | શ્રીમદ્ રાજચંદ્ર (પુસ્તિકા) | ૪ |
| ૧૯ | પ્રબુદ્ધ ચરણે | ૧૦૦ |

| ક્રમ | પુસ્તકના નામ | કિંમત રૂ. |
|---|---|---|
| ૨૦ | આપણા તીર્થંકરો | ૧૦૦ |
| ૨૧. | સંસ્કૃત નાટકોની કથા ભા. ૧ | ૧૦૦ |
| | **ડૉ. કલાબેન શાહ લિખિત** | |
| ૨૨. | ચંદ્ર રાજાનો રાસ | ૧૦૦ |
| | **ડૉ. રશ્મિ ભેદા લિખિત** | |
| ૨૩. | અમૃત યોગનું, પ્રાપ્તિ મોક્ષની | ૨૫૦ |
| | **ડૉ. ફાલ્ગુની ઝવેરી લિખિત** | |
| ૨૪. | જૈન પૂજા સાહિત્ય | ૧૬૦ |
| | **ડૉ. રેખા વોરા લિખિત** | |
| ૨૫. | આદિ તીર્થંકર શ્રી ઋષભદેવ | ૨૮૦ |
| | **ડૉ. રમેશભાઈ લાલન લિખિત** | |
| ૨૬. | જૈન દંડ નીતિ | ૨૮૦ |
| | **સુરેશ ગાલા લિખિત** | |
| ૨૭. | મરમનો મલક | ૨૫૦ |
| ૨૮. | નવપદની ઓળી | ૫૦ |
| | **ડૉ. કે. બી. શાહ લિખિત** | |
| ૨૯. | જૈન કથા વિશ્વ | ૨૦૦ |

**નવું પ્રકાશન**

**ઈલા દીપક મહેતા સંપાદિત**
**સંવત્સરી પ્રતિક્રમણ વિધિ સહિત**
મૂળ સૂત્રોનો ગુજરાતી-અંગ્રેજી-હિંદી ભાવાનુવાદ રૂા. ૩૫૦

| ક્રમ | પુસ્તકના નામ | કિંમત રૂ. |
|---|---|---|
| | **ડૉ. કલાબેન શાહ સંપાદિત** | |
| | **ડૉ. ધનવંત શાહ લિખિત** | |
| ૩૦. | વિચાર મંથન | ૧૮૦ |
| ૩૧. | વિચાર નવનીત | ૧૮૦ |
| | **ભારતીબેન શાહ લિખિત** | |
| ૩૨. | શ્રી ગૌતમ તુભ્યં નમઃ | ૨૨૫ |
| | **આચાર્ય વાત્સલ્યદીપ સૂરિ કૃત** | |
| ૩૩. | જૈન ધર્મ | ૭૦ |
| ૩૪. | ભગવાન મહાવીરની આગમવાણી | ૪૦ |
| ૩૫. | જૈન સજ્ઝાય અને મર્મ | ૭૦ |
| ૩૬. | પ્રભાવના | ૧૨ |
| ૩૭. | સુખ તમારી પ્રતિક્ષા કરે છે | ૩૯ |
| ૩૮. | મેરુથીયે મોટા | ૧૦૦ |
| ૩૯ | **.ડૉ. કુમારપાળ દેસાઈ કૃત** અંગ્રેજી ભાષામાં જૈનીઝમ : કોસ્મિક વિઝન | રૂા. ૩૦૦ |
| ૪૦ | **પૂજ્ય આચાર્ય વાત્સલ્યદીપ સૂરિજી સંપાદીત શ્રીમદ્ બુદ્ધિસાગર સૂરીશ્વર** રચિત શ્રી જૈન મહાવીર ગીતા : એક દર્શન | રૂા. ૩૫૦ |

**ઉપરના બધા પુસ્તકો સંઘની ઑફિસે મળશે. સંપર્ક : પ્રવીણભાઈ ટે.નં.૨૩૮૨૦૨૯૬.**
રૂપિયા અમારી બેંકમાં-બેંક ઑફ ઈન્ડિયા-કરંટ એકાઉન્ટ નં.૦૦૩૯૨૦૧૦૦૦૨૦૨૬૦ માં જમા કરી શકો છો. .IFSC:BKID0000039

**શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, ૩૩ મહમ્મદી મિનાર, ૧૪મી ખેતવાડી, એ.બી.સી. ટ્રાન્સપોર્ટની બાજુમાં, મુંબઈ-૪૦૦ ૦૦૪. ટેલિફોન : ૨૩૮૨૦૨૯૬**

## શ્રી જયભિખ્ખુના જીવનસંઘર્ષને આલેખતી નાટ્યપ્રસ્તુતિ

# 'અક્ષરદીપને અજવાળે ચાલ્યો એકલવીર'

❑ કીર્તિદા દલાલ

અવસર

'જીંદગી ઝિંદાદિલી કા નામ હૈ, મુર્દા ક્યા ખાક જીયા કરતે હૈં..!' આ આ જીવનમંત્રને પચાવી જાણનાર અને જીવનમાં કપરા સંજોગો વચ્ચે પણ અડગ ખુમારીથી જીવનાર સાહિત્યસર્જક જયભિખ્ખુના નામથી ભાગ્યે જ કોઈ સાહિત્યપ્રેમી અજાણ હશે! આ મૂલ્યનિષ્ઠ સાહિત્ય સર્જકના જીવન સંઘર્ષને આલેખતી નાટ્યપ્રસ્તુતિ 'અક્ષરદીપને અજવાળે ચાલ્યો એકલવીર'નું આયોજન મુંબઈ જૈન યુવક સંઘ દ્વારા તાજેતરમાં તેજપાલ ઑડિટોરિયમમાં કરવામાં આવ્યું હતું. જેના પ્રમુખસ્થાને સાહિત્યકાર વર્ષાબેન અડાલજા અને અતિથિ વિશેષ તરીકે શ્રી સી. કે. મહેતા ઉપસ્થિત રહ્યા હતા.

'પ્રબુદ્ધ જીવન'માં પ્રકાશિત થયેલી લેખશ્રેણી 'જયભિખ્ખુ જીવનધારા'ને આધારે એમના જ પુત્ર તેમજ સાહિત્યકાર ડૉ. કુમારપાળ દેસાઈ લિખિત-ગુજરાતી સાહિત્યમાં સીમાચિહ્ન કહી શકાય એવા જીવનચરિત્ર 'જીવતરને વાટે અક્ષરનો દીવો' પરથી આ નાટ્યકૃતિનું સર્જન કરવામાં આવ્યું છે. નાટ્યલેખન ડૉ. અલ્પા નિરવ શાહે કર્યું છે અને દિગ્દર્શક છે આંતરરાષ્ટ્રીય ખ્યાતિપ્રાપ્ત નિસર્ગ ત્રિવેદી.

નાટક શરૂ થતાં પહેલાં મુંબઈ જૈન યુવક સંઘ વતી ડૉ. ધનવંતભાઈ શાહે મંચ પર બિરાજમાન આમંત્રિત મહાનુભાવો તેમજ બહોળી સંખ્યામાં ઉપસ્થિત સાહિત્યપ્રેમી શ્રોતાઓનો આભાર માની સ્વાગત કર્યું હતું. ભારતીય વિદ્યા ભવન ઑડિટોરિયમના એ.સી.માં ખામી સર્જાતા છેલ્લી ઘડીએ સ્થળમાં ફેરફાર કરવો પડ્યો હતો. એ માટે ભારતીય વિદ્યાભવનના કમલેશભાઈ મોતા તેમજ તેજપાલ હૉલના કાર્યકર્તાઓએ આપેલા સહકાર બદલ હૃદયથી આભાર માની ધનવંતભાઈએ પોતાના નાનકડા વક્તવ્ય દ્વારા સરસ માહોલ સર્જ્યો હતો.

ડૉ. કુમારપાળ દેસાઈએ પોતાની આગવી છટાથી એને આગળ વધાર્યો હતો. પિતા જયભિખ્ખુ વિષે વાત કરતાં કહ્યું: શિવપુરીના જંગલમાં ફરતો સત્તર વર્ષનો વિદ્યાર્થી પોતાની પોથીના પ્રથમ પાને લખે છે...

મરના ભલા હૈ ઉસકા જો જીયે અપને લીયે! જીતા હૈ વો જો મર ચુકા ઈન્સાન કે લીયે!

આ મસ્ત સર્જકે જીંદગીમાં આ ભય શબ્દને જાણ્યો નથી અને ધનની ક્યારેય પરવા કરી નથી! આફતો મેં પલતે હૈં વહી દુનિયા બદલતે હૈં ઉક્તિ જયભિખ્ખુને બરાબર લાગુ પડે છે.

પ્રમુખ વર્ષાબેને જૂના સંસ્મરણો વાગોળતાં કહ્યું: આજે મને મારા પિયર આવ્યાની અનુભૂતિ થાય છે. મારા પિતા ગુણવંતરાય આચાર્ય, જયભિખ્ખુ તેમજ ધૂમકેતુ જેવા ધરખમ સાહિત્યકારો બધાં મિત્રો. રોજ બધા ભેગા થાય ને ડાયરો જામે. જયભિખ્ખુએ ઘણું લખ્યું અને સતત લખ્યું. બાર વર્ષની વયે એમણે ગોવર્ધનરામ ત્રિપાઠી લિખિત સરસ્વતીચંદ્ર વાંચ્યું હતું. એમની પાસે એવા રોલ મોડેલ હતાં. આજે આપણી પાસે એવા કોઈ રોલ મોડેલ નથી. રોજ સવારે દાઉદ અને છોટા રાજનના જ ફોટા જોવાના ને! આપણી ભીંતો પરથી તો મહાપુરુષોના ફોટા પણ અદૃષ્ય થવા લાગ્યા છે ને!

જયભિખ્ખુએ લીધેલી ત્રણ પ્રતિજ્ઞા મને બહુ સ્પર્શી ગઈ. એક તો હું નોકરી નહીં કરું. કલમને ખોળે માથું મુકીને જીવીશ. નર્મદે પણ આ જ વાત કરી હતી. બીજું પિતૃ સંપત્તિનો વારસો નહીં લઉં અને મારા સંતાનોને વારસો આપીશ પણ નહીં. તો યે કુમારપાળ દેસાઈએ સંસ્કારનો વારસો તો લઈ જ લીધો. સંપત્તિના વારસામાં લડાઈ-ઝઘડા-કોર્ટ-કચેરી થઈ શકે પણ સંસ્કારના વારસામાં તો એવું કશું ન થાય ને! એ તો તમારામાં જેટલી ગ્રહણશક્તિ હોય એટલો લઈ શકાય!

તમને પ્રશ્ન થશે એમનું નામ જયભિખ્ખુ કેવી રીતે પડ્યું? એમના પત્નીનું નામ વિજયાબેન તેઓ પડછાયાની જેમ પતિની સાથે રહ્યા. સુખદુ:ખમાં સાથ આપ્યો. કલમને ખોળે માથું એટલે સુખદુ:ખ તો આવે જ. એ જમાનામાં નારીભાવના એટલી વિકસી નહોતી ત્યારે એમણે પત્ની નામમાંથી જય લીધું અને એમના નામમાંથી ભિખાલાલ લઈ જયભિખ્ખુ નામ રાખ્યું. જે એમના મરણ પછી પણ આજ પર્યંત ચાલુ છે. સૌથી મોટું સ્ત્રીનું સન્માન આ છે! એક લેખિકા અને સ્ત્રી તરીકે હું એ બદલ ગર્વ અનુભવું છું.

ત્યારબાદ બોમ્બે રિજીયનના ચેરમેન જીતુભાઈ શાહે મંચ પર બિરાજમાન મહાનુભાવોનું સ્વાગત કર્યું. ભદ્રેશભાઈએ ચંદ્રકાંતભાઈનું, કિરીટભાઈએ ધનવંતભાઈનું, દિલીપભાઈએ કુમારપાળભાઈનું, અરવિંદભાઈએ નીતિનભાઈ સોનાવાલાનું, મુકેશભાઈ મહેતાએ શ્રી સી. કે. મહેતાનું તેમજ મમતાબેને ભદ્રાબેનનું બહુમાન કર્યું હતું. જીતુભાઈએ મુંબઈ જૈન યુવક સંઘ અને કાર્યક્રમના સૌજન્યદાતા ભદ્રાબેન દિલીપભાઈ શાહનો આભાર માન્યો હતો. ગુર્જર ગ્રંથ કાર્યાલયના મનુભાઈએ સૌનો આભાર માન્યો હતો અને ૧ કલાક ૪૦ મિનીટ ચાલનારા નાટકની શરૂઆત કરવામાં આવી હતી.

સર્જક જયભિખ્ખુની ભૂમિકામાં મુકેશ રાવનો અભિનય હૂબહૂ છે. જયભિખ્ખુને નજીકથી ઓળખનારના મુખમાંથી ઉદ્‌ગાર નીકળી પડે કે હા...જયભિખ્ખુ આવી રીતે જ તો રહેતા હતાં! પત્ની જયાબેનની ભૂમિકામાં હેતલ મોદી, ખાન શાહઝરીનની ભૂમિકામાં

પાર્થ અને બીજા અનેક કલાકારોએ સચોટ અભિનય દ્વારા નાટકને માણવા લાયક બનાવ્યું છે.

ગુજરાતી સાહિત્યમાં પિતા દલપતરામ વિશે કવિ ન્હાનાલાલે, મહાદેવભાઈ દેસાઈ વિષે નારાયણ દેસાઈએ, પિતા જાદવજીભાઈ વિશે લાભશંકર ઠાકરે ચરિત્ર આલેખન કર્યું છે. પુત્ર દ્વારા લખાયેલા ચરિત્ર પરથી પિતાની જીવનકથા નાટ્યરૂપે પ્રસ્તુત કરવાનો ગુજરાતી સાહિત્યનો પ્રથમ પ્રયાસ છે. ✷ ✷ ✷

Mobile : 9833089569

# વિદેશોમાં જૈનો અને જૈનધર્મ

☐ હિંમતલાલ ગાંધી

જૈન ધર્મ અતિ પ્રાચીન એક સ્વતંત્ર ધર્મ છે. જૈન ધર્મના સિદ્ધાંતોનું પાલન કરે, તે મુજબ આચરણ કરે, જીવે તે જૈન. મોક્ષમાર્ગના ત્રણ મુખ્ય સાધન એટલે સમ્યગ્ દર્શન, સમ્યગ્ જ્ઞાન અને સમ્યગ્ ચારિત્ર. જૈન શાસન એટલે સાધુ-સાધ્વી, શ્રાવક-શ્રાવિકા–જેઓ જૈન સિદ્ધાંતોનું પાલન કરે તે મુજબ જીવન જીવે તે સંઘ. ટૂંકમાં જૈન ધર્મ એટલે `Way of Life' મુખ્યત્વે સંપૂર્ણ જૈન શાસન–સંઘ દેશમાં જ છે.

ઈ. સ. ૧૮૯૩માં અમેરિકાના ચિકાગો શહેરમાં પ્રથમ વિશ્વધર્મ પરિષદનું આયોજન થયેલ, જેમાં વિશ્વના દરેક ધર્મના વડા-નેતાઓને આમંત્રણ આપવામાં આવેલ. તે વખતના પ્રખર વિદ્વાન જૈન આચાર્ય શ્રી વિજયાનંદસૂરિ જેઓ પ. પૂ. આત્મારામજી તરીકે વિશ્વવિખ્યાત હતાં, તેમને આમંત્રણ આપવામાં આવેલ. પરંતુ સાધુ આચાર મુજબ વાહનનો ઉપયોગ ન થઈ શકે તેમજ નદી કે સમુદ્ર પાર જવા વાહનનો ઉપયોગ કરવો પડે એટલે તેમણે પરિષદમાં ભાગ લેવા અશક્તિ દર્શાવી. પરંતુ તેમના પ્રતિનિધિ તરીકે વિદ્વાન બેરિસ્ટર ૨૯ વર્ષના યુવાન શ્રી વીરચંદ રાઘવજી ગાંધી કે જેઓને જૈન શાસ્ત્રો ઉપરાંત વૈદિક, હિંદુ, બૌધ્ધ, ઈસ્લામ અને ઈસાઈ ધર્મના શાસ્ત્રોનો ઊંડો અભ્યાસ હતો અને જેઓ ચૌદ ભાષા જાણતા હતા, તેમને મોકલ્યા. જેમણે પ્રથમ વખત-વિશ્વના સર્વધર્મના ૩૦૦૦ કરતાં વધારે વિદ્વાનો-વડાઓને જૈન ધર્મના સિદ્ધાંતોનો સરળ ભાષામાં સચોટ તથા સફળ રીતે પરિચય કરાવ્યો.

તેમણે અમેરિકાના જુદા જુદા શહેરોમાં લગભગ ૫૩૪ પ્રવચનો આપ્યા તથા અમેરિકા, ઈંગ્લેંડ અને જર્મનીમાં જૈન ધર્મના પ્રચાર માટે સંસ્થાઓ સ્થાપી અને કેટલાય લોકોને માંસ-મદિરાનો ત્યાગ કરાવી શાકાહારી બનાવ્યા. એ સમયે વિદેશોમાં જઈને વસેલા જૈનો ન હતા.

ત્યારબાદ લગભગ સોએક વર્ષથી, સૌ પ્રથમ જૈનો વ્યાપાર અર્થે વિદેશોમાં જઈને વસવા લાગ્યા – જેમાં આફ્રિકા, સિંગાપોર, હોંગકોંગ તથા યુ.કે. અને બેલ્જિયમ ગયા, જ્યારે ઉચ્ચ અભ્યાસ અર્થે અમેરિકા જવાનું શરૂ થયું અને તેઓ અભ્યાસ પૂરો કરીને ત્યાં વ્યવસાય સાથે વસવાટ કરવા લાગ્યા. પરંતુ તે સમયે ત્યાં જૈન ધર્મ અંગે કશી સુવિધા કે વ્યવસ્થા ન હતાં. છતાં જે લોકો અત્રેથી ગયેલા તેઓ અભક્ષ્ય ખોરાક ન વાપરતાં, શક્ય તિથિપાલન કરતાં અને પર્વોમાં સામાયિક, પ્રતિક્રમણ વિગેરે કરતાં. પરંતુ તેમના સંતાનો-જેઓ ત્યાં જન્મ્યા-(born and boughtup) માટે ધર્મની સમજણ-ધાર્મિક અભ્યાસ અંગે વિકટ પ્રશ્નો ઊભા થવા લાગ્યા. તેઓએ ત્યાંનું કલ્ચર અપનાવી લીધું.

**અમેરિકાના જુદા જુદા શહેરોમાં લગભગ ૫૩૪ પ્રવચનો આપ્યા**

મારી જાણ મુજબ ૭૦ વર્ષ પૂર્વે ગોડીજી જૈન દેરાસરના યતિશ્રી રાજચંદ્રજી આફ્રિકા વિગેરે વિદેશોમાં ગયેલા અને ત્યાંનાં જૈનોને ધર્મ અંગે સમજાવતા.

લગભગ ૧૯૬૦ આસપાસ શ્રી સુશીલમુનિજી અમેરિકા તથા વિદેશોમાં ગયેલા, ત્યાં તેમના આશ્રમો સ્થાપેલ અને ૧૦૮ એકર જમીન લઈને 'સિદ્ધાચલમ' તીર્થ-દેરાસરજી બનાવ્યું–જેમાં શ્વેતાંબર તથા દિગંબર પ્રતિમાઓજીની પ્રતિષ્ઠા કરી. ૧૯૬૪-૬૫માં તે વખતના શ્વેતાંબર સંપ્રદાયના પ્રખર વક્તા-વિદ્વાન સાધુ, મુનિશ્રી ચિત્રભાનુજી ઓઘાનો ત્યાગ કરીને અમેરિકા ગયા. તેમણે તથા સુશીલમુનિએ ચારેય ફિરકાને એકઠાં કરીને સ્થળે સ્થળે જૈન સેંટરો ઊભાં કરીને, તેના સંગઠન જૈના JAINA ની સ્થાપના કરી–જેના આજે ૭૯ સેંટરો છે અને લગભગ એક લાખ સાંઈઠ હજાર કરતાં વધારે સભ્યો છે. દર બે વર્ષે જૈના એક મોટું કન્વેન્શન બોલાવે છે, જેમાં લગભગ ૪૦૦૦ કરતાં વધારે સભ્યો ભાગ લે છે. ચાર દિવસના કન્વેન્શનમાં Religious, Spirituals, Jain Education, Jain Disapora, Quality of Life, Community and Social Services, other Professional, Ecology, Enterpreneur and others વિગેરે વિષયો ઉપર સાધુ-સાધ્વીજી, શ્રમણ-શ્રમણીજી, સ્પીરીચ્યુઅલ સ્પીકર્સ, જૈન સ્કોલર્સ, Educational and Professional Speakers અને વિદ્વાનોનાં પ્રવચનો રાખવામાં આવે છે તથા યુવક-યુવતી પરિચય સમ્મેલન પણ ગોઠવે છે.

અમેરિકામાં હાલમાં લગભગ ૭૩ મોટા દહેરાસરજી નિર્માણ પામ્યા છે અને કેટલાય ઘરોમાં નાના મંદિરો પણ બન્યા છે. આ દેરાસરજીઓમાં શ્વેતાંબર, દિગંબર તથા સ્થાનકવાસી વિગેરે સર્વના સ્થાનકોનો સમાવેશ કરેલ છે. તદ્ઉપરાંત દરેક સેંટરોમાં બાળકો માટે પાઠશાળાઓ પણ શરૂ કરેલ છે, જેથી ત્યાં જન્મેલા જૈન બાળકોને જૈન ધર્મનું જ્ઞાન મળી શકે. જે માટે તેમણે Englishમાં બુકો છપાવેલ છે. શક્ય તેટલો જૈન ધર્મનો પ્રચાર-પ્રસાર કરે છે. આ ઉપરાંત આચાર્ય સુશીલમુનિ, તુલસીમુનિ, શ્રીમદ્ રાજચંદ્રજી (રાકેશભાઈ

ઝવેરી), ડૉ. લોકેશ મુનિ, આચાર્યા ચંદનાશ્રીજી તથા અન્યોના સ્વાધ્યાય કેન્દ્રો તથા આશ્રમો અમેરિકામાં ઠેર ઠેર તથા અન્ય દેશોમાં પણ શરૂ થયા છે અને થઈ રહ્યાં છે, જે પણ વિદેશોમાં જૈન ધર્મના જ્ઞાન-પ્રચાર-પ્રસારના કાર્યો કરે છે. જૈન ઈન્ટરનેશનલ મેડિટેશન સેન્ટર (અમેરિકા), વણિક નવનાત એસોસિએશન (લંડન), ઈન્સ્ટિટ્યુટ ઓફ જૈનોલોજી (યુ.કે.), જૈન એસોસિએશન એન્ટવર્પ, બેલ્જિયમ, સિંગાપોર જૈન રિલિજીયસ સોસાયટી, જૈન એસોસિએશન ઓફ હોંગકોંગ અને નેપાલ–આ દરેક વિદેશની સંસ્થાઓ જૈન ધર્મ પ્રચાર અને પ્રસારના કાર્યો કરે છે.

અમેરિકાના દરેક જૈન દેરાસરો તથા જૈન સેન્ટરો પર્યુષણ પર્વ દરમિયાન વ્યાખ્યાનો, પ્રવચનો, ધાર્મિક ક્રિયાઓ, પ્રતિક્રમણ-પૂજા વિગેરે કરાવવા ભારતથી જૈન પંડિતો, વિદ્વાનો તથા વીર સૈનિકોને આમંત્રે છે. કેટલાક દેરાસરો આયંબિલની ઓળી કરાવવા પણ પંડિતોને નિમંત્રણ આપીને આયોજન કરે છે. પૂ. ચિત્રભાનુજી તથા પ્રમોદાબેન અમેરિકામાં રહીને જૈનો તેમજ જૈનેતરો– અમેરિકનોને પણ માંસ-મદિરાનો ત્યાગ કરાવીને શાકાહારી બનાવવાનું ઉમદા કાર્ય કરી રહ્યા છે. પ્રમોદાબેન તો 'વીગન' બનવાનું કાર્ય પણ કરે છે, જેઓ માંસાહાર ઉપરાંત દરેક ડેરી પ્રોડક્ટો-દૂધ ઉત્પાદનોનો પણ પ્રાણિજન્ય ઉત્પાદન તરીકે ત્યાગ કરે છે.

પરંતુ – ખરેખર જૈન આચાર, નીતિ-નિયમો-સિદ્ધાંતોનું ત્યાં પાલન થાય છે ખરું? 'જૈન ધર્મ' અને 'જૈન દર્શન' એવા શબ્દો આપણે વાપરીએ છીએ, ત્યારે આપણે એ ધ્યાનમાં રાખવું જરૂરી છે કે એ શબ્દોના અર્થ ઉપર અર્વાચીન યુગનો પ્રભાવ પડેલો છે. પશ્ચિમની સંસ્કૃતિમાં ધર્મ યહુદી અને ખ્રિસ્તી પરંપરામાંથી આવેલો છે. જ્યારે એનું દર્શન–એની ફિલસૂફી પ્રાચીન ગ્રીસમાંથી આવેલી છે. એથી ત્યાં 'રિલિજિયન' અને 'ફિલોસોફી' એકબીજાથી અલગ રહ્યાં છે. ત્યાં ફિલોસોફીનો એક શાસ્ત્રીય વિષય લેખે જ અભ્યાસ થાય છે. તેનો આચાર સાથે કશો અનિવાર્ય સંબંધ નથી. આપણે, ખાસ કરીને વિદેશમાં વસતા આપણાં જૈન ભાઈઓએ આ પશ્ચિમની વ્યવસ્થા એમ ને એમ સ્વીકારી લીધી છે. પરિણામે પરંપરાગત ધર્મ વિશેની વિચારણા અને સમજની બાબતમાં પણ એ પાશ્ચાત ઢાંચો જ માર્ગદર્શક બની બેઠો છે. પરંતુ આપણી પરંપરામાં ધર્મ અને દર્શન એવા ભેદ શક્ય નથી, બલકે ધર્મ અને દર્શન આપણે ત્યાં અવિચ્છિન્ન છે. આપણે ત્યાં ધર્મ એટલે વ્યક્તિ અને સમાજનાં સમગ્ર આચરણ-નીતિનિયમો.

અમેરિકામાં જૈન ધર્મ અંગે વાત કરીએ ત્યારે ત્યાં આટલી બધી સુવિધા ઉપલબ્ધ હોવા છતાં જૈન ધર્મ એટલે આચાર-આચરણ ત્યાં જવલ્લેજ જોવા મળે છે. ત્યાં લોકોએ ધર્મને સગવડીયો ધર્મ બનાવી દીધો છે. આટલા બધા દેરાસરો હોવા છતાં ત્યાં નિત્ય દેવ-વંદન-પ્રભુજીના દર્શન કરવાવાળા ભાગ્યે જ જોવા મળે. નિત્ય પૂજા તો થાય જ કઈ રીતે. ક્રિશ્ચિયનો જેમ ફક્ત રવિવારે જ દેવળ (ચર્ચ)માં પ્રાર્થના માટે જાય છે, તેમ ૧૦ થી ૧૫ ટકા લોકો જ રવિવારે દર્શન કરવા જાય છે, તે પણ જમવાનું હોય તો જ. બાળકો પણ રવિવારે જ પાઠશાળામાં આવે છે. તેમના તથા તેમના વાલીઓ માટે ભોજનનો પ્રબંધ હોવો જરૂરી છે. અને આ ભોજનની વ્યવસ્થા દેવદ્રવ્યમાંથી જ થાય છે–જે શાસ્ત્રાજ્ઞા વિરુદ્ધ છે. પર્યુષણમાં ભારતથી વ્યાખ્યાતાને ખાસ બોલાવવામાં આવે છે, તેમાં હાર્ડલી દસ ટકા હાજરી હોય છે અને જો ભોજનની વ્યવસ્થા ન હોય તો તે પણ ન થાય. આ વખતે પર્યુષણમાં ભગવાન મહાવીરનું જન્મ વાંચન સોમવારે હોવા છતાં પોતાની સગવડતા ખાતર એ લોકોએ રવિવારે રાખેલ તથા સાંજનું ભોજન પણ રાખેલ, જે સૂર્યાસ્ત બાદ પણ ચાલુ જ હતું અને તે પણ દેરાસરમાં! થોડા અપવાદ સિવાય ત્યાં લગભગ બધાના ઘરે રાત્રિભોજન થતું હોય છે. એ જ રીતે થોડા અપવાદ સિવાય, તિથિ-પાલન થતું જ નથી. એટલે ત્યાં જૈન ધર્મની વાતો તથા ક્રિયાઓ થાય છે, પરંતુ આચારનું પાલન લગભગ થતું નથી – જે ખરેખર જ ઘણી ગંભીર-અક્ષમ્ય પરિસ્થિતિ છે.

JAINA પાસે ત્યાં મિલીયન્સ ઓફ ડોલર્સનું ભંડોળ છે. તેમજ દરેક દેરાસરો પાસે પણ લાખો ડોલરના ભંડોળ છે. પરંતુ તેનો ઉપયોગ સાધર્મિકો માટે કે શાસનના કાર્યો માટે થતો હોય તેવું જાણવા નથી મળ્યું. ત્યાં વસેલા મોટા ભાગના લોકો ઝાંઝવાના જળ જેવી ભ્રમિત સુપરિયારિટી કોમ્પ્લેક્ષમાં રાચે છે તથા સેલ્ફ સેન્ટર્ડ જીવન જીવે છે તેવું જણાય છે – ત્યાં જનારને આવો અનુભવ થાય છે. ક્રિશ્ચિયન ધર્મ તેમજ સ્વામિનારાણ ધર્મના અનુયાયીઓમાં જે શ્રદ્ધા તથા શિસ્ત જોવા મળે છે તેનો પણ ત્યાંના જૈનોમાં અભાવ જણાય છે. સ્વામિનારાયણ સંપ્રદાયના મોટા ભાગનાં લોકો ઉચ્ચ શિક્ષણરહિત હોવા છતાં તેઓમાં શિસ્ત-સેવા અને શ્રદ્ધા ભરપુર જોવા મળે છે. જ્યારે આપણા લગભગ બધા જ જૈનો ઉચ્ચ શિક્ષિત હોવા છતાં તેમાં શિસ્ત-સેવા-શ્રદ્ધાનો અભાવ સ્પષ્ટ રીતે દેખાઈ આવે છે. ત્યાં જે સાધુ-સંતો-વિદ્વાનો જાય છે તથા આશ્રમો અને સેન્ટરો ચલાવે છે તેમનું મુખ્ય કાર્ય તથા ફરજ છે કે તેઓ આચારપાલન, શ્રદ્ધા-શિસ્ત અને સેવાના કાર્યો ઉપર ભાર મૂકે; અન્ય યોગ્ય કરાવે. જોકે તેઓ પણ પોતાના આશ્રમો-સેન્ટરો-પ્રોજેક્ટો માટે ભંડોળ ઊભું કરવા ઉપર વધારે લક્ષ આપતા હોય તેવું જણાય છે.

ત્યાંનાં સમૃદ્ધ જૈનો-જેમના આવકનાં સ્રોતો ખૂબ જ સારા છે, ત્યાંની સમૃદ્ધ સંસ્થાઓ જો અત્રેની-દેશની સ્થિતિ તથા સાધર્મિકોની પરિસ્થિતિ ઉપર થોડો અભ્યાસ કરીને શાસન ઉન્નતિના કાર્યો કરે તો તેઓ ઘણું મોટું શાસન સેવાનું કાર્ય કરી શકે તેમાં શંકાને સ્થાન નથી.

મારાથી કશો હકિકત દોષ થયો હોય, શાસ્ત્રાજ્ઞા વિરુદ્ધ કશું લખાયું હોય, કોઈને દુઃખ લાગ્યું હોય તો તે સર્વની ક્ષમા માગું છું. ✶ ✶ ✶

હિંમતલાલ શાંતિલાલ ગાંધી, Cell No. : 9323331493.
૪૦૪, સુંદર ટાવર, ટી. જે. રોડ, શીવરી, મુંબઈ-૪૦૦ ૦૧૫.

# ભાવ-પ્રતિભાવ

(૧)

ડૉ. રશ્મિબેન ભેદા અને
શ્રીમતી ભારતીબહેન શાહ

અભિનંદન – અભિનંદન – અભિનંદન.

'કોઈ આપે ફૂલ, કોઈ આપે સુગંધ,
કોઈ આપે બાગ, આપે આપી ધાર્મિક સમજ.'
આપે આપેલી ધાર્મિક સમજથી અમો અમારા
'જીવનબાગને, ગુણોથી મહેકાવીશું,
અમારા કર્મ ખપાવીને, મુક્તિની મોજ માણીશું.'

ઈશ્વરના દર્શન આંખથી નથી થતા, પણ શ્રદ્ધાપૂર્વક ધાર્મિક કર્તવ્યથી દર્શન થાય છે એ આપ સર્વે લેખકોએ વિગતવાર સમજાવ્યું છે.

ઈશ્વરના બે નિવાસસ્થાન છે. એક વૈકુંઠમાં અને બીજું કૃતજ્ઞ ધાર્મિક હૃદયમાં એ આપ સર્વેને દાખલા, દૃષ્ટાંત, કર્તવ્યથી સમજાવ્યું છે.

માણસ સંજોગોમાં માનવાને બદલે, સામાયિક, પ્રતિક્રમણ, ચઉવિસત્થો, કાર્યોત્સર્ગ, વાંદણા, પ્રત્યાખ્યાન કરવાના સંજોગો મનન અને સમજપૂર્વક ઉજળા કરવાના દિલથી, મનથી, વિચારથી, વિવેકથી, વર્તનથી, ઊંડાણપૂર્વક સમજાવ્યા છે. આવા સાચા કર્મ કરી, કર્મને કાપવાથી પરમાત્મા ઉદ્ભવે છે એ સમજ સચોટ છે. આપનો પ્રયાસ બધા ધર્મ એક જ છે એ મુખપૃષ્ઠ સારી રીતે સમજાવે છે...

'શ્વાસનો સંબંધને કયાં ભાર લાગે છે,
કોઈનું સારૂં કરો એ જીવનનો સાર છે.'

આપ બધા જ લેખકોનું ઊંડું, ધાર્મિક જ્ઞાન, એક હથેળીમાં ચંદ્રનું અજવાળું છે અને બીજી હથેળીમાં સૂરજનું તેજ છે.

આ વખતનો અંક વાંચતા, ઘરમાં પર્યુષણ ચાલતા હોય તેવો ભાસ થાય છે. છેવટમાં શ્રીમતી ભારતીબહેનના દરેક પાને પ્રતિક્રમણની ભાવના ઉત્પન્ન કરતા નાના સુંદર લેખો 'પ્રબુદ્ધ જીવન'નું જબરૂં આકર્ષણ છે, જેના થકી પ્રતિક્રમણ કરતા થઈ જશે અને પુણ્ય ઉપાર્જન કરશે તેમજ બીજા અંકની જવાબદારી આનાથી વિશેષ જ આવશે એવી પ્રભુ પ્રાર્થના. આભાર.

**□ વર્ધમાન નગીનદાસ શાહ**
મુંબઈ-૪૦૦ ૦૨૮. ટેલિફોન : ૪૩૬૩૩૧૮/૪૩૦૯૭૫૫

(૨)

૬ આવશ્યક સૂત્રોની સમજણ, એની પ્રત્યેની નિષ્ઠા અને ભાષા સૌષ્ઠવથી શોભતો પર્યુષણ વિશેષાંક, આપની ટીમની કમાલ છે. આપ સૌએ ઘણો જ પુરુષાર્થ કર્યો છે.અંક હાથમાં લેતાં જ મારા અધ્યવસાયો સુધર્યા હતા. આપ સૌને મારા વંદન પાઠવું છું.

**□ કીર્તિચંદ્ર શાહ**
મુંબઈ-૪૦૦ ૦૯૭. મો. ૯૩૨૧૭૬૪૧૬૯

(૩)

'પ્રબુદ્ધ જીવન'નો પર્યુષણ વિશેષાંક મળ્યો છે. દરેક ધર્મની આવશ્યક ક્રિયાઓ વિષેનો આ ખાસ અંક છે એ એની વિશેષતા છે. તમે ન કેવળ જૈન ધર્મ પણ બીજા પણ ધર્મના વિવિધ અંગોનો સુપેરે પરિચય 'પ્રબુદ્ધ જીવન' મારફતે કરાવતા રહો છો એ માટે તમને ખૂબ ખૂબ અભિનંદન.

ગયા વર્ષે આપ સૌ આર્થિક સહયોગ માટે વિશ્વમંગલમ્-અનેરા આવ્યા હતા અને જે કાર્યક્રમ કર્યો હતો તેનું ભારોભાર સ્મરણ થાય છે. ભાઈ નીતિનભાઈ અને એમનું ગ્રુપ અંજલિથી ખાસ અહીં આવ્યા, સાંજની પ્રાર્થનામાં દીકરીઓ સાથે ભળ્યા, વાતો થઈ, રાત રોકાયા એનો ખૂબ આનંદ છે. અમારા દ્વાર આપ સૌ માટે ખુલ્લાં છે. આવી રીતે અમને લાભ આપતા રહો એ જ અભ્યર્થના.

વિશ્વમંગલમ્ પછી તમે વિશ્વનીડમ્‌ની પસંદગી કરી એ પણ ઉત્તમ છે. ઝૂંપડપટ્ટીનાં બાળકોનું જીતુભાઈનું કામ એક નવી ભાત પાડતું કામ છે. તમે સૌએ એમને શોધી કાઢ્યા એ માટે ધન્યવાદ.

**□ ગોવિંદભાઈ તથા સુમતિબહેન**
વિશ્વમંગલમ્-અનેરા, તા. હિંમતનગર,
ફોન (૦૨૭૭૨) ૨૩૯૫૨૨.

(૪)

સર્વધર્મ સમભાવ સૂચક મુખપૃષ્ઠ અતિ સુંદર વિચારણીય રહ્યું. પર્યુષણ-પાવન પર્વનો અન્ય ધર્મ સાથેનો વિનિયોગ સૂચક રહ્યો. 'અહિંસા' તેને પ્રાણ ગણાય, તેને નેત્ર, માનસિક-બૌદ્ધિક અને આત્મિક કક્ષાએ પહોંચાડી, જૈન ધર્મ-કર્મ પ્રત્યે વાચકોને આકર્ષ્યા, તે બદલ મારા હાર્દિક અભિનંદન સ્વીકારશોજી.

ડૉ. રશ્મિ ભેદા અને ભારતી શાહની મહેનત લેખે લાગી. કેટલી બધી બહેનો તેમાં ઊંડી ઊતરીને તેને આત્મસાત્ કરી રહી છે, તે પણ જાણ્યું-માણ્યું. 'આવશ્યકતા', જરૂરિયાત પર સુંદર પ્રકાશ પાડવામાં આવ્યો છે. ડૉ. થોમસ પરમાર અને રમઝાન હાસણિયા પણ શ્રેષ્ઠ રહ્યા. ડૉ. ઉત્પલા મોદી કેમ ભુલાય? દાતાઓને પણ અભિનંદન.

'કીડીને કણ અને હાથીને મણ' પૂરો પાડતી કુદરત પ્રત્યે વાચકની શ્રદ્ધા દૃઢ થઈ ગઈ. બિનજરૂરી-પરિગ્રહને ટાળવાની વૃત્તિથી, જરૂરિયાતમંદની આવશ્યકતા પૂરી પડતી રહે છે, તે સનાતન સત્ય ઉજાગર થઈ રહ્યું. વર્તમાનમાં જીવવું, વહેતાં રહેવું, આપણું ધાર્યું જો કંઈ થતું ના હોય તો તે શા માટે ધારવું? 'ધાર્યું ધણીનું થાય!'

'અહિંસા'ના ભાવને તમે સૂક્ષ્મતમ્ સ્તરે પહોંચાડ્યો. વ્યવહારમાં રહ્યા છતાં પરમાર્થ તરફ અંગૂલિ-નિર્દેશ કર્યો. ડૉ. ગુણવંત શાહને દિવ્ય-ભાસ્કરની રવિવારની પૂર્તિમાં પણ વાંચ્યા. વિજ્ઞાને તેમની સેવા વડોદરાથી છેક મુંબઈ પહોંચાડી. આવા સુંદર, સાત્ત્વિક આયોજન બદલ ધન્યવાદ.

પંચ મહાભૂતોમાંથી બનેલું આપણું આ શરીર પળે પળ, ક્ષણે ક્ષણ બદલાતું રહે છે, ઘસાય છે અને છેવટે માટીમાં મળીને રાખ

(Ash) થઈ જાય છે, તે ભસ્મનું મૂલ્ય પ્રસ્થાપિત થયું. આત્માને 'ટાળ્યો', શરીર ભલે પરિવર્તન પામ્યું. જૂઓ, આત્મા તો હવા છે, તેમાં તમે સુંદર રસ-રંગની રંગોળી પૂરી દીધી, તેને સુવાસિત બનાવ્યો. ઊંચે ચડાવીને, વિસ્તાર્યો, તે સિદ્ધિને મારા સાષ્ટાંગ દંડવત્ પ્રણામ-

તેથી, વાંચકોનો સુખ, સંતોષ અને શાંતિનો માર્ગ સરળ થયો. એક અર્થમાં મુક્તિ કે મોક્ષની નજીક જઈ પહોંચાયું. જૈન યુવક સંઘની સેવાને ચાર ચાંદ લાગી ગયા. મારા પત્રો છાપતાં રહો છો, તે ગમે છે.

પૈસે-ટકે તો હું કડકો ગણાઉં, જરૂરિયાત પૂરતા જ પૈસા છે. પેન્શનમાં જીવન સરળતાપૂર્વક વીતે, પણ આકસ્મિત ખર્ચને પહોંચી ના વળાય. મારી મોટી પુત્રીને હૃદયના વાલ્વનું ઓપરેશન થયું. તેમાં પાંચ-છ લાખ રૂપિયા હોમાયા. ફંડફાળો કર્યો, પણ એક જિંદગી બચી ગઈ. મેં મારા જીવનના ૨૦ વર્ષ, બાબરની અદાથી, તેને સોંપ્યાં. તેણી ૫૬ વર્ષની હવે ૭૬ વર્ષ જીવી શકાશે તેમ લાગે!

□ **હરજીવનદાસ થાનકી**

**• શ્રી હરજીવનભાઈનો આ પત્ર સ્વાભાવિક ભાવે એક દાતાશ્રીને મેં મોકલ્યો. એ દાતાશ્રીના હૃદયમાં કરુણાનું ઝરણું ફૂટ્યું, અને ફોન કરી થોડી વિગત માંગી, એમની રીતે તપાસ કરી અને આ દાતાશ્રીએ આ પરિવારને રૂા. પાંચ લાખ મોકલી આપ્યા. હું અવાક્ થઈ ગયો. આ વાંચનાર પણ આશ્ચર્યમાં ડૂબશે. આ દાતાશ્રીએ સરસ્વતી પુત્રોની શ્રદ્ધાને જીવંત રાખી. ધન્યવાદ આપવા મારી પાસે શબ્દો નથી! દાતાશ્રીએ કેટલી કોટિ કર્મની નિર્જરા કરી!! મારા કોટિ કોટિ વંદન આ ભવ્ય આત્માને.**

(૫)

મુનિ ત્રેલોક્ય મંડન વિજય, 'આવશ્યક ક્રિયા-સાધના'માં, સર્વશ્રેષ્ઠ રહ્યા, કેમકે તેમણે પ્રાચીનતા સાથે વર્તમાન જીવનને ઉજાળવાની ચાવી બતાવી. મૂળે, આપણે સૂર્યને ઉઠાડવાનો હોય, નિરંતર જાગૃતિ કેળવવાની હોય, આપણી જાતને કર્મમાં જોડવાની હોય કે જે આપણું ભાવિ પણ નિર્માણ કરતાં રહે છે. જૈન ધર્મના મૂળતત્ત્વોને પકડીને તેમણે સુંદર વિનિયોગ કર્યો. છે. 4-R ની વાત પણ હૃદયસ્પર્શી રહી. Remember, Return, Rethink and Relive.

આપણે સૌ વ્યૂહાત્મક પીછેહઠ કરતાં શીખ્યાં જ નથી. તેથી હિંસા આપણાં પર હાવિ થઈ ગઈ છે! લોભને થોભ નહીં! લોભ પણ કંઈ સાવ નાખી દેવા જેવી ચીજ નથી, જરૂરી છે, પણ તેમાં ટકવા માટે ક્યાં અટકવું? એ જાણવું પણ જરૂરી છે. તેમનું ઉદાહરણ પણ ચોટદાર. અર્જુન, તેણે ફેંકેલાં બ્રહ્માસ્ત્રને પાછું વાળી શકતો, પણ અશ્વત્થામા એ બાબતમાં લાચાર હોઈ, પ્રગતિ ના કરી શક્યા, હણાયા. સાચા હૃદયથી કરેલો પશ્ચાતાપ ગમે તેવાં પાપ કર્મને બાળી શકે છે! ખમાવવું–ક્ષમા આપવાની બાબતમાં જૈન-ધર્મનો જોટો જડવો મુશ્કેલ. આપણે Let go કરતાં શીખવું રહ્યું. બધું આપણી ઈચ્છા મુજબ જ શા માટે થાય? તે બધી વ્યાજબી પણ ક્યાં હોય છે? આપણી સારી અને સાચી ઈચ્છાને સંતોષવા કુદરત પણ બંધાયેલી છે; પણ આપણી ઈચ્છાઓ તરકટ હોય છે. ઈર્ષ્યા હોય છે. હરીફાઈ હોય છે, તેથી તે દૂષિત બનતી રહી છે. આ પત્ર દ્વારા પૂ. મુનિશ્રીને મારા હાર્દિક અભિનંદન પહોંચાડવા ઈચ્છું છું. આપ કુશળ હશો છું.

□ **હરજીવનદાસ થાનકી**
સીતારામ નગર, પોરબંદર

(૬)

'પ્રબુદ્ધ જીવન'ના (૭-૧૫) અંકમાં, ગુણવંત બરવાળિયાને 'ઉપયોગના મહત્ત્વના', સંદર્ભે વિચાર્યા, તેમને મારા હાર્દિક અભિનંદન.

માનવ જીવનની પણ 'ઉપયોગિતા' છે. કુદરતે, આપણને જન્મ શા માટે આપ્યો? આપણી શક્તિ-વીર્યના સદુપયોગ માટે, તેને 'ઉપભોગ'માં વેડફી મારવાથી શો લાભ? યૌવનને, 'ચામડાં ચૂંથવા' જેવી સ્થૂળ ક્રિયામાંથી ઊગારી લેવાય, તો શક્તિની ઉપયોગિતા વધે! પડ્યું રહેલું લોખંડનું હળ કટાઈ જાય, પણ જો તેનો ઉપયોગ, ખેતર ખેડવામાં થતો રહે, તો તે ચાંદીની જેમ ચમકતું રહે. પૂ. રવિશંકર મહારાજે પણ ઘસાઈને ઉજળાં થવાની વાત માર્મિક રીતે કરી છે. તેમની આંખમાં રહેલી કરુણામય અહિંસાથી, ભલભલા બહારવટિયા પણ કાંપી ઊઠતા. ગાંધીજી પાસે શું હતું? તો કહે, 'દેહની ઉયોગિતા', આત્માની શક્તિ અને ભક્તિ. 'હિંદ છોડો' એજ શબ્દોથી બ્રિટન ધ્રુજતું કેમ? તેમના શબ્દોની 'ઉપયોગિતા' હતી. આપણું શરીર Power House છે. તેમાંથી વીજળીના તણખાં ઝરતાં રહે છે. આપણું ચિત્ત Spark Plug જેવું છે. તેનાથી આ શરીરનું Engine ચાલતું રહે છે. મૂળવાત મૂલ્યો (Value) પાસે આવીને ઊભી રહે છે. વીજળીનો ઉપયોગ કરતાં ના આવડે તો બળી મરાય! 'શૉક' લાગે. તેને માટે 'ધ્યાન' જરૂરી છે. જાગૃતિ-ખાવા-પીવામાં, પહેરવા-ઓઢવામાં, તેમજ આહાર-વિહાર અને વ્યવહારમાં સતત ક્ષણેક્ષણ જાગૃત રહેવું ઘટે.

□ **હરજીવનદાસ થાનકી**
સીતારામ નગર, પોરબંદર

(૭)

આપની સંસ્થા તરફથી પ્રકાશિત 'પ્રબુદ્ધ જીવન' માસિકનો ઓગસ્ટ-સપ્ટેમ્બર ૨૦૧૫નો અંક સમયસર મળતાં આનંદ થયો.

પર્વાધિરાજ પર્યુષણ પર્વો નજીક આવે છે. આવા ધર્મમય દિવસોમાં આવું ઉત્તમ-પોષક-ધર્મ-સાહિત્ય વાંચવાનું ગમશે.

આ વિશિષ્ટ અંકનું સંપાદન કરનાર માનદ વિદુષી સંપાદિકા બહેનોને હાર્દિક અભિનંદન સાથે ઉત્તમ અનુમોદના.

ખૂબ જ સરસ પસંદગીના વિષયો પર સુંદર લેખોનું સર્જન કરી દરેક વિષયો રસિક બનાવ્યા છે. જુદા જુદા ધર્મના અનુયાયીઓના

લેખો પણ વાંચવા યોગ્ય છે.

ખૂબ જ પરિશ્રમ વેઠીને આ સંપાદન કરી એક મૂલ્યવાન વાંચન સામગ્રી આપી છે. પ્રત્યેક જૈન સંપ્રદાયની વ્યક્તિઓ માટે આ પાયાના જ્ઞાન-સ્વરૂપ સામાયિક-પ્રતિક્રમણ છ-આવશ્યક ક્રિયાઓનું વિવેચન હૃદયસ્પર્શી છે. સૌને અભિનંદન...અભિનંદન...

આપશ્રીને સવિનય વિનંતી કે પર્યુષણ વ્યાખ્યાનમાળા ૨૦૧૫ના કાર્યક્રમના વ્યાખ્યાતાઓના પ્રવચનની (દરેક) C.D. તથા ભક્તિ સંગીતની C.D. વ્યાખ્યાનમાળા સંપૂર્ણ થયા પછી કુરીઅર મારફત મને મોકલવા કૃપા કરશો. હું મુંબઈ આવી લાભ લઈ શકતો નથી, પરંતુ આ ધર્મ-સેવા કાર્યના આયોજકો, વક્તાઓ અને સંસ્થાના હોદ્દેદારોને અંતરના અભિનંદન પાઠવું છું. આપના લાગણીભર્યા સહકાર અને પ્રેમની અપેક્ષા સાથે વિરમું છું.

**◻ મહેશ ઝવેરી**
વલસાડ-૩૯૬૦૦૧.
મો. : ૯૪૨૮૦૬૫૬૯૦

(૮)

શબ્દશિલ્પી સદ્‌ભાવને વરેલા
ડૉ. રશ્મિબેન જિતુભાઈ ભેદા,

શુભ મંગળ કામનાઓ પાઠવતાં ખુશી સમાતી નથી. 'પ્રબુદ્ધ જીવન'ના ઑગસ્ટ-સપ્ટેમ્બર ૨૦૧૫ના અંકમાં જે ભગીરથ પુરુષાર્થ કર્યો છે એને શબ્દોમાં વર્ણવવો મારા જેવા માટે અઘરું છે. છતાં બંનેય ભગિનીઓને અંતઃકરણની ભાવનાથી અભિનંદન પાઠવું છું. Hearty Greetigs. હજુ પૂરેપૂરો વંચાયો નથી માટે ઔપચારિકતા ભારતીય સંસ્કરણ શિષ્ટાચાર યથામતિ યથાશક્તિ.

ડૉ. ધનવંતજી, વાહ એકલો જાને રે, ઇશતત્વનો માધ્યમે ચોક્કસ સહયોગી મળે જ. ભલે ને ખૂબ સમય વ્યતિત કેમ ન થયો હોય?

અમારો પરિવાર પછાત સમાજમાંનો, ઉછેર Untouchability, 75 year old, Retired છતાં કોઈનો ઈજારો નથી જ્ઞાનના ચયન માટે. ઢાઈઅખર પઢે સો પંડિત હોય. શબરીજી,, સુદામા અન્યને પણ પ્રભુજી મળેલા. જેમના વિશેનું સાહિત્ય ચિરંજીવ બન્યું છે. માત્ર ૨૦ રૂપિયામાં ૧૭૨ પાનાનો અંક. અરે માત્ર મુખપૃષ્ટ, દરેક વખતે ખૂબ જ નયનને ગમે જ. Each one teach one. Honesty is the best policy. Pen Friendshipમાં માનું છું. શત શત પ્રણામ, વંદના, ઓવારણાં લેવાનું મન થાય જ. આવડે તેવું લખાય. એક વિરલ કહી શકાય. અરે તેમાં સાથ-સહકાર, યોગદાન પણ મળતાં જ રહેને! પ્રસન્નતા થઈ છે. અભિનંદન સ્વીકારવા વિનંતી છે.

**◻ દામોદર એફ. નાગર**
ઉમરેઠ-૩૮૮૨૨૦.
મોબાઈલ : ૦૯૭૨૩૪૪૯૦૯૨.

(૯)

*બુદ્ધિશાળી પોતાની બુદ્ધિથી શ્રીમંત બની શકે છે, પણ*
*શ્રીમંત માણસ પૈસાથી બુદ્ધિશાળી બની શકતો નથી.*

'મુંબઈ જૈન યુવક સંઘ'ની વિવિધ પ્રવૃત્તિમાં તેની પર્યુષણ વ્યાખ્યાનમાળાનું સ્થાન બહુ મહત્ત્વનું છે. તમે મોકલેલ નિમંત્રણમાં દેખાય છે કે, ઘણાં અભ્યાસુ અને સામાજીક રીતે જીવનમાં આગળ એવા કેટલાંય લોકો એમાં વ્યાખ્યાન આપવા આવે છે.

મારું નમ્ર સૂચન છે કે, આ વ્યાખ્યાન શ્રેણીમાં એક દિવસ વ્યાખ્યાન અને બીજે દિવસે પ્રેક્ષકો સાથે પ્રશ્નોત્તરી એ રીતે ગોઠવણી કરો તો એ આદાનપ્રદાનમાં પ્રેક્ષકોને ઘણું જાણવાનું મળશે. એમના મનના પ્રશ્નો હશે તેને અંગે પણ વધુ રસિક વાર્તાલાપ થશે અને એ રીતે આવા આદાનપ્રદાનમાં કેટલીય વ્યક્તિના જ્ઞાનમાં વધારો થશે.

વર્ષોથી આપણે અનેક વ્યાખ્યાનો સાંભળતા આવ્યા છીએ, પરંતુ એની અસર આપણા પર કેટલી થાય છે. તેનો આધાર એ વ્યાખ્યાનોને બીજા પાસેથી સમજીએ એના પર છે.

તમે જે વ્યાખ્યાતાઓને શોધો છો તેઓ ઘણાં અભ્યાસુ અને ચિંતન કરનાર અને લખનાર વ્યક્તિઓ છે. વ્યાખ્યાન સાંભળનારાઓને આવા વક્તાઓ સાથે ચર્ચા-વિચારણા કરવાની તક મળે તો એ તક એમને ઘણું સાચું જ્ઞાન આપશે. તમે અને તમારું મંડળ આ અંગે વિચાર કરશે અને ઓછામાં ઓછું પર્યુષણ વ્યાખ્યાનમાળાના દિવસોમાં બે દિવસ પ્રશ્નોત્તરી અને ચર્ચાઓ રાખો તો પણ જ્ઞાનની વૃદ્ધિ અંદર એક નવું પગલું શરૂ થશે એમ લાગે છે.

**◻ સૂર્યકાન્ત પરીખ**,
સ્વાતંત્ર્ય સેનાની
મો. : ૯૮૯૮૦૦૩૯૯૬

(૧૦)

તા. ૧૭-૯-૧૫ની વ્યાખ્યાન

## ૨૩મો જૈન સાહિત્ય સમારોહ

### સોનગઢ – ૪,૫,૬,૭ ફેબ્રુઆરી – ૨૦૧૬

શ્રી રૂપ-માણેક ભંશાલી ચેરિટેબલ ટ્રસ્ટના સૌજન્યથી શ્રી મહાવીર જૈન વિદ્યાલય યોજિત ૨૩મો જૈન સાહિત્ય સમારોહ સોનગઢ (પાલિતાણા પાસે) મુકામે શ્રી મહાવીર જૈન ચારિત્ર કલ્યાણ રત્નાશ્રમ ખાતે ૪, ૫, ૬ અને ૭ ફેબ્રુઆરી – ૨૦૧૬ ચારદિવસ માટે યોજાશે. આ સમારોહમાં જૈન ધર્મના ચારેય ફિરકાના વિદ્વદ્જનો નીચેના વિષયો પર પોતાના શોધ નિબંધો પ્રસ્તુત કરશે. (૧) જૈન આગમ સાહિત્ય વિશેનું સાહિત્ય, (૨) જૈન તીર્થ સાહિત્ય, (૩) બાર ભાવના અને ચાર પરા ભાવના, (૪) જૈન સઝ્ઝાય. શોધ નિબંધ પ્રસ્તુત કરવા અને ઉપસ્થિત રહેવા માટે નિમંત્રણ પત્ર અને રજિસ્ટ્રેશન ફોર્મ મેળવવા શ્રી મહાવીર જૈન વિદ્યાલય - મુંબઈનો સર્વ જિજ્ઞાસુજનોને સંપર્ક સાધવા નમ્ર વિનંતી.

ફોન નં. ૦૨૨ ૨૩૭૫ ૯૨૭૯ – ૦૨૨ ૨૩૭૫ ૯૩૯૯

શ્રેણીમાં શ્રી રાહુલભાઈ જોષીનો રાગ-રાગિણી ઉપર ઉવસગ્ગહરમ્ સ્તોત્રની શરૂઆત પહેલાં બહેને પ્રસંગની પૂર્વ ભૂમિકા રજૂ કરી. ઈ.પૂ.૪૫૦ પહેલાં ભદ્રબાહુ સ્વામીને રજુ કર્યા એટલે કે એ પહેલાં ભદ્રબાહુ સ્વામી છે. વરાહ મિહીરને એમના ભાઈ કહ્યા. ઇતિહાસ વરાહમિહીરને ૮મી સદીમાં સ્વીકારે છે. આ વાત અસંગત લાગે છે માટે લખી છે. એ ભદ્રબાહુ સ્વામી બીજા અથવા ત્રીજા હોઈ શકે. આચાર્ય પદ માટેના અસંતોષથી આપ બધા વાકેફ છે! અજિત મોટી શાંતિ પહેલાં નમસ્કાર સૂત્રનો પહેલો પદ આગમીક નથી. આગમમાં તીર્થંકર માટે અરહા-અરહંતા દેવોના વંદનીય અને દેવોના પૂજનીય તરીકે શબ્દકોષમાં ઉલ્લેખ છે. વળી દીપરત્ન સાગરજી મહારાજ સાહેબે પ્રકાશિત કરેલ આગમ શબ્દ કોશોમાં પણ મૂળ અંગ અને ઉપાંગમાં તીર્થંકર માટે અરહા અને અરહંતા અર્થ દેવોના વંદનીય પુજનીય થાય છે, તે ૨૦૦ કરતાં વધુ વખત લખાયેલ છે. જ્યારે અરિહંતનો ઉલ્લેખ નથી. ભગવાનના નિર્વાણ પછી ૨૫૦ વર્ષે રાજા ખારવેલે સેડીસામાં પહેલું સાધુ સંમેલન ભરેલ તેની પ્રશસ્તિમાં પણ (શિલાલેખ) अरहा–अरहंता શબ્દો તિર્થંકર માટે વપરાયેલા છે તેથી સાબીત થાય છે કે અરિહંત નહીં અરહંત શબ્દ આગમીક છે. બંગાળના સરાગો થાય કે ફળ કોપો છે તો સમાગદેવ કશમને હણનાર!

નમસ્કાર સૂત્રના સવ્વપાવ પણસણો એ સાવજ અર્થહીન પદ છે કેમકે તીર્થંકરની ઉપસ્થિતિમાં રાજા શ્રેણિક નર્કનો બંધ છોડાવી ન શક્યા. (નમસ્કાર સૂત્રના) પાંચ પદ પાપનો ક્ષય કરતા જ નથી, એ પુન્યનું ઉપાર્જન કરે છે અને એટલી શક્તિ ઉત્પન્ન થાય છે કે પાપ ભોગવતા જરા પણ બોજ લાગતો નથી. ખુમારીથી ભોગવાઈ જાય છે.

આપ પ્રબુદ્ધ છો માટે લખું છું કે આપ દૂધ-પાણીને ઓળખો! રુઢિચુસ્ત પાસે આ વાત ન કરાય, ન લખાય.

☐ મહેશ
૨૩૦૩, પંચરત્ન, ઑપેરા હાઉસ, મુંબઈ-૪૦૦ ૦૦૪.

✷ ✷ ✷

## શ્રી મુંબઈ જૈન યુવક સંઘ-વર્તમાન કાર્યવાહક સમિતિ

**૨૦૧૫-૨૦૧૭**

**તા. ૧૬-૧૧-૨૦૧૫ના શ્રી મુંબઈ જૈન યુવક સંઘની સર્વ સભ્યોની સામાન્ય સભામાં નક્કી થયેલ કાર્યવાહક સમિતિ**

**પ્રમુખ :**

| | |
|---|---|
| શ્રી ચંદ્રકાંત ડી. શાહ | ૯૮૨૦૬૪૬૪૬૪ |

**ઉપપ્રમુખ :**

| | |
|---|---|
| શ્રી નિતીનભાઈ કે. સોનાવાલા | ૯૮૨૦૦૬૧૨૫૯ |

**મંત્રીઓ :**

| | |
|---|---|
| શ્રીમતી નિરુબહેન એસ. શાહ | ૨૩૬૮૨૨૭૦ |
| ડૉ. શ્રી ધનવંત ટી. શાહ | ૯૮૨૦૦૦૨૩૪૧ |

**સહમંત્રી :**

| | |
|---|---|
| શ્રીમતી વર્ષાબહેન આર. શાહ | ૯૮૨૦૩૩૮૧૬૨ |

**કોષાધ્યક્ષ :**

| | |
|---|---|
| શ્રી જગદીપ બી. ઝવેરી | ૯૮૨૧૦૦૭૭૩૮ |

**સભ્યો**

| | |
|---|---|
| શ્રી લલિતભાઈ પી. શાહ | ૯૮૨૧૦૫૩૧૩૩ |
| શ્રી દિલીપભાઈ એમ. શાહ | ૯૮૨૧૦૯૫૯૬૮ |
| શ્રી વલ્લભદાસ આર. ઘેલાણી | ૯૮૧૯૦૯૩૭૧૭ |
| શ્રી બિપિનભાઈ કે. જૈન | ૯૮૯૨૨૮૮૦૦૧ |
| શ્રીમતી ઉષાબહેન પી. શાહ | ૯૮૧૯૭૮૨૧૯૭ |
| કુ. વસુબહેન સી. ભણશાલી | ૯૮૨૧૧૬૮૩૧૯ |
| કુ. મીનાબહેન શાહ | ૯૮૨૦૧૫૮૪૯૪ |
| શ્રીમતી પુષ્પાબહેન સી. પરીખ | ૨૩૮૭૩૬૧૧ |
| શ્રીમતી રમાબહેન વી. મહેતા | ૨૨૮૧૯૧૭૪ |
| શ્રીમતી રમાબહેન જે. વોરા | ૨૩૫૧૯૯૯૧ |
| શ્રી કિરણભાઈ એચ. શાહ | ૯૮૨૦૦૨૪૪૯૧ |
| શ્રી પીયૂષભાઈ એચ. કોઠારી | ૯૮૨૧૦૩૫૪૬૫ |
| ડૉ. સેજલબેન શાહ | ૯૮૨૧૫૩૩૭૦૨ |
| શ્રી પ્રવીણભાઈ કે. શાહ | ૯૮૩૩૧૨૬૩૨૯ |
| શ્રી ચંદુલાલ જી. ફેમવાલા | ૯૮૧૦૦૦૦૪૨૨ |

### કો-ઓપ્ટ સભ્યો

| | | |
|---|---|---|
| શ્રી પ્રેમળભાઈ કાપડિયા | શ્રી શૈલેષભાઈ હિંમતલાલ કોઠારી | શ્રી દિલીપભાઈ વીરેન્દ્રભાઈ કાકાબળીયા |
| શ્રી શાંતિલાલ મંગળજી મહેતા | શ્રીમતી ભારતીબેન ભગુભાઈ શાહ | શ્રી પુષ્પસેન સી. ઝવેરી |
| શ્રી પન્નાલાલ કે. છેડા | | |

## નિમંત્રિત સભ્યો

| | | |
|---|---|---|
| શ્રી કાકુલાલ છગનલાલ મહેતા | શ્રીમતી શૈલજાબહેન ચેતનભાઈ શાહ | શ્રી શાંતિભાઈ કરમશીભાઈ ગોસર |
| શ્રી પ્રકાશભાઈ જીવનચંદ ઝવેરી | શ્રી મહેન્દ્રભાઈ શામજીભાઈ ગોસર | ડૉ. કામિની ગોગરી |
| શ્રી ભરતભાઈ મેઘજી મામણિયા | ડૉ. રેણુકા જિનેન્દ્ર પોરવાલ | કુ. રેશ્માબહેન બિપિનભાઈ જૈન |
| શ્રી હસમુખભાઈ એચ. શાહ | શ્રી મનીષ મોદી | શ્રી વિનોદભાઈ વસા |
| શ્રી ગિરીશ આર. વકીલ | ડૉ. સ્નેહલ સંઘવી | શ્રી રજનીકાંત ગાંધી |

## શ્રી મુંબઈ જૈન યુવક સંઘ સંચાલિત અન્ય પ્રવૃત્તિઓ

### પ્રેમળ જ્યોતિ

**સંચાલકો :**

શ્રીમતી નિરુબહેન સુબોધભાઈ શાહ ટે. નં. ૨૩૬૩૧૨૮૫
શ્રીમતી પુષ્પાબહેન ચંદ્રકાંત પરીખ ટે. નં. ૨૩૮૭૩૬૧૧

### કિશોર ટિંબડીયા કેળવણી યોજના ફંડ

**સંચાલકો :**

શ્રીમતી રમાબહેન વિનોદભાઈ મહેતા મો. ૯૬૧૯૧૯૫૯૩૮
શ્રીમતી ઉષાબહેન પ્રવીણભાઈ શાહ મો. ૯૮૧૯૭૮૨૧૯૭
કુ. વસુબહેન ચંદુલાલ ભણશાલી મો. ૯૮૨૧૧૬૮૩૧૯

### જમનાદાસ હાથીભાઈ મહેતા અનાજ રાહત ફંડ

**સંચાલકો :**

શ્રીમતી રમાબહેન વિનોદભાઈ મહેતા મો. ૯૬૧૯૧૯૫૯૩૮
શ્રીમતી ઉષાબહેન પ્રવીણભાઈ શાહ મો. ૯૮૧૯૭૮૨૧૯૭
શ્રીમતી પુષ્પાબહેન ચંદ્રકાંત પરીખ ટે. નં. ૨૩૮૭૩૬૧૧

### ભાનુ ચેરિટી ટ્રસ્ટ : અનાજ રાહત ફંડ

**સંચાલકો :**

શ્રીમતી ઉષાબહેન પ્રવીણભાઈ શાહ મો. ૯૮૧૯૭૮૨૧૯૭
શ્રીમતી રમાબહેન વિનોદભાઈ મહેતા મો. ૯૬૧૯૧૯૫૯૩૮
શ્રીમતી પુષ્પાબહેન ચંદ્રકાંત પરીખ ટે. નં. ૨૩૮૭૩૬૧૧

## શ્રી મુંબઈ જૈન યુવક સંઘ : વિવિધ સબ કમિટીઓ

### રસધારા સોસાયટી કમિટી

શ્રી ચંદુલાલ જી. ફેમવાલા-કન્વીનર-૯૮૭૦૦૦૦૪૨૨
શ્રી ચંદ્રકાંત દીપચંદ શાહ-૯૮૨૦૬૪૬૪૬૪
શ્રી નિતીનભાઈ એમ. સોનાવાલા-૯૮૨૦૦૬૧૨૫૯
શ્રી ભૂપેન્દ્ર ડાહ્યાભાઈ જવેરી-૯૮૨૦૦૩૧૪૮૦
શ્રી લલિતભાી પી. શાહ-૯૮૨૧૦૫૩૧૩૩
શ્રી વલ્લભદાસ આર. ઘેલાણી-૯૮૧૯૦૯૩૭૧૭
શ્રી દિલીપભાઈ વી. કાકાબળીયા-૯૩૨૨૮૯૩૬૬૬

### પર્યુષણ સમયે અનુદાન માટે સંસ્થા પસંદ કરવાની કમિટી

શ્રી નિતીનભાઈ એમ. સોનાવાલા-કન્વીનર-૯૮૨૦૦૬૧૨૫૯
શ્રી ચંદ્રકાંત દીપચંદ શાહ-૯૮૨૦૬૪૬૪૬૪
શ્રી ભૂપેન્દ્ર ડાહ્યાભાઈ જવેરી-૯૮૨૦૦૩૧૪૮૦
શ્રી દિલીપભાઈ વી. કાકાબળીયા-૯૩૨૨૮૯૩૬૬૬
શ્રીમતી ઉષાબહેન પ્રવીણભાઈ શાહ-૯૮૧૯૭૮૨૧૯૭
કુ. મીનાબહેન શાહ-૯૮૨૦૧૫૮૪૯૪
શ્રી પ્રકાશભાઈ ઝવેરી-૯૮૨૩૮૯૦૩૪૦
શ્રી કાકુભાઈ મહેતા-૦૨૨-૨૮૯૮૮૮૭૮

### બંધારણ સુધારણા કમિટી

શ્રી વલ્લભદાસ આર. ઘેલાણી-કન્વીનર-૯૮૧૯૦૯૩૭૧૭
શ્રી નિતીનભાઈ એમ. સોનાવાલા-૯૮૨૦૦૬૧૨૫૯
શ્રી ધનવંતભાઈ ટી. શાહ-૯૮૨૦૦૦૨૩૪૧
શ્રી લલિતભાઈ પી. શાહ-૯૮૨૧૦૫૩૧૩૩
શ્રી દિલીપભાઈ એમ. શાહ-૯૮૨૧૦૯૫૯૬૮
શ્રી પ્રવિણભાઈ કે. શાહ-૯૮૩૩૧૨૬૩૨૯

### ફંડ રેઈઝીંગ કમિટી

શ્રી લલિતભાઈ પી. શાહ-કન્વીનર-૯૮૨૧૦૫૩૧૩૩
શ્રી ચંદ્રકાંત દીપચંદ શાહ-૯૮૨૦૬૪૬૪૬૪
શ્રી નિતીનભાઈ એમ. સોનાવાલા-૯૮૨૦૦૬૧૨૫૯
શ્રીમતી નિરુબહેન એસ. શાહ-૨૩૬૩૧૨૮૫
શ્રી ધનવંતભાઈ ટી. શાહ-૯૮૨૦૦૦૨૩૪૧
શ્રી ભૂપેન્દ્ર ડાહ્યાભાઈ જવેરી-૯૮૨૦૦૩૧૪૮૦
શ્રી દિલીપભાઈ એમ. શાહ-૯૮૨૧૦૯૫૯૬૮
શ્રી પીયૂષભાઈ કોઠારી-૯૮૨૧૦૩૫૪૬૫
શ્રીમતી ઉષાબહેન પ્રવીણભાઈ શાહ-૯૮૧૯૭૮૨૧૯૭
શ્રી કિરણભાઈ શાહ-૯૮૨૦૦૨૪૪૯૧

# સર્જન-સ્વાગત

## ❑ ડૉ. કલા શાહ

પુસ્તકનું નામ : **મુઠ્ઠી ઊંચેરા ૧૦૦ માનવરત્નો**
લેખક : ભદ્રાયુ વછરાજાની
પ્રકાશક : આર. આર. શેઠ એન્ડ કંપની પ્રા. લિ. મુંબઈ-અમદાવાદ.
ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ.
મૂલ્ય-રૂા. ૩૨૫/-, પાના-૪૦૮, આવૃત્તિ-પ્રથમ. મે, ૨૦૧૫.

'મુઠ્ઠી ઊંચેરા ૧૦૦ માનવ રત્નો' એટલે ૧૦૦ માનવ રત્નોના જીવનપથના અદ્ભુત દસ્તાવેજો આ પુસ્તકમાં છે. અહીં આજની પેઢીનો ભારોભાર આદર અને આવતી કાલની પેઢીનો ભારોભાર આદર છે. હૃદયને સ્પર્શતી વાતો અને પ્રવાહી અભિવ્યક્તિ આ પુસ્તકના ઊડીને હૈયે બેસે તેવા પાસા છે. આ પુસ્તક વિશે બીજી વાત કહીએ તો એ છે કે આ પુસ્તક આપણાં મલકનાં ઊંચેરા માનવીઓનાં જીવનનું ઐતિહાસિક, સાંસ્કૃતિક અને સાંવેગિક દસ્તાવેજીકરણ છે. અહીં અનેક જીવનગાથાઓ છે. અને સ્વકંઠે કહેવાયેલી દાસ્તાન છે. સાથે સાથે ભાવિ પેઢી માટે એવી પગદંડી છે જે તેઓને સિદ્ધિના રાજમાર્ગ સુધી દોરી જાય છે.

ડૉ. ભદ્રાયુ વછરાજાનીએ આ ૧૦૦ વ્યક્તિના શબ્દચિત્રોને માત્ર ભાષા દ્વારા જ નહિ પણ હૃદયના ઊંડા ભાવો દ્વારા કંડાર્યાં છે. અને કચકડે મઢ્યા હોય તેવું શતદલ પદ્મ પાંગર્યું છે. ઊડી આંખે વળગે એવી વાત તો એ છે કે આ ૧૦૦ વ્યક્તિઓને વાચક તેઓની તસવીર અને એમની ઓળખ દ્વારા નિકટથી પામી શકે છે. લેખકે દોરેલ શબ્દચિત્રોની વિશેષતા એ છે કે તેમાં ભાષા અને ભાવની સરળતા, મિતભાષીતા અને હૃદયસ્પર્શીતા વાચકને જકડી રાખે છે. શ્રી ભદ્રાયુભાઈનું ગુજરાતી સાહિત્યને એક અનોખું અને અનેરૂં પ્રદાન છે. એક સાથે સો વિશેષ વ્યક્તિઓને મળ્યાનો આનંદ મારા હૃદયને થયો એવો ભાવ અનુભવું છું.

x x x

પુસ્તકનું નામ :
**સંતવાણી, લોકગીત અને લોકકથા વિશે**
લેખક : હસુ યાજ્ઞિક
પ્રકાશક : ગૂર્જર ગ્રંથ રત્ન કાર્યાલય, રતનપોળ નાકા સામે, ગાંધીમાર્ગ, અમદાવાદ-૧.
મૂલ્ય-રૂા. ૨૫૦/-, પાના-૪+૨૪૪,
આવૃત્તિ પ્રથમ ૨૦૧૫.

આ પુસ્તકમાં લોક સાહિત્ય-વિવેચનના રસપ્રદ દૃષ્ટાંતો સાથે ચર્ચાકરતા વીસ અભ્યાસ લેખો છે. સંતવાણીમાં અહીં આગમ, અગમ અને અવળ ત્રણ વાણી પર, વાણીના પરા-પશ્યંતિ-વૈખરી પર, આદિવાસી અને કચ્છી સંતવાણી અને ભક્તિરચના પર તથા પ્યાલા જેવા ભજનપ્રકાર અને ઈસ્માઇલી ખોજાના જ્ઞાનપદોની રચના પર જ્ઞાનમાહિતી અને રસ પડે તેવા સાત અભ્યાસ લેખો છે. લોકગીતના ઉદ્ભવ વિકાસની-સ્વરૂપની પાયાની ચર્ચા સાથે જ આવા ગીતોની સમસ્યા ચર્ચી છે. શ્રીકૃષ્ણનું વિશેષ પ્રતિનિધિત્વ અને આદિવાસી ભક્તિ સાહિત્યનો સંદર્ભ ચર્ચ્યો છે.

લોકકથા સંદર્ભે ઢોલા મારૂની પ્રેમકથાનો લોક મહાકાવ્યમાં વિકાસ કેવી રીતે થાય છે તે દર્શાવ્યું છે. ઈરાનની મુશ્કિલ કુશાની વ્રત કથા અને સત્યનારાયણની કથાની સમાનતા અને તેનું મૂળ દર્શાવ્યું છે. પ્રાકૃત અને અનેક કથાઓ ગુજરાતની લોકકથાઓમાં કેવી રીતે આવી તેની રસપ્રદ માહિતી અને વિગત અહીં પ્રાપ્ત થાય છે. લાખા ફુલાણીના જન્મની કથાની વિગત અને ચર્ચા અહીં આપવામાં આવી છે. લોક સાહિત્યના રસિકો, અભ્યાસીઓ અને છાત્રો તથા અધ્યાપકોને ઉપયોગી એવું આખું પુસ્તક છે.

x x x

પુસ્તકનું નામ : **શ્રી સ્વામી સમન્તભદ્ર આચાર્ય રચિત શ્રી રત્નકંડ શ્રાવકાચાર**
લેખક : ઢૂંઢારી ભાષા ટીકાકાર
**પં. સદા સુખદાસજી કાસલીવાલ, જયપુર**
ગુજરાતી અનુવાદ : **અશ્વિનભાઈ કે. દોશી સુહાસણા**
પ્રકાશક : શ્રી કુંદકુંદ કહાન દિગંબર જૈન તીર્થ સુરક્ષા ટ્રસ્ટ (સત્ સાહિત્ય પ્રકાશન વિભાગ)
૧૭૩/૧૭૫, મુંબાદેવી રોડ, મુંબઇ-૪૦૦ ૦૦૨.
મૂલ્ય-રૂા.૭૫/-, પાના-૬૧૦, આવૃત્તિ-૨, ઈ. સ. ૨૦૧૪.

દિગંબર જૈન મુનિઓમાં તાર્કિક ચુડામણિ શ્રી સ્વામી સમન્તભદ્ર આચાર્યદેવનું સ્થાન અત્યંત પ્રતિષ્ઠાપૂર્ણ છે. વિશાળ જૈન સાહિત્યમાં તથા ચરણાનુયોગના શાસ્ત્રોમાં ગ્રંથરાજ શ્રી રત્નકરંડ શ્રાવકાચારનું સ્થાન સર્વોપરી છે.

શ્રી આચાર્ય સમન્તભદ્ર સ્વામી જૈન ન્યાયના પ્રતિષ્ઠાપક આચાર્ય હતા. પરીક્ષા પ્રધાન થવું એ તેમની વિશેષતા રહી છે. સ્વયંભૂ સ્તોત્રમાં પોતાનો પરિચય પોતે જ આપે છે, 'હું આચાર્ય છું, કવિ છું, વાદ-વિવાદમાં સર્વોપરી છું, પંડિત છું, દૈવજ્ઞા છું. માંત્રિક છું, તાંત્રિક છું, આજ્ઞા સિદ્ધ છું. સાસ્વત સ્વામી સમન્તભદ્રએ પોતાના રત્નકરંડમાં શ્રાવકધર્મનું સૂત્રરૂપથી યુક્તિસહિત જે વર્ણન કર્યું છે તે પરવર્તી શ્રાવકાચારો માટે આધારભૂત તથા આદર્શરૂપ છે.

શ્રી રત્નકરંડ શ્રાવકાચાર તેમનો સૌથી વધુ પ્રસિદ્ધ, સૌથી વધુ પ્રાચીન, મહત્ત્વપૂર્ણ સર્વમાન્ય શ્રાવકાચાર નિરૂપક ગ્રંથ છે. ચરણાનુયોગમાં ધર્મનું વર્ગીકરણ શ્રાવકધર્મ અને મુનિધર્મના રૂપમાં કરવામાં આવ્યું છે. શ્રાવકધર્મનું નિરૂપણ કરનાર અનેક ગ્રંથોમાં આ ગ્રંથ રત્નકંડ શ્રાવકાચાર ગ્રંથ સૌથી પૌરાણિક અને સર્વમાન્ય ગ્રંથરાજ છે.

પંડિત શ્રી સદા સુખદાસજીએ કરેલ વિવેચનામાં એમની મૌલિકતાના દર્શન થાય છે. આમાં એમનું સદાચારી તથા ઉપદેશક વિદ્વાનનું વ્યક્તિત્વ ઊભરીને સામે આવે છે. તેઓ પ્રતિપાદિત વિષયને સ્પષ્ટ કરવાની સાથે સાથે હૃદયને હલાવી દે તેવી પ્રેરણા આપે છે અને જીવનને સાર્થક કરવા માટે પ્રેરણા આપે છે.

આ સરળ સરસ કૃતિ જન-જનની વસ્તુ બની ગઈ છે.

x x x

પુસ્તકનું નામ : **મનના માયાબજારમાં**
લેખક : દિનેશ પાંચાલ
પ્રકાશક : ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય
રતનપોળ નાકા સામે, ગાંધી માર્ગ, અમદાવાદ-૧.
મૂલ્ય-રૂા. ૨૦૦/-, પાના-૧૪+૨૧૦, પ્રથમ આવૃત્તિ-૨૦૧૫.

વર્તમાન યુગના લેખક શ્રી દિનેશ પાંચાલનો નવો લેખ સંગ્રહ 'મનના માયાબજાર'માં તેઓએ આપણી આસપાસ જીવાતા જીવનમાંથી વિષયોની પસંદગી કરી છે અને તેઓ સર્વગ્રાહી દૃષ્ટિથી અવલોકન કરી, તારણ કાઢતા જઈ, વાચન ક્ષમ પૃથ્થકરણ રજૂ કરે છે. આ લેખોમાં પત્રકારની નિરીક્ષણ શક્તિ અને સર્જકની સંવેદનશીલતા વ્યક્ત થાય છે તો સાથે સાથે એમની વિચારસરણીની તટસ્થતા પણ વરતાય છે. તેઓ માત્ર સમસ્યાને રજૂ નથી કરતાં પરંતુ તેઓ એના સમાધાન અને નિરાકરણની ભૂમિકા પણ રચી આપે છે અને પોતાના વિચારોને આધાર આપવા માટે દૃષ્ટાંતો આપે છે. તેઓ પ્રસિદ્ધ વિચારકોના મંતવ્યોને ટાંકે છે અને મનોવૈજ્ઞાનિક દૃષ્ટિકોણ અપનાવે છે. તેમની શૈલીની પ્રવાહિતા સામાન્ય વાચકને પણ આકર્ષે છે. તેઓ બાળઉછેરથી માંડીને બદલાયેલા જીવનમૂલ્યો વિશે ચિંતા કરે છે અને ધર્માંધતા, રેશનાલિઝમ, શિક્ષણ જેવા વિષયોથી માંડીને કસરત, ઘરેલૂ હિંસા આપઘાત જેવા વિષયો પર પણ લખે છે.

તેમની વિશેષતા એ છે કે મૌલિક વિચારો, સ્પષ્ટ અને સરળ કથન તથા આકાશને તાકવાની ક્ષમતા તેમના લેખોની વિશેષ ખૂટતી છે.

x x x

પુસ્તકનું નામ : **તીર્થ-યાત્રા**
લેખક : પૂ. આગમોદ્ધારક આ. આનંદ સાગરસૂરિજી

મહારાજ
સંપાદક : પૂ. પંન્યાસ શ્રી અભયસાગરજી મ.સા.
પુનઃ સંપાદક : બંધુ ત્રિપુટી પૂજ્ય આચાર્ય શ્રી જિનચંદ્રસાગરજી સૂરિજી મ.
પૂ. આ. શ્રી હેમચંદ્રસાગરજી સૂરિજી મ.
પ્રકાશક : શ્રી આગમોદ્ધારક પ્રતિષ્ઠાન, અયોધ્યા-પુરમ મહાતીર્થ, નવાગામ ઢાળ, તા. વલભીપુર, જિ. ભાવનગર.
પ્રાપ્તિસ્થાન : વીરપાલ સી. શાહ
વિમલદર્શન એપાર્ટમેન્ટ, પાંચમા માળે,
૯મી ખેતવાડી, મુંબઈ-૪૦૦ ૦૦૪.
મૂલ્ય-રૂા. ૧૦૦/-, પાના-૨૭૨.

પૂ. સાગરજી મહારાજ એટલે જાણે એક હરતી ફરતી, જીવતી જાગતી જ્ઞાનપીઠ-યોગપીઠ હતા. એ જ્ઞાનપીઠનો અમૂલ્ય વારસો આજે પણ શ્રીસંઘ, વિદ્વાન સમાજ તથા આગમોદ્વારક શ્રીનો શ્રમણ-શ્રમણી સમુદાય ખૂબ ખંતપૂર્વક સાચવે છે. આ અમૂલ્ય તત્ત્વચિંતનના અંશો 'આગમજ્યોત' નામે ત્રિમાસિક રૂપે ૧૬ વર્ષ સુધી સંઘમાં સંઘ માટે પ્રગટ થતું રહ્યું. આગમોદ્વારકનો વારસો આગમવિશારદ શ્રી અભયસાગરજી મ. સાહેબે જાળવ્યો. પૂ. સાગરજી મહારાજની તર્ક સભર, પરંપરાનિષ્ઠ, શ્રદ્ધાસભર સરળ અને રસાળ સાહિત્ય સરવાણીને વહેતી રાખવામાં મહેનત પ્રગટ થઈ છે. સોળ વર્ષના ત્રિમાસિકોના સંચયરૂપે આગમ-જ્યોતના ૧૬ ભાગો પ્રાપ્ય બન્યા છે. પૂ. આચાર્ય શ્રી જિનચંદ્રસાગરજી મ., પૂ. આ. શ્રી હેમચંદ્રસાગર-સૂરીશ્વરજી મ.એ તક, સમય અને જરૂરિયાતને નજરમાં રાખીને ૧૬ ભાગોને સંપાદન કરવાનું બીડું ઝડપ્યું અને 'તીર્થયાત્રા'ના નિબંધની સુવાસ રેલાવતું પુસ્તક આપણને પ્રાપ્ત થયું.

પૂ. સાગરજી મહારાજની અપૂર્વ વિદ્વતા, અનોખું વ્યક્તિત્વ, ગજબની કર્મઠતા, અનન્ય દૂરંદર્શિતા, શાસ્ત્રોના અતલ ઊંડાણ સુધી જવાની તીવ્રતા–તે ઉપરાંત વર્તમાન કાળમાં ય વિરલ સાધુત્વ–આ બધાં ગુણોનું પ્રતિબિંબ 'તીર્થયાત્રા' પુસ્તકમાં વર્તાય છે.

'તીર્થયાત્રા' પુસ્તક એટલે તીર્થયાત્રાના રહસ્યને ખૂબીથી ખોલતો અદ્‌ભુત-અપૂર્વ ગંભીર વિશાળ નિબંધ.

x x x

પુસ્તકનું નામ :
**ધર્મદ્રવ્યની શાસ્ત્રીય વ્યવસ્થા અને અશાસ્ત્રીય વ્યવસ્થા સામે લાલબત્તી**
લેખક : ડૉ. હર્ષદ ભટ્ટ
લેખક-સંકલન-સંપાદક :
પૂ. મુનિરાજ શ્રી સંયમકીર્તિ વિજયજી મ.સા.
પ્રકાશક : શ્રી સમ્યગ્જ્ઞાન પ્રચારક સમિતિ, અમદાવાદ.
મૂલ્ય-સદુપયોગ, પાના-૧૬૦, (લઘુ સંસ્કરણ) આવૃત્તિ-પ્રથમ
પાના ૫૦૪ (બૃહદ્ સંસ્કરણ) વિ. સં. ૨૦૭૧.

પાંચમા આરામાં પ્રભુ શાસનના સિદ્ધાંતો-આલંબનો વગેરે દુષિત કરવાનું કામ ચાલતું જ રહે છે. આવા અવસરે શાસનપ્રેમી ભવ્યાત્માઓની સિદ્ધાંતો-આલંબનો વગેરેને સુરક્ષિત બનાવી રાખવાની ફરજ બની જાય છે. અત્યારે દેવદ્રવ્યની રક્ષા કરવાનો મહાન અવસર ઉપસ્થિત થયો છે. અમુક ચોક્કસ વર્ગના અપપ્રચારના યોગે ઘણાં ભવ્યાત્માઓ ગુમરાહ બની દેવદ્રવ્ય ભક્ષણ કે વિનાશના મહાપાપના ભાગી બને એવી પરિસ્થિતિનું નિર્માણ થઈ રહ્યું છે. એવી પળે દેવદ્રવ્ય-ગુરુદ્રવ્ય અને જ્ઞાનદ્રવ્ય અંગેના શાસ્ત્રીય સિદ્ધાંતોને ભવ્યાત્માઓ સમક્ષ પ્રકાશિત કરી એમને શાસ્ત્રાનુકારી પરંપરાનો બોધ આપવો જરૂરી છે અને આત્માના ભવશત્રુ સમાન કુતર્કોની જાળમાંથી બહાર કાઢીને પરંપરામાં સ્થિર કરવા અતિ અનિવાર્ય છે. પૂર્વકાલીન પૂ. વડીલ મહાપુરુષો દેવદ્રવ્ય અંગે શાસ્ત્રાધારે કયા પ્રકારનો માર્ગ ચીંધી ગયા છે તે બતાવવો જરૂરી છે. શાસ્ત્રોમાં દેવદ્રવ્યનો ઘણો મહિમા વર્ણવ્યો છે. આ પુસ્તકમાં શાસ્ત્રની આજ્ઞા સુવિદિત પરંપરા અને પૂ. વડીલોના અભિપ્રાયોને એકત્ર કરીને અહીં આપવામાં આવેલ છે.

આ વિષયમાં વિસ્તૃત રૂચિવાળા આરાધક વર્ગ માટે બૃહદ સંસ્કરણ (૫૦૪ પાનાનું) તૈયાર કરાવ્યું છે અને સંક્ષિપ્ત રૂચિવાળા આરાધક વર્ગ માટે લઘુ સંસ્કરણ તૈયાર કરવામાં આવેલ છે.

x x x

પુસ્તકનું નામ : **પર્યાવરણ વાવો માનવ ઉગાડો**
લેખક : ડૉ. મિતા હરીશ થાનકી
પ્રકાશન : સંસ્કાર સાહિત્ય મંદિર
૫, N.B.C.C. હાઉસ, સહજાનંદ કૉલેજ પાસે, આંબાવાડી-૩૮૦૦૧૫. અમદાવાદ-૩૮૦૦૩૬.
ફોન : ૦૭૯-૨૬૩૦૪૨૫૯. મૂલ્ય-૧૪૦/-, પાના-૧૪૦, આવૃત્તિ-પ્રથમ-ઈ. સ. ૨૦૧૫.

પ્રસ્તુત પુસ્તક વિવિધ યુનિવર્સિટીના તાલીમાર્થીઓને, શાળા-કૉલેજોના અધ્યાપકો, વિદ્યાર્થીઓ અને પર્યાવરણ પ્રેમીઓને ઉપયોગી બને તેવું છે. આ લેખો દ્વારા ડૉ. મિતાબહેને પર્યાવરણને અસર કરતા વિવિધ ઘટકો, કુદરતી આફતો, વિવિધ ઊર્જાસ્રોતો વગેરેનો સમાવેશ કરીને પર્યાવરણ સંરક્ષણ સભાનતા કેળવવાની તથા ઘટકો વિષયક જ્ઞાન સમાજને ઉપયોગી થાય તેની સંનિષ્ઠ મથામણ કરી છે. જે શિક્ષણ વર્ગની ચાર દીવાલોમાં મળે છે તે એકદમ સીમિત હોય છે. વર્ગશિક્ષણમાં જે માહિતીલક્ષી ખ્યાલો છે તેમને અનુભવની એરણ પર ચકાસવાની સાહજિક તકો પ્રકૃતિના ખોળે જ પ્રાપ્ત થાય છે. વિજ્ઞાન અને પર્યાવરણના શિક્ષણને જો રસપ્રદ બનાવવું હોય તો વિદ્યાર્થીઓને પ્રર્યાવરણના ઘટકો, પ્રકૃતિ અને માનવજીવન વચ્ચે સુમેળ સાધવો પડશે. આ દીવાદાંડીની ગરજ સારશે.

ભારતીય સંસ્કૃતિ હંમેશાં પર્યાવરણની પૂજક રહી છે. છતાં ભારતની ગણના સૈથી વધારે પ્રદૂષિત રાષ્ટ્ર તરીકે થાય છે. આ કલંક દૂર કરવા અને ભારતની ભાવિ પેઢીને પર્યાવરણ સંરક્ષણ અંગે સભાન બનાવવાના વિરાટ કાર્યમાં આ પુસ્તકના લેખો મદદરૂપ પુરવાર થશે. માનવજાતને જીવાડવી હશે તો પ્રકૃતિના નિયમોનું પાલન-જતન કરવું પડશે. માણસ વૃક્ષોને નથી જીવાડતો પણ હકીકતમાં વૃક્ષો માણસને જીવાડે છે એ સત્ય સમજાવતું આ પુસ્તક પર્યાવરણનું પુરાણ છે.

x x x

પુસ્તકનું નામ : **જીવન સરગમ**
લેખક : બિંદુબહેન કચરા
પ્રકાશક : હર્ષ પ્રકાશન
અલકાબહેન પંકજભાઈ શાહ
૪૦૩, ઓમ્ દર્શન ફ્લેટ્સ, મહાવીર સોસાયટી, મહાલક્ષ્મી ચાર રસ્તા, પાલડી, અમદાવાદ-૩૮૦ ૦૦૭.

જીવનસાથીની અણધારી વિદાયના આઘાતમાંથી બીજાના પથ પર દીવો બનવાની ખેવનારૂપે કલમ સાકાર થાય ત્યારે સર્જાય છે **'જીવનસરગમ'**. બિન્દુબહેનના લેખો હેતુલક્ષી હોય છે. એમની લેખનશૈલી સરળ અને હૃદયસ્પર્શી છે. એમના લેખો થકી સમાજ-સુધારણાની પ્રક્રિયા નિરંતર ચાલ્યા કરે છે. બિન્દુબહેન પૂર્ણતઃ હકારાત્મક, બિનવિવાદાસ્પદ અને પ્રેરણાદાયક લેખો લખે છે. વર્તમાન યુગમાં જીવતા યુવાન-યુવતીઓને લેખમાં વ્યક્ત થયેલા વિચારો જીવવા માટેનું બળ આપે છે. યુવાપેઢીની નબળાઈઓને લેખિકાએ વીણી વીણીને શોધી કાઢી છે અને એ નબળાઈઓ પર કેવી રીતે નિયંત્રણ મેળવવું તેની રસપ્રદ ચર્ચા કરી છે.

યુવા મિત્રો આઠ-દસ હજાર રૂપિયા ખર્ચીને વ્યક્તિ વિકાસના કોર્સમાં જે કંઈ શીખે છે તે બધું બિન્દુ બહેને અહીં વાતવાતમાં રજૂ કરી દીધું છે.

બાળકોને વર્તન-વ્યવહારની આચાર સંહિતા સમજાવવા ઈચ્છતા માતા-પિતા માટે આ પુસ્તક અમૂલ્ય છે. આ પુસ્તકમાં જીવનના વાસ્તવિક અનુભવોના સૂરોનો લય છે. ✷ ✷ ✷

બી-૪૨, દયાનંદ સોસાયટી,
એ-૧૦૪, ગોકુલધામ, ગોરેગામ (ઈસ્ટ),
મુંબઈ-૪૦ ૦૬૩.
મોબાઈલ : ૯૨૨૩૧૯૦૭૫૩.

## શ્રી મુંબઈ જૈન યુવક સંઘને નવેમ્બર માસમાં પ્રાપ્ત થયેલ અનુદાન

### વિશ્વ વિઝડમ પબ્લિક ચેરિટેબલ ટ્રસ્ટ

| | |
|---|---|
| ૩૦૪૩૪૪૫ | આગળના અંકથી ચાલુ |
| ૩૦૦૦ | વીરા રાજેશ નેણસી |
| ૨૫૦૦ | જીવણલાલ ઓધવદાસ શેઠ (H.U.F.) |
| ૫૦૦૦ | રમણિકલાલ સંઘવી |
| ૧૦૦૦ | વિણાબેન પ્રીતમલાલ શેઠ |
| ૧૦૦૦ | ગીતા જૈન |
| **૩૦૫૫૯૪૫** | **કુલ રકમ** |

### જમનાદાસ હાથીભાઈ મહેતા અનાજ રાહત ફંડ

| | |
|---|---|
| ૧૫૦૦૦ | ગીતાબેન ભરતભાઈ મહેતા |
| **૧૫૦૦૦** | **કુલ રકમ** |

### 'પ્રબુદ્ધ જીવન' નિધિ ફંડ

| | |
|---|---|
| ૫૦૦૦ | અશોક શાહ |
| **૫૦૦૦** | **કુલ રકમ** |

### પ્રેમળ જ્યોતિ

| | |
|---|---|
| ૫૦૦૦ | અસ્તીતા અને કાન્તિલાલ કેશવલાલ શેઠ ટ્રસ્ટ |
| **૫૦૦૦** | **કુલ રકમ** |

## પંથે પંથે પાથેય

(અનુસંધાન પૃષ્ઠ છેલ્લાથી ચાલુ)

નાગરિક થાય, પણ કેમ કરીને ભણી શકે? પછી મેં એને કહ્યું, 'તું પણ જરૂરી સામાન લઈને ટ્રેનમાં ફર. એમાંથી થોડી આવક થશે.' એને મેં વી.ટી.થી થાણા સુધી ટ્રેનનો પાસ કઢાવી આપ્યો. રૂા. ૫૦૦નો સામાન અપાવ્યો. બહુ ખુશ હતો. બીજા અઠવાડિયાના રવિવારે એને ફરી મળ્યો. 'ભાઈ શું સમાચાર છે?' અઠવાડિયાના બે અનુભવો છે: (૧) રાત પડે ઘરે આવ્યો. સામાન વેચાઈને લગભગ રૂા. ૧૦૦ આવ્યા હશે. ભાઈએ લાફો મારીને પૈસા લઈ લીધા અને બહાર જતો રહ્યો. (૨) પ્લેટફોર્મ ઉપર રેલવે પોલીસે પૂછ્યું – 'કેમ ટ્રેનમાં/પ્લેટફોર્મ પર ધંધો કરે છે?' બાળકે સરળ ભાવે કહ્યું: 'સાહેબ, મારી પાસે પાસ છે.'

'બતાવો પાસ.' બાળકે પાસ આપ્યો.

'હમકો પાસ બતાતા હૈ?' પોલીસે પાસ ફાડીને પાટા ઉપર ફેંકી દીધો.'હમકો હપ્તા દેઓ. રોજ કા રૂા. ૪૦૦. તો જ ધંધા કર સકતા હૈ.'

એ બાળકની વાત સાંભળીને આજે પણ રડવું આવે. શું કરીએ? એના ભાઈને સમજાવ્યો. મેં કહ્યું, 'તું ડ્રાઈવિંગ શીખ. ટ્યુશનના રૂા. ૨૫૦૦ હું આપીશ. તું લાઈસન્સ લે. ક્યાંક નોકરી મળી જશે. ભાઈને મારતો નહિ.' એ ડ્રાઇવિંગ શીખ્યો. કોઈ જગ્યાએ એને ક્લિનરની નોકરી મળી ગઈ. સુભાષનું ગાડું ગબડતું હતું. વચ્ચે કોઈ વખત મા પાછી મુંબઈ આવતી. બે-ત્રણ મહિના છોકરાઓ સાથે રહી પાછી જતી રહેતી. એમ કરતાં સુભાષ પણ ૧૮ વર્ષનો થઈ ગયો. એણે પણ ડ્રાઇવિંગ શીખી લીધું. ક્યારેક મને મળતો. વચ્ચે લાંબો સમય ન પણ મળે. આજે એ એક સુંદર યુવાન છે. વધારે વિગત મને ખબર નથી, પણ હરહંમેશ એના કલ્યાણની ભાવના હૃદયમાં છે.

x x x

એક કુટુંબ. એમાંની એક સ્ત્રીનું શાંતા નામ. પાતળી, કાળી સ્ત્રી. ઘરકામ કરે. એક દિવસ કહે, 'મને શેઠે કાઢી મૂકી છે. કામ નથી, કામ આપો.' મેં મારી પત્ની-મીનાને પૂછ્યું. શાંતાને ઘરકામમાં રાખી લીધી. એને રેગ્યુલર પગાર મળતો. સાજેમાંદે સમયે જરૂરી વધારાની રકમ મળી જતી. વડાલા હાર્બર લાઈનની પેલી બાજુએ, ચાર નંબરના ગેટમાંથી જાવ તો મોટી ઝૂંપડપટ્ટી આવે. એક જુદી જ દુનિયા. ડોન બોસ્કોના રસ્તા પરથી ઝૂંપડાઓ તૂટ્યા પછી મારા ઘણાં ઓળખીતાં કુટુંબો ત્યાં રહેતા. તેમને મળવા હું પણ ત્યાં જતો. એક ઝૂંપડામાં શાંતા રહે, એનો પતિ શંકર ક્યારેક સિક્યોરિટી ગાર્ડની નોકરી કરે. ક્યારેક કાંઈ નહિ. શાંતા પગાર લઈ આવે. મારકૂટ કરી પૈસા લઈ લે અને દારૂ-જુગારમાં ઉડાવી નાખે. પત્ની અને છોકરાને ખાવા પણ ન મળે. શંકરને કાંઈ જ ચિંતા નહિ. શાંતાનું શરીર સુકાતું જાય. ચિત્તભ્રમ જેવી અવસ્થામાં ફરે.

એક વખત દારૂના નશામાં શંકરે ઘર વેચી નાખ્યું. રેશનકાર્ડ ગીરવે મૂકી એની ઉપર રકમ લીધી. લગભગ દશ હજાર રૂપિયા મળ્યા હશે. એ રકમમાં એણે મિત્રોને મોટી પાર્ટી આપી. બધા

> ***તમારી નોકરી છોડીને હું જતી રહીશ; પણ શંકરને નહિ છોડું. મારો ધણી છે.'***

મિત્રો ચોવીસ કલાક દારૂખાનામાં પડ્યા રહ્યા. મોજ કરી અને પૂરી રકમ ઉડાવી નાખી. શાંતા ઘરકામ પતાવીને ઘરે ગઈ ત્યારે સમાચાર મળ્યા કે એ હવે ઘર વગરની છે. બે-ચાર કલાક પડી રહી. રડતી રહી. રાતના અગિયાર વાગે ઊઠીને ચાલવા માંડી. 'હું પાટા ઉપર પડીને આત્મહત્યા કરીશ. હવે જીવવું નથી.' બાળકો કકળાટ કરવા માંડ્યા. એને પકડીને રોકે અને રડે. શંકર આનંદથી દારૂમાં મસ્ત હતો. પાડોશીઓ શાંતાને પકડી પાછી લાવ્યા. થોડા દિવસ કામકાજ કર્યા વિના પડી રહી. શંકરને ભાન આવ્યું ત્યારે ઘરબાર (જે કાંઈ હતું) છોડીને ભાગી ગયો.

મેં પ્રતિજ્ઞા કરી. હું બને એટલી વધારે રકમ આ સેવામાં વાપરીશ. ફાઈવ સ્ટાર હૉટલોમાં, પાર્ટીઓમાં નહિ જાઉં. કોન્ફરન્સ વગેરે માટે જવું પડે; તો એમાં મારા જમવાનો જે ખર્ચ આવે તેટલો ખર્ચ હું દાનમાં વાપરીશ. મારે સતત યાદ રાખવું કે ભારતમાં રહીને જયાફત ઉડાવવાનો હક્ક આપણને નથી.

શાંતાને ધારાવી પુલ પાસે એક બીજી ઝૂંપડી અપાવી. એક વર્ષનું ભાડું રૂા. ૧૦,૦૦૦. આખું ભાડું એડવાન્સમાં આપી દેવાનું. ઝૂંપડાની માલિક એક બુઢ્ઢી બાઈ હતી. એ દારૂનો ધંધો કરતી અને સાથે એક-બે ઝૂંપડાંની ભાડાની આવક. ભલી બાઈ હતી. શાંતાને કોઈ રીતે ત્રાસ આપતી નહોતી. પછી તો શાંતા અને સંતોષ બંને ઘરકામ માટે આવવા માંડ્યા. એમનો પગાર વધ્યો. શાંતા શંકરની ચિંતા કરતી. 'ક્યાં હશે? શું કરતો હશે?' અમે કહીએ કે 'એને ભૂલી જા.' શંકરને મારા ઉપર ક્રોધ. મેં કેમ એની પત્નીને મદદ કરી? ઝૂંપડપટ્ટીમાં ક્યારેક આવતો. બીજા લોકોને કહે 'યે શેઠ કો મૈં દેખ લૂંગા!'

એક વખત પાછો આવીને શાંતાની ઝૂંપડીમાં બેસી ગયો. અમે કહ્યું, 'આવા વરને શા માટે રાખે છે? કાઢી મૂક એને!'

એ કહે, 'નહિ સાહેબ, તમારી નોકરી છોડીને હું જતી રહીશ; પણ શંકરને નહિ છોડું. મારો ધણી છે.' એક એક કુટુંબ કોઈ સંદેશ આપી જાય છે. કોઈ વાત કહી જાય છે. જેને જે સંદેશ મળે તે સાંભળવો. **(વધુ આવતા અંકે)**

રશ્મિન સંઘવી, મો. નં. ૯૮૨૦૧૯૪૪૯૧.

THE SEEKER'S DIARY

# DOUBLE TROUBLE

"The quality or condition of being dual!"
Peace and war, love and hate, up and down, and black and white are **dualities**. Another term for a **duality** is dichotomy.
Today, my thoughts are on this term **"duality"**
Lately I have been immersed in this thought process of ' Why are we so dual? Why within and around us such dualities exists?
Let me expound.
All around me and so often within me I come across these totally dual and opposite experiences.
A close friend of my father speaks words of such deep *gyan* for hours, he propounds to all about love and large heartedness in families and of letting go of children to live on their own to others even as he is unable to give up control to his own son and his wife.
A very prolific writer on Jainism and editor of a much loved magazine on Jainism confessed that he had been an athiest for the longest time even while he wrote such proficiently on Jainism.
My friend's husband spoke strongly for years and years of his supposedly idyllic marriage on fidelity and really criticised *'today's* society for being so *' loose'*( his word) and used to lecture on ideal and successful marriages. Recently it came out that he was in a long term extra marital affair himself.
To break it further, have we not really disliked someone sometimes even as we have loved them.?
Have we not lied sometimes to the very people we have always expected the truth from?
Have we not had double standards for our siblings and friends as compared to our spouses and children?
Have we not been hypocritical about so many things?
Have we not smiled at someone and met them warmly and then turned around and said ' Gosh he or she is such a @#$&*% (whatever the negative word may be).
Have we not advised a hundred times over to others about fate "*Aa to badhu lakheluj che*" or " *Jain dharam ma rahi ne how can you do so much raag dvesh"* and at the same time for hours plotting revenge or spending hours in *artha dhyan* or saying bad things about the person who you have felt bad about, or spend so much time in self pity wallowing "How could he/ she have done this to me?"
Have you not given millions in charity and at the same time don't think enough while giving the days leftovers to your own domestic help in your house?
Have you not been talking about being liberal and open minded even as you hide for years or are embarrassed about your child suffering from depression or is autistic?
Have you not had this opinion about yourself being very magnanimous and secretly kept every '*hisaab*' that you have spent on your closed ones, kept a log book and also held resentments if you thought you had given more or received less?
Haven't your thoughts and actions been completely in conflict sometimes?
Has your '*Aadarsh*'( ideal ) been Moksh and *Samyak Darshan* and liberation and your instinct yearned for sensual pleasures, for *Maas, madira, par stri gaman, moti chori...?*
Have you considered yourself completely fair and made a self image of *Purushotttam Ram* and yet hidden your accounts, evaded taxes, paid your employees less, made one person do job of five and thought that this was completely how to get work done?
Or even simple things like have you hated your companion or friend or spouse being distracted on the mobile but when it comes to you felt that you had a genuine important reason to be so busy and distracted?
The list is endless and we will continue saying yes when we actually mean 'No', we will pretend to be happy when inside us we could be dying or we could be really happy and feign false sadness, be actually rich but show poor, or be less and show more.We will sometimes be real and sometimes superficial, sometimes truly go out of the way for someone, at other time be completely thoughtless and callous.
As Neela Ma( Neela Shashikant Mehta) used to always say and now Pujyashri Gurudev constantly shows us our own mirror that we have intense love (raag), then intense dislike (dvesh) for the same person, object, situation, and this pendulum, this shift of our moods is all so fleeting.
We all are full of dualities and full of contradictions, hypocrisies and double standards and I guess that is what it is to be human and little by little through awareness and just through sheer love of the divine, through actually realising how momentary everything actually is we are all treading along this path of life in the hope that someday this worldly duality will end and **advait** or ***'samyak gnyaan'*** will dawn.
Chalo isi baat par gehri soch karte hain is mahine - Why not find that one space in us that does not change and end the year with gentle thoughts, awareness and lots of love and gratitude in our hearts to be able to feel and think, fall and rise and have the ability and opportunity to become a little better every moment of our lives ...... Happy 2016

Reshma Jain
The Narrators
Email : reshma.jain7@gmail.com

THEORY OF KNOWLEDGE

# ENLIGHTEN YOURSELF BY SELF STUDY OF JAINOLOGY

## LESSON – NINE

❑ DR. KAMINI GOGRI

In the following article we will study about the ninth topic : **Theory of Knowledge.**

Just like the concept of reality, Jainism has its own theory regarding the existence and nature of soul. What is important to note is the fact that Jainism accepts the existence of soul. It is Atmavadi Darsana; and the soul, according to Jainism, has an inherent capacity to know all things, if the soul were in its perfection. Higher the degree of purity higher the capacity to know. The main cause of obscured capacity being Karmic obstructions, on the total destruction of all possible karmic veils, pure perception - 'ananta Jnana' (infinite knowledge) occurs. "In our empirical lives, the purity of the soul is defiled by the absorption of the unconscious substance, matter. When the opposing energies are completely overthrown, the soul vibrates at its natural rhythm and exercises its function of unlimited knowing. Souls are substances characterized by intelligence, and their differences are due to the degree of their connections with matter." (1) The varieties of perception is nothing but the variation in degree of the karmic obstructions, or purity of Self. Thus like Jain ethics and religion, Jain epistemology is based upon the Jain doctrine of Karma.

Knowledge (Jnana) according to Jainas,"is the soul's intrinsic, inherent, inseparable and inalienable attribute, without which no soul can exist. Knowledge plays an important part in the conception of soul and its emancipation. Jain epistemology or Jain theory of knowledge thus becomes vital in Jain philosophy. As such Jain epistemology would include the theory of knowledge along with various topics such as psychology; feelings emotions and passions, theory of causation, logic, philosophy of non absolutism and the conditional mode of predication. But I, here in this paper, propose to deal in brief with the types of knowledge in Jain epistemology only.

**Theory of Knowledge:**

According to Jainism, the soul, as it is, exists and is consciousness (knowledge). The soul has power of understanding. Consciousness and power of understanding are the most prominent inherent qualities of the soul.

Consciousness (Cetana), according to Jainas, is the power of the knowledge, the soul has. It stands for the passive experience of the phenomena, the experience of psychical state leading to pure knowledge. "As conscious, the souls experience in the three following ways. Some experience merely the fruits of karma; some, their own activity; some again, knowledge". The Jaina thinkers and scholars were able to discover that Cetana or consciousness culminates in pure and perfect knowledge and knowledge itself has grades and modes. Kunda-Kundacarya observes that "Upyoga or understanding is of two modes, Cognition and Sensation." Nemicandra says, "understanding is divided into two species Viz: Darsana or sensation and Jnana or Cognition." Uma Svati says "Understanding is the distinguishing characteristic of the soul. It is of two sets (viz; Jnana or Cognition and Darsana or Sensation). The first is of eight kinds and the second, of four."

The further description and classification of Upyoga or Understanding, as it appears in Jaina scriptures, conclusively proves that the early Jain thinkers clearly grasped the basic which is essentially consciousness, Cetana or consciousness operates through upyoga or understanding.

The two modes of upyoga are Darsana and Jnana. "That perception of the generalities (samanya) of things without particularities (visesa) in which there is no grasping of details is called darsana.

Darsana or sensation is of four kinds -

Visual(Cakshusa)

Non-visual(acakshusa)

Clairvoyant(avadhi)

Pure (Kevala)

Darshana is said to consist in the sensation of the generality of objects in which the forms and particulars specification are not recognized. The first two kinds of the four are sensuous and both consists in the consciousness that the eyes and other sense organs are affected.

The last two kinds of sensation viz: Clairvoyant and Pure are of the super-normal type. Out of these two the Clairvoyant or Avadhi darsana is the sensation of the mysterious parts or aspects of material things. The Pure or Keval Darsana consists in sensing all things of the universe.

The process of understanding becomes more complicated and subtle when it is cognition or Jnana.

The Jaina scholars divide cognition or Knowledge into two divisions viz: -

Valid Knowledge.

Fallacious knowledge.

The valid knowledge is of five types viz: -

Senseous (mati or abhinibodhika),

Authoritative (Sruta),

Clairvoyant (Avadhi),

Telepathic (manah-paryaya),

Pure (kevala).

The fallacious knowledge is of three types viz:-

Kumati,

Kusruta,

Vibhang.

The three fallacious knowledges are the fallacious forms of Mati, Sruta and Avadhi Jnana respectively.

Thus, according to Jaina theory of knowledge, cognition is of eight kinds, out of which five kinds are of the valid knowledge and three, of the fallacious knowledge. Since the destruction of karmic veils and the higher degree of purity of the soul is possible through the valid knowledge. The importance lies not in the fallacious species of knowledge but in the valid knowledge. Let us see each of these five species or types of valid knowledge, in brief.

**Types of Knowledge:**

Cognition or knowledge is of five types :- Mati, Sruta, Avadhi, Manah paryaya and Keval,

Mati Jnana or Sensuous knowledge; is ordinary cognition, obtained by normal functioning of sense perception. It is based on sensuous perception. According to the ancient texts, "mati jnana is described as synonymous with intelligence and it includes remembrance, recognition and inductive as well as deductive reasoning." "Mati jnana is sometimes further distinguished into three kinds viz. upalabdhi or perception, bhavana or memory, and upyoga or understanding".

Sruta - Jnana or Authoritative knowledge is knowledge derived through symbols, signs or words. All verbal knowledge is Sruta jnana. It includes all canonical, scriptual or both knowledge. "Sruta jnana is of four kinds, namely, labdhi or association, bhavana or attention, upayoga or understanding, and naya or aspects of the meaning of things". Sruta jnana is invariably preceded by mati jnana. As we saw, mati jnana cognizes only what is present, the Sruta jnana comprehends, all the three time dimensions (past, present and future) relating to the object. "While mati jnana gives us knowledge by acquaintance, this (sruta) gives us knowledge by description.

Avadhi Jnana or Clairvoyant is a sort of clairvoyant knowledge or direct visual intuition which enables a person to know things or objects even at a distance of time or space, without their coming into contact with sense organs. Manah paryaya or Telephathic knowledge is a direct knowledge of the thoughts of the minds of others. It is without the help of any medium or agency. Just like Avadhi jnana, Manah paryaya jnana is an extra sensory perception. Manah paryaya can not be attained by ordinary persons. Only a soul in its higher progression stage or at its higher 'gunasthana' may acquire this type of knowledge.

Keval jnan or perfect knowledge "comprehends all substances and their modifications." It is the pure, absolute, complete, whole and total knowledge unlimited by space, time or object. It is the very omniscience. Omniscience according to Jainism is possible. It is the highest type of perception which falls in the category of extra-sensory perception. It is the perception of the cognising faculty of self.

Keval jnana is possible only when all the jnana obscuring karmas have been totally annihilated. It is independent of senses, can be only felt and cannot be described. This supreme and unlimited knwoeldge is possessed only by purified souls free from bondage like Arihants and Siddhas.

1. Of the five types of knowledge the first two i.e. Mati & Sruta are knowledge through senses, symbols and signs, and therefore, according to Jainas, are indirect or mediate or paroksa knowledge. According to Nyaya darsana, perception or senseous knowledge is direct. But to Jains, this knowledge of the soul does not get directly but through senses or words, and therefore they are indirect or mediate or paroksa. The other three i.e. Avadhi, Manah-paryaya and Keval are the direct or immediate or Pratyaksa knowledge.

2. "Again the first three types of knowledge i.e. Mati, Sruta and Avadhi are liable to error, while the last two can not be wrong."(15). In fact the last two can be acquired by purified souls and therefore, there is no scope of error. Erroneous knowledge is charactertised by doubt (samasya), mistake (Viprayaya) or the opposite of truth which is caused by carelessness or indifference. We, thus have five right and the three wrong ones totalling to eight kinds of knowledge.

3. In Jaina theory of knowledge we find that the Jainas have asserted the existence of an objective reality beyond and beside consciousness, apprehended by perception and understood by intelligence." The analysis of types of knowledge reveals the fact that in Jain theory of knowledge the attributes and relations of things are directly given in experience and are not the product of thought or imagination.

4. According to Jain theory of knowledge, the relations between Prama (knowledge) and Prameya (object of knowledge), in case of a physical object is

an external one. But it is different in case of self consciousness. The object of knowledge (jneya) includes both self and not self. "As light reveals itself and others."(17). Thus we find that the Jainas reject the Nyaya Vaisesika theory that knowledge reveals only external relations but not itself.

5. Keval jnana or "omniscience is not only the culmination of our cognitive faculties, it is also the final consummation of our moral, religious and spiritual life." In Jainism we find an intimate relation between the state of salvation and omniscience. The perfect being is also the possessor of perfect knowledge. The state of kevali is reached through the progressive development of the self which leads to the annihilation of various obstructions of knowledge. Like almost all the systems of Indian philosophy, "Jainism also tries to link the concept of omniscience with the highest of religious and spiritual life." The concept of omniscience, does involve difficulties. But then Jainism believes in and accepts the fact that omniscience is possible. The Jaina thinkers have discussed and proved the existence of omniscience through number of arguments. The chief one follows "from the necessity of the final consummation of the progressive development of cognition."

"Omniscience in Jainism is not only the perfection of the cognitive faculty of the self but also its ultimate end. It is the spiritual state of eternal bliss and also the culmination of religious aspiration. This state can be compared with the Jivan-mukti of Sankhya and Vedanta, with the Turiyavastha of, Brahmananda."(21).

6. No soul of living being can be totally devoid of or bereft or mati jnana and sruta jnana. Knowledge according to Jain theory is always appropriated by the self. Often a question has been put before the Jaina scholars: How consciousness can reveal the nature of unconscious object. This question has been dismissed as an absurd one because according to Jaina theory of knowledge it is the very nature of knowledge to reveal objects.

7. In case of self consciousness the subject of knowledge (Jnanin), the object of knowledge (Jneya) and knowledge itself are different aspects of a single concrete unity. "In perfect condition, according to Jain theory of knowledge, the soul is pure Jnana and Darsana."

**Conclusion:**

The Jain epistemology or theory of knowledge, we find it to be quite consistent with its metaphysics, ethics and philosophy of soul. The modes of understanding and the types of knowledge discussed in Jainism fosters a rational outlook and an appropriate attitude in understanding the scope and limitations of soul's capacity to know. The classification and descriptions of knowledge, given by the Jaina scholars, is convincing, minute and highly scientific. It is throughout consistent to the doctrine of karma. Of course, types of knowledge, as discussed in this paper, does not cover the entire realm of Jain epistemology but it certainly paves the preliminary essential background about Jnan, Jnanin and Jneya without which the further complicated topics such as theory of causation, Jaina logic, the philosophy of non-absolutism and the conditional mode of predication cannot be understood.

**[To be continued]**

76-C, Mangal Flat No. 15, 3rd Floor,Rafi Ahmed Kidwai Road, Matunga, Mumbai-400019. Mobile : 96193 / 79589 / 98191 79589
Email : kaminigogri@gmail.com

## Story of the Seventh Chakravarti Aranath

The city of Hastinapur is honoured to have 5th, 6th and 7th Chakravarti who were also our Tirthankaras – Shantinath, Kunthunath and Aranath respectively.

The seventh Chakravarti was our eighteenth Tirthankara Aranath who achieved Tirthankar-nam-karma in his previous birth by auspicious karmas i.e. 16 good virtues like donation, friendliness to all Jivas, non-violence, etc. He renounced the world after listening to the sermons of recluses about the immortal soul. After death he became a deity in nineth Graiveyak – Viman.

At HastinapurKing Sudarshan and Queen Mayadevi were very generous towards all living beings. The Jiva of Aranath was born in this kind of familyon Magasar Sudi 10thday. Queen Mayadevi saw 14 auspicious dreams and a Chakra before his birthso the young boy was called Aranath. The people became very happy to see young Rajkumar. Aranath became king of Hastinapur when his father became old.


Once his Sevika informedhim that she saw a Chakraratna in his armory. After paying homage to the chakra and with its blessing courageousking Aranath conquered all the states in Bharat-ksetra with the help of Chakra. After becoming Chakravarti, he served the poor and needy people. Once he thought of leaving all the comforts to achieve ultimate knowledge Kevalajnan like other Tirthankaras.He renounced the world and performed severe austerity to achieve that knowledge. After getting Kevaljnan, he delivered sermons for the welfare of mankind. His Nirvan took place at Sametshikhara.

# Seventh Chakravarti Aranath


- By Dr. Renuka Porwal, Mob.: 098218 77327



Tirthankara Aranathachieved Tirthankar-nam-karma in his previous birth by good deeds.



He renounced the world when he listened to the sermons of recluses about the immortal soul. After death he became deity in nineth Graiveyak – Viman.



His Jiva born at Hastinapur as Aranath. King Sudarshan and Queen Mayadevi were very generous towards all living beings. Queen Mayadevi saw 14 auspicious dreams and a Chakra before his birth so the young boy called Aranath.



Later on the courageous Aranath became a king. Once the Sevika informed him that she saw a Chakra-ratna in the armory. After paying homage to the chakra and with its blessing he conquered all the states and became a Chakravarti.




He renounced the world and performed severe austerity to achieve Kevaljnan for getting infinite bliss. He delivered the sermons for the welfare of mankind. His Nirvan took place at Sametshikhara.

Licence to post Without Pre-Payment No. MR/Tech/WPP-36/SOUTH/2013-15, at Mumbai-400 001.
Regd. With Registrar of Newspapers for India No. MAHBIL/2013/50453 Published on 16th of every month & Posted at Patrika Channel sorting office Mumbai-400 001 On 16th of every month • Regd. No. MH/MR/SOUTH-379/2013-15



# ધર્મનો પ્રયોગ

□ રશ્મિન ચંદુલાલ સંઘવી

*[ લેખક વ્યવસાયે ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ છે. પરંતુ હૃદયના હિસાબનું ઑડિટ કરતાં કરતાં અંતરમાં કરુણાનું ઝરણું પ્રગટ્યું અને આત્મામાં એક ધર્મ ઊગ્યો. એ ધર્મ તે ઝુંપડપટ્ટીના ઈસમો પાસે પહોંચી એમને ઉપયોગી થવાનો.*

*આ ધર્મ બજાવતા બજાવતા એમને અનેક નિરાધાર, લાચાર કુટુંબોનો પરિચય થયો. એ પ્રસંગોને એમણે પોતાના 'ધર્મના પ્રયોગો' પુસ્તકમાં ગઠિત કર્યા છે. એમના કેટલાંક પ્રસંગો અહીં પ્રસ્તુત છે.*

*જે દેશમાં ઝુંપડપટ્ટી ન હોય એ દેશ સમૃદ્ધ કહેવાય. ધર્મ જેને સમજવો છે, ધર્મ સાચવવો છે એને કોઈ રંગના કપડાં પહેરવાની શી જરૂર? સમાજ સેવક બનવા માટે લેંઘો-ઝભ્ભો અને ખભે બગલથેલાના લિબાસની પણ શી જરૂર?*

*પળે પળે 'અંતર મમ વિકસિત કરો' એ નાદ લાગે તો બધાના આત્મામાં પોતાનો આત્મા દેખાય જ, પછી મોક્ષ તો અહીં જ છે.*

–ધ.]

(૧)

વડાલાની સુભાષનગર ઝૂંપટપટ્ટી. મેં ૧૦૦ કુટુંબોને ઑફર કરેલી કે તમારું સ્વતંત્ર કામકાજ કરો, હું મારાથી બનતી મદદ કરીશ. મુખ્ય વાત કામકાજ કરવાની; પણ એમની તકલીફો જોઈને પછી દવાની મદદ પણ કરવાની શરૂ કરી. એમના બાળકો ભણે તો સારું એ વિચારે મેં ઑફર કરી કે જેટલાં બાળકો નિશાળે જશે એમને દર વર્ષે બે જોડી યુનિફોર્મ, સ્લીપર અને જરૂરી નોટબુકો/પુસ્તકો હું અપાવીશ. આમ એક સાથે ત્રણચાર પ્રવૃત્તિઓ શરૂ થઈ.

બાબુ મુસલમાન હતો, એની પત્ની હિંદુ હતી. ઘરમાં ગણપતિની છબિ હતી. બાબુ ગણપતિના મંદિરે અને મસ્જિદમાં પણ જતો. એની પત્ની (નામ ભૂલી ગયો છું) અને બીજી કેટલીક મહિલાઓ દાદર ભૂલેશ્વરની બજારમાં જઈ સામગ્રી લઈ આવી. ચાંદલા, બંગડી, કાંસકીઓ વગેરે. આ સામાન લઈને ટ્રેનમાં ફરે. લેડીઝ ડબ્બામાં સામાન વેચે અને સાંજ પડે રૂા. ૩૦-૪૦ની આવક થાય. જેમાંથી ઘર ચાલે અને ભીખ માગવી ન પડે. બાબુ રસ્તા પરથી કચરો વીણી આવે. સાઈકલના ટાયર વગેરે બાળી રબર કાઢી નાખે અને તાર ભેગા કરે. એ તારમાંથી બાસ્કેટ બનાવીને વેચે. રબરનો ધુમાડો ફેફસામાં જાય. એને થોડાં વર્ષો પછી ભયંકર બીમારી થઈ. બહુ રિબાઈને મર્યો. આપણે ફૂટપાથ પરથી એક બાસ્કેટ ખરીદીએ ત્યારે એની કિંમત જાણીએ છીએ?! આપણે તો ભાવમાં રકઝક કરીએ. બને એટલો ભાવ ઘટાડીને ખરીદીએ. એક બાસ્કેટમાં ૨૦૦ ગ્રામ તાર જાય. એની કિંમત થઈ થઈને કેટલી થાય?!

**એક એક કુટુંબ કોઈ સંદેશ આપી જાય છે. કોઈ વાત કહી જાય છે. જેને જે સંદેશ મળે તે સાંભળવો.**

એની પત્નીનો ચાંદલા વગેરેનો સામાન રૂા. ૫૦૦નો આવ્યો. એક વખતનો સામાન વેચાઈ જાય અને જે વકરો થાય એમાંથી બીજો સામાન લઈ આવવાનો. નફો ઘરખર્ચમાં વપરાવો જોઈએ. વકરો નહિ, પણ આ બધા હિસાબ-કિતાબ કોને આવડે? ઘરમાં માંદગી આવે, મોટા ખર્ચ આવે તો બધો વકરો વપરાઈ જાય. દર મહિને રૂા. ૫૦૦ માગે અને વીસ કુટુંબો આ રીતે માગે તો એ તો પરવડે નહિ. મેં શરત કરેલી કે હું એક વખત તમને મૂડી આપું. ત્યાં સુધી તમારે રકમ ચલાવવાની. એ લોકો તો હું જે શરત મૂકું, બધી માન્ય રાખે, પણ શરત પળાય નહિ. એમાં એમનો કોઈ વાંક ન હતો. કોઈ લુચ્ચાઈ નહિ. જરૂરિયાતો એટલી અને આવક એટલી

To,

# પંથે પંથે પાથેય

ઓછી કે છુટકો જ નહિ. એમ સમજો, લાકડાની તલવારે હું યુદ્ધ લડતો હતો. સામે સમસ્યા મોટી હતી અને મારી આવક આ સમસ્યા માટે ઓછી હતી.

શરૂઆતમાં બાબુએ કહ્યું, એ રાતના કોફી વેચશે. એને એક સાઈકલ અપાવી. સ્ટેનલેસ સ્ટીલની કોફી ભરવાની થરમોસ જેવી પણ મોટી પવાલી અપાવી. ઘરેથી ગરમ કોફી ભરીને નીકળે. સાઈકલ ઉપર ફરે અને કોફી વેચે. એમાંથી આવક થાય. બંનેની આવકમાં જેમ તેમ ઘર ચાલે. 'કેમ રાતે વેચે છે, દિવસે નહિ?'

'સાહેબ, દિવસે પોલીસ હપ્તા વધારે માગે છે અને મુંબઈમાં આખી રાત માણસો-ઘરાકી હોય જ છે. ઓછો ધંધો ચાલે, પણ શાંતિથી ચાલે છે.' એને પાછી તકલીફ આવી તો સાઈકલ અને પવાલી બંને વેચાઈ ગયા!!

x x x

એક ૮-૧૦ વર્ષનો છોકરો, ઝૂંપડીમાં એકલો. આજુબાજુવાળાએ વિગત આપી. 'આનો બાપ થોડા વખત પહેલાં મરી ગયો છે. આ છોકરો (આપણે એને સુભાષ કહીશું) અને એનો ૧૮ વર્ષની ઉંમરનો ભાઈ બે જણા અહીં છે. મા બંને ભાઈઓને અહીં મૂકી મદ્રાસ જતી રહી છે! સુભાષ એટલો સુંદર છોકરો, ગોરો, નિર્દોષ આંખો, બાળક સહજ સરળતા. દત્તક લઈ લેવાનું મન થઈ જાય, પણ આવાં તો અનેક બાળકો. હું કેટલાંને દત્તક લઈ શકું? મને ખૂબ ઈચ્છા કે સુભાષ ભણે. એક સારો

(વધુ માટે જુઓ અનુસંધાન પાનું ૩૮)

Postal Authority Please Note: If Undelivered Return To Sender At 33, Mohamadi Minar, 14th Khetwadi, Mumbai-400004.

Printed & Published by Pushpaben Chandrakant Parikh on behalf of Shri Mumbai Jain Yuvak Sangh and Printed at Fakhri Printing Works, 312/A, Byculla Service Industrial Estate, Dadaji Konddev Cross Rd, Byculla, Mumbai-400 027. And Published at 385, SVP Rd., Mumbai-400004. Temporary Add. : 33, Mohamadi Minar, 14th Khetwadi. Mumbai-400004. Tel.: 23820296. Editor: Dhanwant T. Shah.